# અમર હુતાત્મા
# પંડિત લેખરામજી



લેખક

**ભાવેશ મેરજા**

પ્રકાશક :

આર્યસમાજ સૈજપુર બોઘા, મહર્ષિ દયાનંદ માર્ગ, અમદાવાદથી પ્રકાશિત થતી 'સ્વસ્તિપંથા' ગુજરાતી માસિક
પત્રિકાન માર્ચ1997નો અંક - પત્રિકા સંપાદક : ડૉ. કમલેશકુમાર શાસ્ત્રી

# સમ્પાદકીય

પરોપકાર કે સામાજિક સેવાના કામમાં ઉતરનાર વ્યક્તિ માટે અત્યન્ત અનિવાર્ય ગુણ બલિદાન નો છે. જો આવા કામમાં ઉતરેલી વ્યક્તિ બલિદાનની ભાવના ન ધરાવતી હોય, તો તે કદી સફળ થઈ શકે નહીં. આર્યસમાજ સંસ્થાએ પોતાનું જે લક્ષ્ય નિર્ધારિત કર્યું તેમાં માનવમાત્રની સેવા મુખ્ય છે. આથી માનવમાત્રની સેવા માટે સમાજના કાર્યકર્તાઓ બલિદાન આપવાનું ચૂક્યા નથી.

બલિદાનો પણ એક રીતના છે. કોઈએ પરિવારનું બલિદાન આપ્યું, કોઈએ ઘરનું પણ, એવા પણ કેટલાક વીરો નીકળ્યા કે જેમણે પોતાના જીવનું બલિદાન આપ્યું. જીવનનું બલિદાન આપતાં, જીવતા રહી શક્યા, તો માન સમાન પણ મળે; પણ જીવ જ ન હોય તો ! એટલે જીવનું બલિદાન આપી દેવું તે સૌથી મોટામાં મોટું બલિદાન છે. આવા અનેક બલિદાન કરનારાઓમાં પં.લેખરામજીનું સ્થાન મોખરાનું છે. આ વર્ષે એ વીર હુતાત્માની બલિદાન શતાબ્દી છે. એની ઉજવણી થવી જોઈએ; અને એ એમના જ બતાવેલા માર્ગ પ્રમાણે એમનો માર્ગ જાણી શકાય એટલે 'સ્વસ્તિપંથા' એ એમના જીવન વિશેની કેટલીક વાતો આ વિશેષાંકમાં પ્રસ્તુત કરી છે. પં.લેખરામજીના સ્વર્ણાક્ષરે લખવા યોગ્ય શબ્દો નો આકાર કંઈક આવો છે. **'સાહિત્ય લેખન અને પ્રવચન થકી પ્રચારનું કામ બંધ થવું જોઈએ નહીં,** આર્ય સમાજ માં સત્સાહિત્યની વૃદ્ધિનો આંક ખૂબ જ ઢીલો છે. એ વધે, તોજ આ શતાબ્દી વર્ષની ઉજવણી સાચી ઠરે.

પં.લેખરામજીના આ સમગ્ર જીવન ઝરમરને શ્રી ભાવેશ મેરજા (પ્રમુખ, આર્યસમાજ, ભરૂચ) એ સંગ્રહીત કરી આપ્યું છે. તે માટે અમે તેમનો આભાર માનીએ છીએ.

આ અંક નિયમિત અંક કરતાં મોટો છે. એથી અમારે આગામી અંકનો સમાવેશ પણ આમાં જ કરી લેવો પડ્યો છે. આમ કરવાથી સ્વાભાવિક જ છે કે સ્વસ્તિપંથનો આવતા માસનો અંક પ્રકાશિત થશે નહીં; તેની વાચકોએ નોંધ લઈ અમને ક્ષમા કરવા વિનંતી.

**-કમલેશકુમાર છ. શાસ્ત્રી**

## ।। ઓમ્ ।।

પ્રથમ બલિદાન શતાબ્દીએ.....

## વંદના

આજથી પૂરા એકસો વર્ષ પૂર્વેની વાત છે. સન ૧૮૯૭ના માર્ચ મહિનાની છઠ્ઠી તારીખ હતી. ૩૯ વર્ષનો એક મહાન બ્રાહ્મણ ઉપદેશક પંડિત લાહોરના બચ્છોવાલી વિસ્તારમાં આવેલ પોતાનાં ઘરમાં બેઠો આર્યસંસ્કૃતિના પુનરુધ્ધારક મહર્ષિ દયાનંદનું જીવનચરિત લખી રહ્યો હતો. લગભગ દસ વર્ષ સુધી દેશમાં દૂર દૂર ભ્રમણ કરી તેણે આર્યસમાજના પ્રવર્તકના જીવનની અઢળક માહિતી ઐતિહાસિક સ્રોતોને આધારે એકઠી કરી હતી; એને હવે એ જીવનચરિતનાં રૂપમાં આખરી ઓપ આપી રહ્યો હતો. માતા અને પત્ની ઘરકામમાં પરોવાયેલ હતાં. બાજુની ખુરશી પર એક પચ્ચીસેક વર્ષનો નીચા કદનો શ્યામ વાનનો મુસલમાન જુવાન ધાબળો ઓઢીને બેઠો હતો. 'હું મૂળ તો હિંદુ જ હતો, બે વર્ષ અગાઉ જ મુસલમાન થઈ ગયો છું. હવે હું ફરીથી હિંદુ બનવા માંગું છું, માટે મને શુદ્ધ કરી લો' એવું બહાનું બતાવી પોતાને બંગાળી કહેતો આ અજાણ્યો અતિથિ છેલ્લાં કેટલાક દિવસોથી આ બ્રાહ્મણ ઘરનું આતિથ્ય ભોગવી રહ્યો હતો. દિવસે અહીં રહે અને રાત પડ્યે બીજે ક્યાંક જતો રહે. યજમાન એવું માને કે ધર્મની રાહે ભૂલો પડી ગયેલો આ ભાઈ હવે ઠીક માર્ગે ડગલાં ભરવા ઇચ્છે છે.

સાંજના સાતેક વાગ્યે લખતાં લખતાં પંડિતજી ઊભા થયા અને થાક દૂર કરવા બંને હાથ ઉપર કરી આંખો બંધ કરી આળસ મરડી. એટલામાં તો પેલા અતિથિએ આતતાયીનું અસલી રૂપ ધારણ કરી પંડિતજીના પેટમાં તીક્ષ્ણ છરી ઘૂસાડી દીધી અને એવી તો ઘુમાવી કે આંતરડાં બહાર નીકળી ગયાં.પંડિતજીની પત્ની અને માતાને એક તરફ ફેંકતો હત્યારો ફરાર થઈ ગયો લાહોરની મ્યૂ. હૉસ્પિટલમાં ડૉ. પેરીએ કટકા થઈ ગયેલાં આંતરડાં સાંધવાનો પ્રયાસ કર્યો, પરંતુ પુષ્કળ લોહી વહી જવાથી બચવાની કોઈ જ

ઉમેદ જણાતી નહોતી. **'આર્યસમાજમાં તહરીર (લેખન) નું કામ બંધ નહિ થવું જોઈએ'** એવો પોતાના ધર્મબંધુઓને અંતિમ આદેશ દઈ વેદમંત્ર બોલતા બોલતા જ અંતર્ધ્યાન થઈ ગયા. રાતના બે વાગ્યા હતા. બીજે દિવસે લગભગ પચાસ હજારનો જનસમુદાય શ્મશાનયાત્રામાં જોડાયો. ઓગણીસમી સદીના આ મહાન બલિદાનીનું નામ હતું **પં.લેખરામજી.** આજે તેની શહાદતને એકસો વર્ષ પૂરા થાય છે.

જે દિવસોમાં પ્રચારના ટાંચા પરંપરાગત સાધનો હતાં; પ્રજામાં શિક્ષણનું નહિવત્ સ્તર હતું, અંગ્રેજી શાસન દેશનું અબાધ શોષણ કરી રહ્યું હતું, બૃહદ હિંદુસમાજ મૂઢતાપૂર્ણ અંધવિશ્વાસોમાં ગ્રસ્ત થઈ સંપ્રદાયોમાં ખંડખંડ થઈ સત્ત્વહીન બની ચૂક્યો હતો, અને વિધર્મીઓના બૌધ્ધિક આક્રમણો સામે એ વારેઘડીએ ઝૂકી પડતો હતો; એ દિવસોમાં પંડિત લેખરામજીએ પોતાના જ્ઞાન, લગન, વીરતા અને સાચા બ્રાહ્મણત્વનાં બળે દેશભરમાં જે ખડભડાટ પેદા કરી દીધેલો એ દેશના ઈતિહાસમાં એક વિશેષ મહત્ત્વ ધરાવે છે.

આજે તો ચોમેર સંદેહનું સામ્રાજ્ય પ્રવર્તે છે. સંસારનું કોઈ વાતમાં ધ્રુવ મંતવ્ય ભાગ્યે જ જોવા મળે છે. સંશયવૃત્તિએ જગત પર જાણે કે આજે એકાધિકાર જમાવી દીધો છે. સમસ્યાઓનો ઉકેલ પ્રસ્તુત કરતા મોટામોટા બૌધ્ધિકો સ્વયં પોતાના જ ઉકેલ પ્રત્યે અંદરખાને સંશય સેવે છે. સ્વતંત્રતા બાદ વિવિધ ધર્મોના તુલનાત્મક અધ્યયનની અને 'સબ ધર્મ સમાન હૈં' ની સુફિયાણી વાતો તો ખૂબ જ સાંભળવા મળે છે, અને સેક્યૂલરિઝમનું ડાકલું પણ અહર્નિશ વાગી રહ્યું છે. પરંતુ સત્યાસત્યનો સમ્યક્ વિવેક કરી સત્યને આલિંગન કરવાની અને અસત્યને જાકારો આપવાની અત્યંત જરૂરી પ્રક્રિયા આપણા આજના કહેવાતા શિક્ષિતોમાં હજુ શરૂ જ નથી થઈ. ધર્મોના તુલનાત્મક અભ્યાસથી જો નીરક્ષીરનો વિવેક જાગૃત નહિ થાય તો તેની પછવાડે કરવામાં આવતો શ્રમ એળે જ ગયો સમજવો. દુર્ભાગ્યે છેલ્લાં કેટલાય દશકાથી આવું જ થતું રહ્યું છે. આવી 'રામાય સ્વસ્તિઃ રાવણાય સ્વસ્તિઃ' ની મોહિનીથી ભ્રમિત થયેલા સમન્વયવાદીઓ ખંડનમંડનના ઔચિત્યથી અજાણ હોવાથી સંભવ છે કે તેઓને લેખરામજીની સત્યનિષ્ઠા

અને સૈદ્ધાંતિક દૃઢતામાં પણ કટ્ટરતા અને ઝનૂન નજરે પડે. પરંતુ હકીકતમાં પંડિતજીનો હેતુ પવિત્ર હતો. તેઓની પ્રબળ ઝંખના હતી કે મનુષ્યોના ધર્મ તો તર્કસંગત, યુક્તિયુક્ત અને હેતુ સભર જ હોવો જોઈએ.

વિચારધારા કે તત્ત્વજ્ઞાન ભલે ગમે એટલા શ્રેષ્ઠ અને સંગીન હોય, પરંતુ તેની વ્યાપ્તિ ત્યારે જ હકીકત બને છે જ્યારે તેનું સંચાલન કરનારા વિજિગીષુ હોય. પં.લેખરામજી સત્ય સનાતન વૈદિક વિચારધારાના આવા જ જી જાનથી પોતાની પવિત્ર ફરજોનું પાલન કરનારા સંચાલક હતા. એમના જેવા નરકેસરીને શ્રધ્ધાંજલિ આપવા માટે તો હું વામણો પડું છું. એમની વીરગાથાને મેં અહીં ખૂબ જ સંક્ષિપ્તમાં આલેખવાનો પ્રયાસ કર્યો છે. **સ્વામી શ્રધ્ધાનંદજી** રચિત જીવનચરિત્ર અને છેલ્લાં અનેક દશકાઓથી પંડિતજીનાં જીવનનું અનુસંધાન કરવામાં પૂરી લગનથી લાગેલા **શ્રી પ્રો. રાજેન્દ્રજી જિજ્ઞાસુ** (અબોહર, પંજાબ) ના પ્રખ્યાત ગ્રંથ **'રક્ત-સાક્ષી પં. લેખરામ'** ના આધારે હું આટલું ગુજરાતીમાં સુજ્ઞ પાઠકો સમક્ષ પ્રસ્તુત કરવા સમર્થ થઈ શક્યો છું. આશા છે કે અમર હુતાત્મા પં.લેખરામજીની આ જીવનઝરમર આપણા સૌમાં તેજ, બળ, શૌર્ય, ઓજસ, સામર્થ્ય, મન્યુ અને સહનશીલતાનો સંચાર કરશે. પ્રથમ બલિદાન શતાબ્દીએ વૈદિક ધર્મના અમર શહીદ પં.લેખરામજીની સ્મૃતિને **અમારી વંદના હો !**


વિનીત

**- ભાવેશ મેરજા**

૧૨/૧૩ ટાઉનશીપ, નર્મદાનગર, ભરૂચ.


**जो देश को बचा सकें,**
**वे हैं कहां जवानियां ?**
**जो अपने रक्त से लिखें,**
**स्वदेश की कहानियां ।। 'जिज्ञासु'**

# आर्य मुसाफिर पं. लेखराम

"वह लेखनी की तलवार लेकर कार्यक्षेत्र में आया। विरोधियों की छावनी में भगदड़ मच गई। किसमें इतना साहस कि सामने आये ? उस की लेखनी ने वही कार्य किया जो स्वामी दर्शनानंद की लेखनी व वाणी ने मिलकर सम्पन्न किया। कूलियाते आर्य मुसाफिर उसके अथक परिश्रम का ज्वलन्त प्रमाण है। मरने वाला मर गया। निर्दयी व क्रूर हत्यारे ने अपनी गर्दन पर निष्पाप लेखराम की हत्या का पाप लिया।"

**-पंजाब केसरी लाला लाजपतराय**

**नये वर्ष के उपलक्ष में**

## हार्दिक शुभ कामनाएं

विक्रम सं.२०५४ चैत्र प्रतिपदा १, तदनुसार
दि.८-४-९७ मंगलवार सृष्टि सं. १९७२९४९०९७ से आरम्भ
होने वाला यह नया वर्ष 'स्वस्तिपंथा' के पाठकों,
शुभेच्छकों, विज्ञापनदाताओं, सहयोगियों एवं
समस्त मानव के लिए मंगल मय हो।

**- शुभेच्छक -**

कमलेशकुमार छ. शास्त्री - महेन्द्रनाथ वेदालंकार
गोविंदराम सदोरेमल - हरिलाल गुरुदासमल
स्वस्तिपंथा परिवार-आर्य समाज सैजपुर बोघा
के समस्त ट्रस्टी एवं अधिकारी गण

# જન્મ અને બાળપણ

પં.લેખરામજીનો જન્મ સંવત ૧૯૧૫ (સન ૧૮૮૫)ના ચૈત્ર મહિનાની આઠમને દિવસે પશ્ચિમ પંજાબના ઝેલમ જિલ્લાનાં સૈયદપુર ગામે એક સૂદન બ્રાહ્મણ (સારસ્વત) કુટુંબમાં થયો હતો. એક વર્ષ અગાઉ જ દેશમાં મહાન્ વિપ્લવ થયો હતો. લેખરામજીના દાદાનું નામ નારાયણસિંહજી હતું. તેઓ વીર યોદ્ધા અને અડિયલ સ્વભાવના માલિક હતા. લેખરામજીના પિતાજીનું નામ તારાસિંહજી અને માતાનું નામ ભાગભરીદેવી હતું. એ સમયે ઉર્દુ ફારસીની બોલાબાલા હતી. લેખરામજી ખૂબ જ તેજસ્વી વિદ્યાર્થી ગણાતા. શાળાના નિરીક્ષકે લેખરામજીની તરતબુદ્ધિથી પ્રભાવિત થઈ તેમને પુરસ્કાર આપેલો. અગિયાર વર્ષના લેખરામજીને તેમના કાકા પ.ગંડારામજી પોતાની સાથે પેશાવર લઈ ગયા. કાકા ત્યાં પોલીસખાતામાં કામ કરતા હતા. ત્યાં લેખરામજીને મુસલમાન શિક્ષકો ભણાવતા અને ઈસ્લામની વિચારધારાથી પ્રભાવિત કરવાનો પ્રયાસ પણ કરતા.પરંતુ લેખરામજી ક્યારેક તો એવી એવી ભારે શંકાઓ શિક્ષકો સમક્ષ મૂકતા કે એ લોકોને જ ભારે થઈ પડતું. કાકીને જોઈ લેખરામજીએ પણ એકાદશીના ઉપવાસ કરવાનું ચાલું કર્યું. કાકીએ ખૂબ જ સમજાવ્યા કે બાળકોથી ઉપવાસ સહન ન થાય. પરંતુ પોતાના નિશ્ચયમાં એવા દૃઢ કે માને જ નહીં. નિયમબદ્ધ ઉપવાસ કર્યે જ રાખ્યા. ત્રણ વર્ષ પેશાવર ભણી લેખરામજી પાછા સૈયદપુર આવ્યા. ત્યાં એક મુન્શી તુલસીદાસ નામના આદર્શ શિક્ષકની છત્રછાયામાં ભણવા લાગ્યા. આ શિક્ષક ખૂબ જ નિર્લોભી અને ધાર્મિક વૃત્તિના હતા. લેખરામજીના બલિદાનના સમાચાર સાંભળી આ શિક્ષકે સ્વામી શ્રદ્ધાનંદજીને પત્રમાં લખેલું કે, મારો વિદ્યાર્થી લેખરામ હસમુખો, સરળ હૃદય અને અદ્‌ભુત યાદશક્તિ ધરાવતો હતો. તેને ભારતનો ઈતિહાસ કંઠસ્થ હતો અને ગણિતમાં એ ખૂબ જ કાબેલ હતો.' પં.લેખરામજી વર્ગના મોનિટર હતા. એ વેળાએ ન જાણે ક્યાંથી લેખરામજીને કવિતાઓ અને જોડકણાં રચવાની આદત પડી ગઈ. ઉર્દૂ, ફારસી અને પંજાબીમાં કવિતાઓ લખવામાં એવા તો મશગૂલ રહે કે

ભણવાનું પણ પાછળ રહી જાય. વિદ્યાર્થી અવસ્થામાં જ તેમણે એક કવિતા હુક્કા ઉપર લખેલી, જેમાં લખ્યું છે-

વા વાંગ હુક્કે નહીં ચીજ ભૈડી,
લખ બદિયાં દા ઈબતદા હુક્કા.
લેખરામ બસ બૈઠકે નામ જપ લો,
નડી ભન્ન કે દેઓ ઉડાય હુક્કા.

અર્થાત્ 'હુક્કો સૌથી ખરાબ ચીજ છે. એના જેવી ખરાબ ચીજ બીજી કોઈ નથી. લાખો અવગુણોનું મૂળ હુક્કો છે. લેખરામ તું બેસીને જાપ કર અને હુક્કાની ભૂંગળી તોડી હુક્કાને ફેંકી દે.' લેખરામજીની કવિતાની ધૂનથી શિક્ષક તંગ આવી ગયેલા. પરંતુ કોને ખબર હતી કે આગળ જઈ આ જ બાળક ગદ્ય- પદ્યમાં નામ કાઢશે, અને જેની કલમથી લાખો મનુષ્યોના જીવનને નવી દિશા મળશે.

## પોલીસખાતામાં

એ વખતમાં દેશમાં શિક્ષણનું પ્રમાણ ઘટી રહ્યું હતું. લેખરામજીના કુટુંબમાં પણ ઉચ્ચ શિક્ષણની કોઈ રૂચિ નહોતી. કાકા પં. ગંડારામજી ત્યારે પોલીસમાં સારા હોદ્દા પર હતા અને તેમનો પ્રભાવ પણ ખરો. આથી સત્તર વર્ષના લેખરામને તેમણે પેશાવર પોતાની પાસે બોલાવી લીધો અને પોલીસખાતામાં જ તેની ભરતી કરાવી દીધી. એ વખતે કૃસ્ટી સાહેબ પોલીસના જિલ્લા સુપરિન્ટેન્ડેન્ટ હતા. તેમણે લેખરામજીની ભરતી કરી. જોગાનુંજોગની વાત છે કે સ્વામી શ્રદ્ધાનંદજીએ પં.લેખરામજીના હત્યારાનો પતો લગાવવાની જ્યારે પ્રાર્થના આ જ કૃસ્ટી સાહેબને કરેલી ત્યારે તેમણે કહેલું કે 'મને ખબર હતી કે તેની નીડરતા અને સ્પષ્ટ વ્યક્તિત્વને કારણે લેખરામ એકને એક દિવસ માર્યો જવાનો. તેની દ્રઢતા માટે મારાં હૃદયમાં સદાય માનનો ભાવ રહેતો હતો.' પં.લેખરામજીને પોલીસખાતામાં નકશા- નવીસનું કામ મળ્યું. બઢતી મળતા જમાદાર બની ગયા. સન ૧૮૭૫ ના વર્ષમાં પં.લેખરામજીએ નોકરી શરૂ કરી અને એ જ વર્ષમાં મુંબઈમાં આર્યસમાજની સ્થાપના થઈ. પં.લેખરામજીને પોલીસખાતું તેના બંધનમાં બાંધી શક્યું નહીં. મહર્ષિ દયાનંદના એક જ વખત દર્શન કર્યા અને

જીવનધારા એવી તો બદલી કે તેઓ બધાં જ બંધનો ત્યજી દઈ હંમેશને માટે આર્યસમાજના થઈ ગયા.

## ધાર્મિક પ્રવૃત્તિ

પોલીસખાતામાં આવ્યા પહેલાં એક સિખ સિપાઈના સત્સંગથી પ્રભાવિત થઈ લેખરામજી ઈશ્વરનાં ભજનમાં સમય આપવા લાગ્યા. બ્રાહ્મમુહૂર્તમાં સ્નાન કરી ગીતાપાઠ કરે અને સમાધિ લગાવવા બેસે. એક વખત રાતના સમયે ખાટલામાં બેઠાબેઠા ધ્યાનનો અભ્યાસ કરવામાં એવા તો લીન થઈ ગયા કે પડ્યા નીચે; માથું નીચે અને પગ ખાટલા ઉપર ! થોડા દિવસો પછી પં.લેખરામજીનાં મન પર અદ્વૈતવાદનો રંગ ચડ્યો; જોકે છતાંય ભક્તિભાવ ટકી રહ્યો. ગીતાપાઠથી કૃષ્ણનું એવું ઘેલું લાગ્યું કે દિવસભર 'કૃષ્ણ-કૃષ્ણ' જ જપતા રહે. વૈરાગ્યની ધૂન લાગી. મનમાં નિશ્ચય કર્યો કે નોકરી છોડી વૃન્દાવન જવું. માતાપિતાએ વિવાહની વાત મૂકી પરંતુ લેખરામજી તો ગૃહસ્થનાં નામથી જ ચોંકી ગયા. એકવીસ વર્ષના આ ભક્તનાં મનમાં વિચાર સ્ફૂર્યો કે સંસ્કૃતનું ઊંડું અધ્યયન કરવું જોઈએ. આ દરમિયાન રાસલીલાનું પણ આકર્ષણ જાગ્યું. આમ લેખરામજીનું મન જ્યાં ત્યાં ભટકી રહ્યું હતું. શોધમાં ભટકતા લેખરામજી હવે ઇસ્લામ તરફ વળ્યા. મુસલમાનોના ગ્રન્થો વાંચવા લાગ્યા. તેમના એક મિત્રે સવાલ કર્યો કે 'શું ઈસ્લામમાં તમને સત્ય હાથ લાગશે તો મુસલમાન થઈ જશો ?'લેખરામજીએ તત્કાળ જવાબ દીધો કે 'હા.' કહ્યું કે તમારી સામે દસ માટલાં પડયાં હોય અને જો તમારે એ જાણવું હોય કે આમાંથી કયા માટલાનું પાણી સૌથી વધારે શિતળ છે, તો વગર ચાખ્યે તો કેવી રીતે ખબર પડશે ? આવું જ સંસારના મત પંથ વિશે છે. આમ પં.લેખરામજી સાચા અર્થમાં જિજ્ઞાસુ હતા.

## સ્વમાની લેખરામજી

એક વખત લેખરામજી પાઠશાળામાં ભણતા હતા ત્યારે તેમને તરસ લાગી. ત્યાં પાણીનો જે ઘડો હતો એ લેખરામજીને ભ્રષ્ટ જણાયો. આથી

તેમણે પાઠશાળાના મોલવી પાસે ઘરે પાણી પીવા જવાની રજા માગી. પરંતુ મોલવીએ રજા ન આપી અને કહ્યું કે પીવું હોય તો આ ઘડાનું જ પી લે. સ્વમાની લેખરામજીએ ન તો ફરી રજા માટે આજીજી કરી અને ન તો પેલા ભ્રષ્ટ ઘડાનું પાણી પીધું. આખો દિવસ તરસ્યો જ વિતાવ્યો.

## ઈતિહાસ-દષ્ટિ

લેખરામજી માધ્યમિકની પરીક્ષામાં બેઠા. પરંતુ ઉત્તરવહીમાં પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ નહિ લખી, તેમણે ઈતિહાસના પાઠ્યપુસ્તકમાં જે ભ્રાંત માન્યતાઓનો સમાવેશ થયેલો તેનું ખંડન જ લખી માર્યું. પરિણામ એ આવ્યું કે બીજા વિષાયોમાં તો સારા માર્કસ મળ્યા, પરંતુ ઈતિહાસમાં નાપાસ થયા. ઈતિહાસમાં નાપાસ થયેલા આ વિદ્યાર્થીને પાંચ વર્ષ બાદ શાસનના અધિકારીઓએ પેશાવર જિલ્લાના ઈતિહાસની સામગ્રી ભેગી કરવાનું કામ સોપ્યું. આ જ ઈતિહાસના નાપાસ વિદ્યાર્થીએ આગળ જઈ મહર્ષિ દયાનંદના જીવનચરિતની સામગ્રી એકત્રિત કરવામાં એવી તો ઊંડી સૂઝનો પરિચય દીધો કે કલમ તેના ભગીરથ પુરુષાર્થનું વર્ણન કરી શકે એમ નથી. મહર્ષિ દયાનંદના જીવન ચરિતને સાકાર કરવામાં પં.લેખરામજીએ જે મહાન પરિશ્રમ અને ગવેષણાનો પરિચય દીધો છે એ મોટા મોટા ઈતિહાસકારો માટે એક પ્રેરણાસ્રોત છે.

## વૈદિક ધર્મનો પ્રકાશ

એવામાં લેખરામજીએ કોઈની સાથે કાશીથી ગીતાનું ભાષ્ય મંગાવ્યું. આ ભાષ્ય વાંચવાથી તેમનાં મનમાં એ વખતના પ્રખ્યાત સુધારાવાદી અને ઉર્દૂ લેખક એવા મુન્શી કન્હૈયાલાલજી અલખધારીનું સાહિત્ય વાંચવાની ઉત્કંઠા જાગી. મુન્શીજીના ગ્રન્થો મેળવી વાંચવા માંડયા. આ ગ્રન્થોનાં માધ્યમથી જ તેમણે સૌપ્રથમ મહર્ષિ દયાનંદ વિશેની થોડી જાણકારી મેળવી. એ દિવસોમાં મુન્શીજી સામાજિક કુરિવાજો અને પૌરાણિક અંધમાન્યતાઓનો વિરોધ કરતા હતા. પરંતુ પૌરાણિક ગઢને હચમચાવવા માટે વેદશાસ્ત્રરૂપી જોરદાર શસ્ત્રોની જરૂર હતી, જેને ચલાવી શકે એવો એક નિપુણ યોદ્ધો શતાબ્દીઓ પછી મહર્ષિ દયાનંદના સ્વરૂપમાં પ્રગટ્યો હતો. આથી મુન્શી

અલખધારીએ પોતાનાં લખાણોમાં મહર્ષિ દયાનંદના મંતવ્યો ઉદ્ધૃત કર્યા. છેવટે તો મુન્શીજીના બધા જ પ્રશંસકોએ મહર્ષિજી દ્વારા પ્રવર્તિત આર્યસમાજનો આશ્રય લીધો. પં.લેખરામજી પણ આમાનાં એક હતા. મુન્શીજીએ મહર્ષિજીના જીવન પર એક નાનું પુસ્તક પણ લખ્યું હતું.

## બ્રહ્મ જીવ થઈ ગયો ?

મહર્ષિજીનાં મંતવ્યો જાણી પં.લેખરામજી અદ્વૈતવાદની સત્યતા વિશે સંદેહમાં પડી ગયા અને મંથનના અંતે અદ્વૈતવાદનો ત્યાગ કરી દીધો. અદ્વૈતવાદીઓ એવું માને છે કે બ્રહ્મ ભ્રમમાં પડી જવાથી સ્વયંને જીવ માને છે. પરંતુ પં.લેખરામજી હવે સ્વપ્નવાદની ભુલભુલામણીમાંથી બહાર આવી ગયા હતા. બીજા શબ્દોમાં કહી શકાય કે એક બ્રહ્મ હવે જીવ થઈ ગયો. હવે તો પં.લેખરામજીએ મહર્ષિજીના ગ્રન્થો જ મંગાવી લીધા. પોતે સ્વાધ્યાયશીલ તો હતા જ. મહર્ષિના ગ્રન્થો વાંચી તેમના દર્શન કરવાની તીવ્ર ઈચ્છા પેદા થઈ તેમણે મહર્ષિજી સાથે પત્રવ્યવહાર પણ શરૂ કર્યો. વૈદિક વિચારધારામાં એવા તો રંગાઈ ગયા કે બાવીસ વર્ષના આ યુવાને પેશાવરમાં આર્યસમાજની સ્થાપના પણ કરી દીધી. પોતાનાં ઘરમાં જ આર્યસમાજનો દૈનિક સત્સંગ શરૂ કરી દીધો. તેમના ચાર મિત્રો તો વૈદિક ધર્મમાં દિક્ષિત થઈ ગયા. પરંતુ એક તો હજુ એવોને એવો બ્રહ્મ જ રહ્યો. પં.લેખરામજી ને બ્રહ્મ બનાવનાર પણ એ જ મિત્ર હતો. લેખરામજીએ આ બ્રહ્મ ને જીવ બનાવવાનો ખૂબ જ પ્રયત્ન કર્યો, પરંતુ પેલો માને જ નહિ. અંતે એક દિવસ પં.લેખરામજીએ કહ્યું કે 'કમબખત ! તારી સમજમાં ન આવતું હોય તો કંઈ નહિ. પરંતુ કમ સે કમ અમારી ખાતર તો આર્ય બની જા. મિત્રમંડળી તો નહિ તૂટે' આ તીર બરાબર નિશાન પર લાગ્યું. એ પણ મિત્રમંડળીમાં સામેલ થઈ ગયો. પાંચેય મિત્રોએ ધર્મપ્રચારનું પવિત્ર કાર્ય શરૂ કરી દીધું. સ્વામી શ્રધ્ધાનંદજીએ આ ઘટના પર ટિપ્પણી આપતા લખ્યું છે-

***પાંચ પંચ મિલ કીજે કાજ,***
***હારે જીતે ન આવે લાજ.***

પં.લેખરામજી આવી રીતે આર્યસમાજી તો બની ગયા. પરંતુ ક્યારેક ક્યારેક નવીન વેદાન્તી મિત્રો મળે અને વાદવિવાદ થાય ત્યારે લેખરામજીને

શંકાઓનું સમાધાન પ્રસ્તુત કરવામાં મુશ્કેલીઓ પડતી. આથી એક મહિનાની રજા લઈ મહર્ષિ દયાનંદના સાનિધ્યને પામવા અજમેર જવા ઉપડ્યા. લાહોર, અમૃતસર અને મેરઠ જેવા પ્રસિદ્ધ નગરોની આર્યસમાજોમાં રોકાતા જઈ જિજ્ઞાસુ લેખરામ ૧૬મી મે ૧૮૮૧ની રાત્રિએ અજમેર પહોંચ્યા. આગલા દિવસે મહર્ષિજીના પ્રથમ અને અંતિમ દર્શન કર્યા.

## મહર્ષિ - દર્શન

મહર્ષિ દર્શનનાં અપૂર્વ પ્રસંગનું વર્ણન કરતા પં.લેખરામજીએ સ્વય આ મુજબ લખ્યું છે- ૧૧ મી મે સન ૧૮૮૧ના રોજ 'ખબરપત્રી' (અર્થાત્ પં.લેખરામ) પેશાવરથી સ્વામીજીના દર્શન માટે નીકળી ૧૬મીએ રાતનો અજમેર પહોંચ્યો અને સ્ટેશન પાસેની ધર્મશાળામાં ઉતરી ૧૭મી સવારના પહોરમાં શેઠજીના બગીચે જઈ સ્વામીજીના દર્શન કર્યા. તેમના દર્શનથી હું પ્રવાસનાં બધાં જ કષ્ટો ભૂલી ગયો અને તેમના સત્ય ઉપદેશથી મારી તમામ શંકાઓ ઉકલી ગઈ. જયપુરમાં એક બંગાળી સજ્જને મને પૂછેલું કે 'આકાશ પણ વ્યાપક છે અને બ્રહ્મ પણ. તો બે વ્યાપક સત્તાઓ એક સાથે કેવી રીતે રહી શકે ? હું આ પ્રશ્નનો કોઈ જ ઉત્તર આપી શક્યો નહોતો. આ જ પ્રશ્ન મેં સ્વામીજી સમક્ષ મૂક્યો. તેમણે એક પથ્થર હાથમાં લઈ કહ્યું કે 'આમાં અગ્નિ વ્યાપક છે કે નહિ ? મેં કહ્યું કે 'હા, છે.' પછી પૂછ્યું કે 'માટી' મેં કહ્યું કે'વ્યાપક છે.' પછી પૂછ્યું કે 'જલ?' મેં કહ્યું 'વ્યાપક છે.' પછી પૂછ્યું કે 'આકાશ અને વાયુ?' મેં કહ્યું કે 'વ્યાપક છે.' પછી પૂછ્યું કે 'પરમાત્મા?' મેં કહ્યું કે 'એ પણ વ્યાપક છે.' કહ્યું કે 'જુઓ,' કેટલી ચીજો છે, પરંતુ તમામ આમાં વ્યાપક છે. હકીકતમાં વાત એ છે કે જે જેનાથી સૂક્ષ્મ હોય છે એ એનામાં વ્યાપક હોઈ શકે છે. બ્રહ્મ તો સૌથી વધારે સૂક્ષ્મ છે. માટે એ સર્વમાં વ્યાપક છે.' સ્વામીજીનો આ ઉત્તર સાંભળી મને શાંતિ થઈ.

સ્વામીજીએ મને કહ્યું કે 'તમારા મનમાં બીજી કોઈ શંકાઓ હોય તો તેનું સમાધાન પણ કરી લો!' મેં ખૂબ જ સમજી વિચારી ૧૦ પ્રશ્નો લખ્યા, જેમાંના ત્રણ મને યાદ છે; બાકીના ભૂલાય ગયા.

**પ્રશ્ન** - જીવ અને બ્રહ્મની ભિન્નતામાં કોઈ વેદનું પ્રમાણ બતાવશો ?

**ઉત્તર** - યજુર્વેદનો ૪૦ અધ્યાય આખો જીવ-બ્રહ્મની ભિન્નતા બતાવે છે.

**પ્રશ્ન** - અન્ય મતમાં માનનારા લોકોને શુદ્ધ કરવા જોઈએ કે નહીં?

**ઉત્તર** - અવશ્ય શુદ્ધ કરવા જોઈએ.

**પ્રશ્ન** - વિદ્યુત શું ચીજ છે અને એ કઈ રીતે ઉત્પન્ન થાય છે?

**ઉત્તર** - વિદ્યુત સર્વત્ર છે અને એ ઘર્ષણથી ઉત્પન્ન થાય છે. વાદળાંની વિદ્યુત વાદળો અને વાયુના ઘર્ષણથી ઉત્પન્ન થાય છે.

મને કહ્યું કે '૨૫ વર્ષ પહેલાં વિવાહ નહિ કરીશ.' અનેક ખ્રિસ્તીઓ અને જૈન લોકો પ્રશ્ન કરવા આવતા હતા, પરંતુ થોડી જ વારમાં નિરુત્તર થઈ જતા હતા.

એક હિંદુ યુવક ખ્રિસ્તી મતથી ખૂબ જ પ્રભાવિત થયેલો. એ દરરોજ સ્વામીજીની પાસે આવીને પ્રશ્નો કરતો અને ચૂપ થઈને જતો. છેવટે એ ખ્રિસ્તી મતથી વિરકત થઈ વૈદિક ધર્મનો અનુયાયી થઈ ગયો.

સ્વામીજીએ ચિહ્નરૂપે મને અષ્ટાધ્યાયીની એક પ્રત આપી. તેમનાં વ્યાખ્યાનોમાં સેંકડો મનુષ્યો આવતા અને લાભ ઉઠાવતા હતા. ૨૪મી મે સન ૧૮૮૧ ના રોજ સ્વામીજીના ચરણોને હાથ લગાવી નમસ્તે કરી મેં સેવકે ત્યાંથી વિદાય લીધી.

મહર્ષિજીના આટલા ટૂંકા સત્સંગે લેખરામજીના ધાર્મિક વિચારોને દઢ કરી દીધા. અને આથી જ આગળ જતા આપણને વૈદિક ધર્મ પર પં. લેખરામજીનો વિશ્વાસ ચટ્ટાન જેવો દઢ દેખાય છે. અજમેરથી પાછા ફરેલા લેખરામજીને ધર્મપ્રચારની ધૂન લાગી.

## તર્કનો ચમકારો

અજમેરથી પાછા આવી પં.લેખરામજી એક દિવસ તેમના પરિચિત એવા સંત દામોદરદાસજી વેદાન્તીને મળવા ગયા. સંતજીએ કહ્યું કે 'બધું જ બ્રહ્મ છે બ્રહ્મ સિવાય બીજું કંઈ જ નથી.' લેખરામજીએ પૂછ્યું કે 'મહારાજ, શું આપ પણ બ્રહ્મ, હું પણ બ્રહ્મ અને આ તમારું પુસ્તક એ પણ બ્રહ્મ છે?' સંતજીએ કહ્યું કે 'હા.' આ ઉત્તર સાંભળતા જ લેખરામજીએ એ ઉપનિષદોનું પુસ્તક ઉઠાવી લીધું અને સંતજીએ માગ્યું છતાંય પાછું ન જ આપ્યું. લેખરામજીએ કહ્યું કે 'હું, આપ અને આ પુસ્તક બધા જ બ્રહ્મરૂપ હોવાથી કોણ આપે કોને આપે? અને શું આપે? માયાવાદી નવીન વેદાન્તી

સંતજી લેખરામજીના તર્કના ચમકારા જોઇ અવાક થઇ ગયા. સ્વામી શ્રધ્ધાનંદજીએ સંતજીનું આ પુસ્તક પેશાવર આર્યસમાજનાં પુસ્તકાલયમાં જોયેલું.

## કાર્યકુશળતાનો પ્રભાવ

પોલીસખાતામાં વાર્ષિક અહેવાલ ખૂબ જ મુશ્કેલીથી તૈયાર થતો હતો. નકશાનું કામ પણ સરળ નહોતું. પરંતુ લેખરામજી આવા કામમાં નિપુણ હતા. પોલીસખાતામાં નોકરી કરનારાઓ માટે ખબરપત્રીનું કામ મના કરાયેલું હતું. પરંતુ 'નામ એવા જ ગુણ' એ કથનને પોતાનાં જીવનમાં ચરિતાર્થ કરતા લેખરામજીએ વૈદિક ધર્મના પ્રચાર માટે 'ધર્મોપદેશ' નામનું ઉર્દૂ માસિક પેશાવરથી ચાલુ કર્યું. એક દિવસ તેમણે 'મદ્યપાનથી ઘરનો નાશ' એ વિષય પર એક વ્યાખ્યાન કર્યું. એ વખતે લેખરામજી જમાદાર હતા. મોટા મોટા અંગ્રેજો અને ધનવાન લોકો આ વ્યાખ્યાન સાંભળવા ગયા હતા. જિલ્લાના એક ઉચ્ચ અધિકારીએ સભાનું અધ્યક્ષપદ ગ્રહણ કરેલું. એક જમાદારના અધિકારીઓ પર આવો પ્રભાવ તેના સ્વચ્છ ચારિત્ર્યની છાપનું પ્રમાણ છે. કમાંડિંગ ઓફીસર અને બીજા કેટલાય સિપાઈઓ ઉત્સુકતાથી ભાષણ સાંભળવા આવ્યા હતા. મદ્યપાનની વિરુદ્ધમાં આ એમનો પ્રથમ પ્રયાસ હતો. ભાષણ સાંભળી અનેક શ્રોતાઓ ધર્મના પિપાસુ બની ગયા અને કેટલાય શ્રોતાઓએ ત્યાં જ મદ્યપાન ત્યજી દેવાની પ્રતિજ્ઞા કરી. લેખરામજીનું ભાષણ એવું યુક્તિસભર અને પ્રભાવશાળી હતું કે એક ફોજી કપ્તાને તેનું સમર્થન કરી જણાવ્યું કે 'મેં પણ મારા સૈન્યમાં મદ્યપાન બંધ કરાવી દીધું છે.'

લેખરામજી 'ધર્મોપદેશ'નું જાતે જ સંપાદન કરતા અને આ માસિક ચલાવવામાં આવતી ખોટ પણ સ્વયં જ વહન કરતા. થોડા સમય પછી આ પત્રિકા બંધ કરવી પડી..

## નોકરીમાંથી મુક્ત

નવા પોલીસ સુપરિન્ટેન્ડન્ટે આવીને કેટલીક બદલીઓ કરી, જેમાં લેખરામજીને પેશાવરથી સુઆબીના થાણામાં મૂકવામાં આવ્યા. ત્યાં જઈને પણ 'ધર્મોપદેશ'ને લેખો તથા આર્થિક મદદ મોકલતા જ રહ્યા. ધર્મપ્રચારની

અગ્નિ તો એવી ને એવી પ્રચંડ હતી. ત્યાં મુસલમાનો સાથે વાદવિવાદો થયા કરતા. એક વખત પોલીસ ઇન્સપેક્ટર થાણાની મુલાકાતે આવ્યા અને લેખરામજી સાથે ધાર્મિક વાદવિવાદ કરવા માંડ્યા. પં.લેખરામજીએ એવા તો જડબાંતોડ જવાબ દીધા કે પેલા ઇન્સપેક્ટર તો ચૂપ જ થઈ ગયા. પરંતુ બીજે જ દિવસે આજ્ઞાભંગના ગુનાનો રિપોર્ટ થયો. હુકમ થયો કે 'છ મહિના માટે લેખરામનો એક દરજ્જો નીચે કરવામાં આવે અને તેની કાલુખાં થાણામાં બદલી કરવામાં આવે.' કાલુખાં થાણામાં પહોંચતા પહેલાં જ લેખરામના કટ્ટર વલણની ચર્ચા મુસલમાનોમાં પહોંચી ગઈ હતી. પરંતુ લેખરામજી અન્ય મતના અનુયાયીઓને પણ પોતાના વૈદિક ધર્મના સિદ્ધાંતો ખૂબ જ પ્રીતિથી સમજાવતા. આથી સામાન્ય મુસલમાનો તો પં. લેખરામજી પ્રત્યે સારી ભાવના જ ધરાવતા હતા. પરંતુ લેખરામજી હવે સમજી ગયા કે વિદેશી શાસકોની નોકરી તેમનાં લક્ષ્યની પૂર્તિમાં બાધારૂપ છે. સપ્ટેમ્બર સન ૧૮૮૪માં નોકરીમાંથી રાજીનામું મૂકી, મનુષ્યોમાં દાસત્વથી આઝાદ થઈ લેખરામ હવે સાચા અર્થમાં પંડિત લેખરામ બની ગયા.

## આચારશુદ્ધિના હિમાયતી

લેખરામજી પેશાવર આર્યસમાજના સભ્ય હતા. એક દિવસ સામાહિક અધિવેશન બાદ આર્યસમાજની અંતરંગ સભાના સભ્યો એક મામલતદારને આર્યસમાજના પ્રમુખ બનાવવાનું વિચારી રહ્યા હતા. આ અધિવેશન પેલા મામલતદાર સાહેબની ધર્મશાળામાં જ યોજાયું હતું. એમાં. પં. લેખરામજી પણ જોડાયા. મામલતદારને પ્રમુખપદ આપવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો. એટલામાં પં. લેખરામજીએ કોઈ પણ જાતના સંકોચ વગર કહ્યું કે 'આ વ્યક્તિ માંસ આરોગે છે અને શરાબ પીએ છે. એવી વ્યક્તિ પ્રમુખ ન બની શકે.' બીજા સભ્યો તો મામલતદાર સાહેબને જ પ્રમુખ બનાવવા આગ્રહ રાખતા હતા. આથી પં.લેખરામજી નારાજ થઈ ઊઠી ગયા. સ્પષ્ટવાદી લેખરામજી આચારશુદ્ધિના ભારે હિમાયતી હતા.

## મહર્ષિના પત્રો

સન ૧૮૮૨ માં પં.લેખરામજી જ્યારે પેશાવરમાં જ હતા ત્યારે મહર્ષિ દયાનંદે તેમને બે પત્રો મોકલેલા. એમાંના એકમાં ગોરક્ષા માટેનાં

પ્રાર્થનાપત્રક પર જનતાની સહીઓ કરાવવાનું સૂચન હતું અને બીજા પત્રમાં પંજાબમાં હિંદીના પ્રચાર માટે શિક્ષણ-કમિશનને અરજીપત્ર મોકલવાની પ્રેરણા કરવામાં આવેલી. લેખરામજીએ આ બંને કાર્યો ખૂબ જ ઉત્સાહથી કર્યા.

## ધર્મરક્ષામાં સદા તત્પર

પં.લેખરામજી જ્યારે પેશાવરની બહાર થાણાઓમાં ફરી રહ્યા હતા ત્યારે કાદિયાનના મીરજા ગુલામ અહમદનું લખેલું 'બુરાહીન અહમદિયા' પુસ્તક હાથમાં આવેલું. આ પુસ્તકમાં મીરજાજીએ સૌ પહેલી વખત પોતે પયગમ્બર હોવાનો દાવો કર્યો હતો. આ ઉપરાંત લેખરામજીને એવા સમાચાર પણ મળ્યા કે મીરજા ગુલામ અહમદના મુખ્ય ચેલા હકીમ નૂરઉદ્દીનની સંગતથી જમ્મુમાં કોઈ એક ઠાકુરદાસ નામની હિંદુ વ્યક્તિ ઈસ્લામનો અંગીકાર કરવા માટે તૈયાર છે. પં.લેખરામજી ત્રણ-ચાર વખત રજાઓ લઈને ત્યાં ગયા અને ઠાકુરદાસને ખૂબ જ સમજાવ્યા. પરિણામે આ ઠાકુરદાસ કાદિયાણીના ગુલામ બનતા રહી ગયા. એ દિવસોમાં જ લેખરામજીએ મીરજાના 'બુરાહીન'ના ચારેય ભાગ વાંચી લીધા. ચોથા ભાગમાં આર્યસમાજ અને આર્યસિદ્ધાંતો ઉપર મીરજાએ આક્રમણ કર્યું હતું. એ વાંચીને તુરંત જ તેનો ઉત્તર લખી આપવાનો પં.લેખરામજીએ નિશ્ચય કર્યો. જે કામની ધૂન લાગતી એનો આરંભ કરવામાં પં.લેખરામજીને એક ક્ષણનો વિલંબ થાય એ અસહ્ય થઈ પડતું. મીરજાનાં પુસ્તકોનો જવાબ આપવાની એવી તો તત્પરતા કે પેશાવર આર્ય સમાજનાં રજિસ્ટરમાં જ ખંડન લખવા માંડ્યા. બજારમાં જઈ કાગળ ખરીદવાનો એમને સમય પણ ક્યાં હતો!

ધર્મના આંદોલનમાં અને ધાર્મિક વિષયોના વિચારમાં પહેલેથી જ લગન તો હતી જ. એવામાં મહર્ષિ દયાનંદની મૃત્યુના આઘાતજનક બનાવે પં.લેખરામજીને અધીર કરી દીધા. સમગ્ર વિશ્વને વૈદિક ધર્મના ઝંડા નીચે લાવવાનું કર્તવ્યભાન પં.લેખરામજીની રગેરગમાં પ્રસરી ગયું હતું. આર્યજાતિને વિધર્મીઓના કુચક્રથી બચાવવાનાં જોખમભર્યા કામને તેમણે પોતાનું કર્તવ્ય માનીને ઉઠાવ્યું. જન્મથી જે લોકો ખ્રિસ્તી કે મુસલમાન હતા,

તેઓને પણ વૈદિક ધર્મની છત્રછાયા નીચે લાવવાનું અને વૈદિક ધર્મ પર જો કોઈ વિધર્મી આક્ષેપ કરે તો તેનો યુક્તિપ્રમાણપૂર્વક જડબાંતોડ જવાબ દેવાનું બીડું પં.લેખરામજીએ ઉપાડી લીધું. અનુમાન છે કે ધર્મપ્રચાર અને ધર્મરક્ષા માટે જરૂરી સમય નહિ મળતો હોવાને કારણે જ લેખરામજીએ નોકરી છોડી હતી. રાજીનામું સ્વીકાર થાય એટલા દિવસોમાં તો તેમણે મીરજાના ખંડનમાં 'તકજીબ બુરાહીને અહમદિયા'નો પ્રથમ ભાગ તૈયાર કરી લીધો હતો. આ પુસ્તક પ્રકાશિત થાય એ પહેલાં જ તેની અનેક હસ્તપ્રતો દૂર દૂર સુધી પહોંચી ગઈ. શાસ્ત્રાર્થોમાં આ હસ્તપ્રતો ખૂબ જ મદદ રૂપ થઈ. સન ૧૮૮૭ માં આ પુસ્તક પ્રકાશિત થયું અને ધૂમ વેચાયું. ભારતભરમાં પં.લેખરામને ખ્યાતિ મળી.

## હું શું ચાહું છું?

મીરજા ગુલામ અહમદ કાદિયાણી મુસલમાન ભાઈઓને આર્યસમાજ અને એમાંય ખાસ કરીને પં.લેખરામજીની વિરુદ્ધ ભડકાવતા રહેતા હતા. યોજનાબદ્ધ ઢંગથી ઝેરી પ્રચાર થઈ રહ્યો હતો. અંગ્રેજો પણ આવું જ ઈચ્છતા હતા. મીરજા ગુલામ અહમદની પીઠ પાછળ અંગ્રેજી સામ્રાજ્ય હતું. તે અંગ્રેજોની સ્તુતિ કરતા હતા. પં.લેખરામજીએ મુસલમાન ભાઈઓને સંબોધિત કરીને લખ્યું કે ''ઈસ્લામના અનુયાયીઓ મારાથી અકારણ રોષે ભરાયેલા છે અને મને હેરાન કરવા માગે છે. એ કારણ વગર મારો દ્વેષ કરે છે અને મને શત્રુ સમજવાની ભૂલ કરે છે. જ્યારે હકીકત તો એ છે કે મારા હૃદયમાં જેટલો પ્રેમ એ લોકો માટે છે એટલો બીજા કોઈ માટે નથી. મારી પ્રબળ ઈચ્છા છે કે જે જે મિથ્યા વિશ્વાસો તેઓનાં હૃદયમાં બેસી ગયા છે, તેને તેઓ શિષ્ટતા, જ્ઞાન, બુદ્ધિ, યુક્તિ અને તર્કની મદદથી ઠીક કરી લે.'' મીરજા ગુલામ અહમદે એક ફારસી કવિતામાં પં.લેખરામજીને તલવારથી ડરવાની ધમકી આપી હતી. પરંતુ પં.લેખરામજીએ એ ધમકીનો જવાબ એ જ છંદમાં એક ફારસી કવિતા લખીને દીધો કે ભલે મારાં અંગ-અંગ કપાય જતાં, પરંતુ હું આ ધર્મપથ પરથી હટવાનો નથી. વીરમૂર્તિ લેખરામજીની આ કવિતામાં આ મુજબ પદ્ય હતાં-

**ઈસ પથ પર મુઝે કાટ દે ચાહે જલા દે,**
**મૈં વૈદિક ધર્મ સે મુખ નહીં મોડૂંગા.**
**મૈં સિર સે પાવં તક ઈસ રાહ પર વારા જાઉં,**
**મૈં મિત્ર બન્ધુ સભી કુછ ઈસ પર નિછાવર કર દૂં.**
**મૈં ઉસ એક કે બિના કિસી સે ભી ડરને વાલા નહીં;**
**કિ ચાહે ઈસકે કુછ કમ પર સારા સંસાર રુષ્ટ હો જાય.**

## લલકાર

નોકરીમાંથી મુક્ત થઈ લેખરામજી સૌપ્રથમ રાવળપિન્ડીના આર્યસમાજના વાર્ષિક ઉત્સવમાં પહોંચ્યા. ત્યાં તેમણે 'આર્યધર્મના આલમગીર હોવાના સબૂત અને તેની આઈન્દા તરક્કીના નિશાન મજબૂત' એ વિષય પર એક લેખબદ્ધ વ્યાખ્યાન પ્રસ્તુત કર્યું. રાવળપિન્ડીથી ગુરુદાસપુર જઈ મીરજા સાહેબને શાસ્ત્રાર્થની ચેલેન્જ મોકલી અને વિજ્ઞપ્તિ દઈ જનતાના મોટા સમુહ સમક્ષ મીરજાજીના આક્ષેપોનો જવાબ દીધો. મીરજાજી તો શાસ્ત્રાર્થ કરવા ન આવ્યા. પરંતુ જે ખળભળાટ આર્ય જગતમાં મીરજાજીના ગ્રંથથી મચેલો એ હવે દૂર થઈ ગયો. ત્યાંથી લાહોર ગયા. એ દિવસોમાં લેખરામજી સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ કરતા.

મીરજા ગુલામ અહમદે 'અહમદિયા' નામનો એક નવો ફિરકો (જમાત) પંજાબના ગુરુદાસપુર જિલ્લાના કાદિયાન ગામમાં શરૂ કરેલો. એ પોતાને નવો પયગમ્બર બતાવતા હતા અને એવો દાવો કરતા કે 'મને ખુદા તરફથી ઈલહામ (ઈશ્વરી અવાજ) મળે છે. અને એવો દાવો પણ કરતા કે હું મોજજે (ચમત્કાર) પણ કરું છું. અનેક મુસલમાનો આ નવા સ્વયંભૂ પયગમ્બરના અનુયાયીઓ બની ગયા. કેટલાય મુસલમાન મૌલવીઓએ આવા દાવાઓનો વિરોધ કર્યો. પરંતુ આ નવો સંપ્રદાય છતાંય વિસ્તાર પામતો રહ્યો. ગુલામ અહમદ ખૂબ જ ચતુર અને ખતરનાક વ્યક્તિ હતો. આર્યસમાજ તો શરૂઆતથી જ આવા પ્રકારના ધાર્મિક પાંખંડોનો કટ્ટર આલોચક હતો. આથી અહમદિયા સંપ્રદાય સાથે તે ટક્કરમાં આવે એ એકદમ સ્વાભાવિક જ હતું. આર્યસમાજે જયારે પેલા દાવાઓનું ખંડન કર્યું એટલે મીરજા રોષે ભરાયા અને ખુલ્લંખુલ્લા આર્યસમાજની નિંદા કરવા

માંડ્યા. આવા સંજોગોમાં વીર પં.લેખરામે આ સ્ફોટક વાદવિવાદના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. લાહોરમાં તેમણે મીરજા ગુલામ અહમદની એક વિજ્ઞપ્તિ જોઈ, જેમાં પેલા દાવાઓ તો કરેલા જ હતા; પણ સાથે સાથે અન્ય ધર્મના લોકોને પણ પડકાર કરેલો કે મારા આ દાવાઓને કોઈ મિથ્યા તો સિધ્ધ કરી બતાવે. આ વિજ્ઞપ્તિ વાચી તુરંત જ પં.લેખરામજીએ મીરજાજીને પત્ર લખ્યો કે હું તમારી પોકળતા સિધ્ધ કરવા તૈયાર છું. તર્કશક્તિ પં.લેખરામજીની તર્કશક્તિ અને નિર્ભયતાની ખ્યાતિ તો મીરજાજી સુધી પહોંચી જ ગઈ હતી. તેથી શાસ્ત્રાર્થ ટાળવા કોશિશ કરી. પરંતુ લેખરામજી કાદિયાન પહોંચી ગયા, અને મીરજાજીને તેનાં ઘરે જઈ સીધો લલકાર કર્યો. પરંતુ મીરજાજી ચમત્કાર બતાવવાની હામ ન દાખવી શક્યા. લેખરામજીએ કાદિયાનમાં સાર્વજનિક ભાષણો શરૂ કર્યા અને મીરજાજીના 'બુરાહીન'નું જોરદાર ખંડન કર્યું. પૂરા બે મહિના કાદિયાનમાં રહી તેમણે અહીં આર્યસમાજની સ્થાપના કરી દીધી. કાદિયાનમાં જાણે પંડિતજીનાં પ્રભાવશાળી વ્યાખ્યાનોની લહેર ચાલી. હવે લેખરામજી બટાલા જેવા નગરોમાં ધર્મપ્રચાર કરવા લાગ્યા. પરંતુ તેમના કાને વાત પહોંચી કે કાદિયાનમાં એક વિષ્ણુદાસ નામના હિંદુને મીરજાજીએ બોલાવીને કહ્યું છે કે જો તે એક વર્ષમાં મુસલમાન નહિ થઈ જાય તો તેમના 'ઇલહામ' મુજબ એ મરણ પામશે. ૨જી ડિસેમ્બર ૧૮૮૫ ના દિવસે મીરજાજીએ વિષ્ણુદાસને આ ધમકી દીધી અને ૪થી ડિસેમ્બરે તો પં.લેખરામજી કાદિયાનમાં વિષ્ણુદાસને બોલાવી પ્રેમથી સમજાવ્યો અને એક ખુલ્લા વ્યાખ્યાનમાં મીરજાજીની પોલ છતી કરી. વિષ્ણુદાસ આર્યસમાજ સાથે જોડાઈ ગયો. થોડા સમય બાદ મીરજાજીએ 'સુરમા ચશ્મ આરિયા' નામનો ગ્રન્થ લખ્યો. પંડિતજીએ આના પ્રત્યાખ્યાનમાં 'નુસખા ખબ્ર અહમદિયા' ગ્રન્થ લખી છપાવ્યો.

## આર્યગજેટનું સંપાદન

સન ૧૮૮૭ માં 'આર્યગજેટ'નું સંપાદન પં.લેખરામજીને આપવામાં આવ્યું. આ ઉર્દુ અઠવાડિક એ વખતે ફિરોઝપુરથી પ્રકાશિત થતું અને પંજાબમાં આર્ય સમાજનો સંદેશો ફેલાવવામાં તેની પ્રભાવશાળી ભૂમિકા હતી. લેખરામજીના સંપાદનકાળમાં તો એ ખૂબ જ ચમક્યું. એ વખતે એમાં એવા લેખો નીકળતા કે વાંચતા જ લોકોમાં ધર્મજાગૃતિની ચેતના પ્રગટતી.

અહમદિયા સંપ્રદાયની માયાજાળને છિન્નભિન્ન કરવા અને ઇસ્લામના બીજા પ્રચારકો દ્વારા આર્યસમાજ પર કરવામાં આવતા આક્ષેપોનો જવાબ દેવામાં પંડિતજીએ આર્યગજેટનો શસ્ત્રના રૂપમાં ઉપયોગ કર્યો. પંડિતજીના પ્રચારનું ક્ષેત્ર ખૂબ જ વિસ્તરતું જતું હતું. એ જાણીને આશ્ચર્ય થશે કે દિનરાત ધર્મની સેવામાં ગળાબૂડ રહેનારા પં.લેખરામજી આર્ય પ્રતિનિધિ સભા પંજાબ પાસેથી માત્ર ૨૫ રૂપિયા માસિક વેતનમાં પોતાનો નિર્વાહ કરતા હતા. આવો ત્યાગભાવ ધરાવતા ઉપદેશકોના તપનું જ એ પરિણામ હતું કે આર્યસમાજ પંજાબની ભૂમિમાં જ્વાળાની જેમ ફેલાયો.

## શારીરિક વિભૂતિ

પ્રભુએ પં.લેખરામજીને શારીરિક વિભૂતિ પણ અત્યંત મનોહારી બક્ષી હતી. મજબૂત શરીર, વિશાળ માથું અને નિર્ભયતાથી છલકતી આંખો હતી. સામાન્ય સંજોગોમાં ચહેરા ઉપર મંદ સ્મિત રાચતું રહેતું. પરંતુ અંધવિશ્વાસ કે પાખંડ વિરુદ્ધ જ્યારે જોશ પકડતા ત્યારે આંખોમાંથી જાણે કે તેજ વરસવા માંડતું. તેમનો અવાજ સિંહ જેવો જલદ હતો. પહેરવેશમાં એકદમ પેશાવરી યુવાન દેખાતા હતા. લાંબા ફેંટાવાળી પાઘડી, બંધ ગળાનો કોટ અને પંજાબી પાયજામો એ એમનો પહેરવેશ. એક મજાની વાત એ હતી કે લેખરામજીને ધોતી પ્રત્યે ભારે ચીડ હતી. સ્વામી શ્રદ્ધાનંદજી જ્યારે લાલા મુન્શીરામજી હતા અને જાલંધરમાં વકીલાત કરતા ત્યારે લેખરામજી એમને ઘણીવાર કહેતા કે 'ઈશ્વર જાણે છે લાલા મુન્શીરામજી ! તમને ધોતીમાં જોઈ મને ખૂબ જ દુઃખ થાય છે. આ ધોતીએ જ આપણા દેશનો નાશ કર્યો છે. તમે ધોતી નહિ પહેરશો.' પરમ મિત્રની આવી નિખાલસ ટીકા પર લાલાજી હસી પડતા. જેમ મરાઠા સામ્રાજ્યનાં સંસ્થાપક છત્રપતિ શિવાજીનાં ચિત્રને જોઈ એ ઓળખવું અઘરું છે કે એ કોઈ મોગલ બાદશાહ છે કે મરાઠા સરદાર, એવું જ પં.લેખરામજી માટે હતું. પહેરવેશ પરથી એ જાણવું મુશ્કેલ હતું કે એ પેશાવરી મુસલમાન છે કે સરહદી હિંદુ? કોઈએ એમને ક્યારે ધોતી પહેરેલા જોયા નથી. તેઓ ધોતીને સુસ્તપણાંનું ચિહ્ન સમજતા હતા અને સુસ્તી તેમનાથી ગાઉ છેટે રહેતી હતી.

## ઋષિ-જીવનની ખોજમાં

મહર્ષિ દયાનંદનું મૃત્યુ થયાને સાડા ચાર વર્ષ થઈ ગયા હતા.

દેશવાસીઓ અને ખાસ કરીને આર્યસમાજના લોકો મહર્ષિજીના જીવનચરિત્રને માટે ખૂબ જ માંગ કરી રહ્યા હતા. સમાજના સ્વાર્થી તત્ત્વો મહર્ષિજીના જીવન વિશે જનતાને ભ્રમિત કરવા માંડ્યા હતા.લાલા લાજપતરાય એ વખતે રોહતક આર્યસમાજના મંત્રી હતા. એમની પણ ઈચ્છા હતી કે મહર્ષિજીનું જીવનચરિત્ર પ્રકાશિત કરવું જોઈએ. પરંતુ આ ભગીરથ કાર્ય માટે કોણ જીવન લગાવે ? આ કાર્ય ખૂબ જ સૂઝ, લગન, પરિશ્રમ અને યોગ્યતાની અપેક્ષા રાખતું હતું. આર્યજાતિના મનીષી વિદ્વાનો, આગેવાનો અને કાર્યકર્તાઓ સૌએ એકી અવાજે આ પવિત્ર કાર્ય માટે પં.લેખરામજીનો પોકાર કર્યો. જેમનું રોમરોમ મહર્ષિજીનાં મહાન કાર્ય માટે સમર્પિત હતું એવા આ વીર સુધીર તપસ્વી બ્રાહ્મણ પં.લેખરામજી આ કાર્ય માટે આગળ આવ્યા. આર્યસમાજ મુલ્તાનની અંતરંગ સભાએ તેની ૧૨મી એપ્રિલ ૧૮૮૮ની બેઠકમાં એક પ્રસ્તાવ પસાર કરી આર્ય પ્રતિનિધિ સભા પંજાબને મોકલ્યો કે મહર્ષિજીના જીવનની ખોજ કરવાનું કામ પં.લેખરામજીને સોંપવામાં આવે. આર્ય પ્રતિનિધિ સભાએ ૧ જુલાઈ ૧૮૮૮ની અંતરંગ સભાની બેઠકમાં આ કામ પંડિતજીને સોંપવાનો નિર્ણય લીધો. નવેમ્બર ૧૮૮૮થી પંડિતજી આ કાર્યમાં લાગી ગયા. મહર્ષિ દયાનંદનું જીવન કોઈ સાધારણ જીવન થોડું હતું, કે એક બે સ્થાને જવા માત્રથી જ તેનું વૃતાંત મળી જાય ? તેમની જીવનગાથા માટે તો એક એવા ગવેષકવૃત્તિના માણસની જરૂર હતી કે જે દેશભરમાં નિરંતર પ્રવાસ કરતો રહે અને જાણમાં આવતા વૃતાંત પરથી ઠીક નિષ્કર્ષ તારવી શકે. પં.લેખરામજી સિવાય બીજા કોઈમાં એ વખતે આવી શક્તિ નહોતી. પંડિતજીએ લગભગ બે વર્ષ સુધી મહર્ષિજીના જીવનને લગતી ઘટનાઓની શોધ કરી અને જે કંઈ લેખિત માહિતી મળી તે ભેગી કરતા રહ્યા. જ્યાં જ્યાં મહર્ષિજી ગયા હતા ત્યાં ત્યાં જઈ પંડિતજીએ અનેક ઘટનાઓ અને પ્રવચનો વિશેના સમાચારો એકઠા કર્યા. ત્યારથી તેઓ 'આર્યમુસાફિર' અને 'આર્ય પથિક' ના નામથી ઓળખાવા લાગ્યા. જ્યાં જ્યાં આ કાર્ય માટે જતા ત્યાં પ્રવચનો પણ કરતા. બે વર્ષનો અથક પરિશ્રમ કરી આર્ય પથિકે જે માહિતી એકઠી કરી એ મહર્ષિજીનાં આજ સુધી લખાયેલા તમામ જીવનચરિત્રોની આધારશિલા છે. બીજા લેખકોએ ભાષા અને ક્રમમાં પરિવર્તન કર્યું હશે અને

સંભવ છે કે કોઇ નવીન ઘટના પણ જોડી હશે, પરંતુ જીવચરિત્રની જ રૂપરેખા પં.લેખરામજીએ બનાવી દીધી છે એ અકબંધ છે. આ તેના ઉગ્ર પરિશ્રમ અને સત્યનિષ્ઠાનું જવલંત પ્રમાણ છે. મહામહોપાધ્યાય સ્વ. યુધિષ્ઠિર મીમાંસક આ જીવચરિત્રને બેજોડ અને મૂળ ચરિત્ર માનતા હતા. તેમણે લખ્યું છે કે આ ગ્રન્થનું મૂલ્ય તો કોઈ ઇતિહાસવિદ્ જ સમજી શકે તેમ છે.

## આર્ય વિજય

મહર્ષિ જીવનની શોધમાં 'આર્ય મુસાફિર' લાહોર અને જાલંધર થઈ મથુરા પહોંચ્યા. ત્યાં મહર્ષિના સહપાઠી એવા પં.યુગલકિશોર, પં.દામોદર ચોબે અને પં.હરિકૃષ્ણ વગેરેને મળી મહર્ષિજી તથા ગુરુ સ્વામી વિરજાનંદજી વિશેની માહિતી મેળવી. ત્યાર બાદ સંયુક્તપ્રાંતમાં ભ્રમણ કરતા રહ્યા. જ્યાં જાય ત્યાં પ્રવચનો પણ આપે અને શાસ્ત્રાર્થો પણ કરે. જે વખતે લેખરામજી અજમેર પહોંચ્યા ત્યારે ત્યાં ખળભળાટ મચેલો હતો. આર્યસમાજની ખૂબ જ પ્રગતિ જોઈ પૌરાણિકો, ખ્રિસ્તીઓ, મુસલમાનો અને જીવદયાની વાતો કરનારા જૈનો સુધ્ધાં વિરોધનો ઝંડો લઈને તૈયાર હતા. ઉત્તેજનાનું એક મુખ્ય કારણ એ હતું કે પં.લેખરામજીના 'તકજીબ' અને 'નુસખા એ ખબ્ત' જેવા ગ્રન્થો વાંચી અજમેરના એક અબ્દુલ રહેમાન નામના માણસે મુસલમાન મત ત્યજી વૈદિક ધર્મનો અંગિકાર કરેલો. મુસલમાનોને આ શુદ્ધિ કાંટાની જેમ ખડકતી હતી. પૌરાણિકો પણ આ ઘટનાથી નાખુશ હતા. આથી મુસલમાનોએ પૌરાણિકોને ઉત્તેજિત કરી આર્યસમાજીઓને લલકાર ફેંક્યો. પૌરાણિકોના દૂતો આર્યોને ઘેર પહોંચી પડકારવા માંડ્યા. વૃધ્ધોએ તો આની કંઈ જ પરવા ન કરી, પરંતુ ૧૦-૧૨ જુવાનિયાઓથી આ સહન ન થયું.તેઓ પ્રશ્નોત્તર માટે પૌરાણિકોના આમંત્રણ મુજબ પહોંચી જ ગયા. જયારે પ્રશ્નોની વેળા આવી તો એક આર્ય જુવાને પહેલો જ પ્રશ્ન એવો પૂછ્યો કે પૌરાણિક જૂથ ઠંડુંગાર થઈ ગયું. એમાં કોઈ બદમાશે શોર મચાવ્યો કે આ આર્યોએ એક મૂર્તિ ખંડિત કરી છે. આ સાંભળતા જ આર્યો પર પૌરાણિક દળ તૂટી પડ્યું. આ મોરચે પેલા અબ્દુલ રહેમાને (કે જેનું નવું નામ હવે સોમદત્ત રાખવામાં આવ્યું હતું) એવો વીરતાથી પૌરાણિકોનો મકાબલો કર્યો કે એ લોકોને ભાગવું પડયું. હવે

મુસલમાનોએ જાહેર ભાષણો દ્વારા આર્યસમાજ પર આક્રમણો શરૂ કરી દીધાં. ધમકી દીધી કે જો કોઈ આર્યે એ માથું ઉંચક્યું છે તો આવી બન્યું જ સમજજો. આ માટે મુસલમાનોએ 'રહનુમા' નામનું એક માસિક પણ ચાલું કર્યું.

આવી હાલતમાં પં.લેખરામજીનું અજમેરમાં આગમન થયું. તેમના પહોંચતા જ આર્યો પોતાની ચિંતા તો ભૂલી ગયા, પરંતુ પં.લેખરામજીની સુરક્ષાની ચિંતા માથે આવી પડી. તેઓએ વિચાર કર્યો કે પંડિતજીની સલામતી માટે ચાર જણાનો પહેરો ગોઠવવામાં આવે. આ ગુપસુપ ધર્મવીર લેખરામજીના કાને પડી. તેમણે તુરંત ઝાટકણીના સ્વરમાં કહ્યું કે 'મને કંઈની જરૂર નથી. તમે લોકો તો ભારે ડરપોક છો. શું કરી લેવાના છે એ લોકો આપણું બીજા દિવસથી જ મુસલમાનના માણસો પંડિતજીની પાસે આવવા માંડ્યા અને પંડિતજી તેઓની સાથે વાર્તાલાપ કરતા. અજમેરમાં પંડિતજીનાં પ્રવચનો શરૂ થયાં. એક મોલવીએ પંડિતજી સમક્ષ હિંદી ભણવાની ઇચ્છા પ્રગટ કરી. આર્યસમાજીઓએ રોક્યા, પરંતુ પંડિતજી થોડા માને? તેમણે મોલવી સાહેબને હિંદી ભણાવવાનું શરૂ કર્યું. પંડિતજીની પ્રેરણાથી અહીં એક 'આર્ય વિજય' નામનાં નવા માસિકનું પ્રકાશન શરૂ થયું. પંડિતજીનું જે 'જિહાદ' નામનું પુસ્તક છે એ સૌપ્રથમ આ 'આર્ય વિજય' માં જ લેખમાળારૂપે પ્રગટ થયું હતું.

### ભ્રમણ

અજમેરથી ચાલી રજપૂતાના પ્રદેશના કેટલાક સ્થળોની યાત્રા કરી લેખરામજી નસીરાબાદ છાવણીમાં પહોંચ્યા. ત્યાં મુસલમાનો સાથે શાસ્ત્રાર્થ થયો. શહેરનો કોતવાલ શરાબી કાયસ્થ હતો. તેણે આ શાસ્ત્રાર્થ અધવચ્ચે જ બંધ કરાવી દીધો. બનવાજોગે એ જ રાત્રીએ આ કોતવાલને લકવો થઈ ગયો અને બીજે દિવસે તો એ મૃત્યુ પામ્યો. જનતામાં એવો ભ્રમ ફેલાયો કે પંડિતજીનો શાસ્ત્રાર્થ બંધ કરાવવાથી જ આ દુષ્ટ મૃત્યુ પામ્યો છે. જો કોઈ સસ્તી લોકપ્રિયતા કે પ્રસિદ્ધિનો ભૂખ્યો પ્રચારક હોત તો તેણે જરૂર આ ભ્રમનો ભરપેટ લાભ ઉઠાવ્યો હોત. પરંતુ ઊલટું લેખરામજીએ તો જનતાનો આવો ખોટો ભ્રમ દૂર કરવા ખૂબ જ પ્રયત્ન કર્યો. વચ્ચે થોડા દિવસો પોતાની ઘરે રહી પંડિતજી મહર્ષિનાં જીવનચરિત્રની શોધમાં મેરઠ

અને અલિગઢ થઈ જાલંધર પહોચ્યા.

## સિદ્ધાંત-ભક્તિ

એક દિવસ મહાત્મા મુન્શીરામજી (સ્વામી શ્રદ્ધાનંદજી) પં.લેખરામજીને મળવા લાલા દેવરાજજીના ઘરે ગયા. પંડિતજી ખાટલા પર બેઠા હાંફી રહ્યા હતા અને આંખો જોતાં તાવ ૧૦૫ ઉપર જણાતો હતો. મુન્શીજીએ નમસ્તે કર્યા પણ કંઈજ જવાબ ન મળ્યો. પીઠ ઉપર હાથ રાખી સૂવડાવવા માંડ્યાં, પરંતુ મુન્શીજીના હાથ જોરથી દૂર કરી લેખરામજી ક્રોધ ભરેલા અવાજે બોલ્યા કે 'બસ સાહેબ! હું અહીંયા નહિ રોકાઉં. આ આર્યોનું ઘર નથી.' મુન્શીજીએ પૂછ્યું કે 'શું થયું પંડિતજી ?' ગુસ્સામાં અટકતા અટકતા બોલ્યા કે 'પહેલાં તો લાલા દેવરાજને બોલાવો પીઠ પાછળ વાત કરવી એને હું પાપ માનું છું.' દેવરાજજીને તુરંત જ બોલાવ્યા. ફફળતા હોઠે લેખરામજી બોલ્યા કે 'તમે કેવી જાતના આર્ય છો? 'ઓમ્' નો નિરાદર કરો છો? મુન્શીજીએ ઘરના ચાકરને અલગ બોલાવી પૂછ્યું તો ખબર પડી કે પંડિતજી તાવની વેદનામાં ઓમ્ ઓમ્ બોલતા હતા; એવામાં પડોશમાંથી એક છોકરો આવ્યો અને એણે ફૂલઝાડનાં કૂંડા પર લખેલા 'ઓમ્' શબ્દ પર પોતાનાં જોડાં અડકાડ્યા. આ જોતાં જ પંડિતજી એની પછવાડે ભાગ્યા. પરંતુ તાવમાં પડેલા પંડિતજી પેલા નટખટને કેવી રીતે પકડી શકે ? મુન્શીજીએ આ જાણી પંડિતજીને શાંત પાડતા કહ્યું કે 'પંડિતજી, એમાં દેવરાજજીનો શો વાંક ? 'એમણે થોડો એ શેતાનને બોલાવ્યો હતો. જવાબમાં બોલ્યા કે એમણે આ કૂંડા એવી જગ્યાએ કેમ નથી મૂક્યા કે જ્યાં આવા બાળકો પહોંચી જ ન શકે ? ઈશ્વર જાણે છે હું અહીં નહિ રોકાઉં' મુન્શીજીએ ધીમેધીમે શાંત પાડ્યા. શ્રદ્ધાનંદજીએ સ્વયં આ ઘટના પર લખ્યું છે કે 'આ ઘટના એક તરફ આર્ય પથિકની નિર્બળતા પ્રગટ કરે છે, પરંતુ તેની સાથે સાથે એનાથી એ પણ પ્રગટ થાય છે કે પોતાના સિદ્ધાંતો માટે તેમના હૃદયમાં કેવી ભક્તિ હતી.'

## વૈશ્યનો યજ્ઞોપવીત સંસ્કાર

બે અઠવાડિયે તાવ ઉતરતા જ શરીરની ચિંતા કર્યા વગર પંડિતજી વ્યાખ્યાનો આપવા માંડ્યા. એટલામાં નકોદારથી સમાચાર આવ્યા કે ત્યાંનો એક અમલદાર, જે થોડા સમય અગાઉ મુસલમાન થઈ ગયો છે એ પોતાની શંકાઓનું નિરાકરણ માંગે છે. એક્કાગાડીમાં કેટલાક આર્યબંધુઓને જોડે

લઈ તુરંત જ પંડિતજી નકોદાર પહોંચ્યા. ચાર દિવસ પ્રવચનો કરતા રહ્યા. એક સાધુ અને બીજા એક પૌરાણિક પંડિત સાથે મૂર્તિપૂજા પર શાસ્ત્રાર્થ પણ થયો અને બંને નિરુત્તર થઈ ગયા. છેલ્લા દિવસે અહીં ૨૫ સભ્યો તૈયાર કરી આર્યસમાજની સ્થાપના કરી દીધી. અહીંથી લાહોર, કાનપુર, પ્રયાગ વગેરે નગરોમાં ભ્રમણ કરી પંડિતજી મિરજાપુર આર્યસમાજના વાર્ષિકોત્સવમાં પહોંચી ગયા. અહીં તેમણે હવન ઉપર એક જબરજસ્ત સારગર્ભિત વ્યાખ્યાન દીધું. મિરજાપુરવાસીઓએ આવું વ્યાખ્યાન કદી સાંભળ્યું નહોતું. સાંજે ધર્મ વિષય પર અને બીજે દિવસે આર્યસમાજના દસ નિયમો પર વ્યાખ્યાનો દીધાં પંડિતજીનાં વ્યાખ્યાનો સાંભળી નગરના આબાલવૃદ્ધ સૌ આર્યસમાજના ગુણ ગાવા માડ્યાં.

આ આર્યસમાજના એક સભાસદ ખેડૂત હતા. પંડિતજીએ તેમને સમજાવ્યા કે વૈશ્યનું કામ કરો છો, તો પછી જનોઈ શા માટે ધારણ નથી કરતા ? સભાસદે જવાબ દીધો કે પંડિતજી મને જનોઈ કોણ ધારણ કરાવે ? તુંરત જ પંડિતજીએ કહ્યું કે 'હું કરાવીશ, જોઉં છું કે કયો આર્યસમાજી પંડિત નથી આવતો. યજ્ઞોપવીતનો સમય નક્કી થયો. નગરના મોટા લોકો તો આવ્યા જ, પરંતુ સાથે સાથે જન્મથી જ જે બ્રાહ્મણો હતા તેઓ પણ પધાર્યા. તેઓએ જ વિધિ કર્યો. રૂઢિચુસ્ત જમાતની ધમકીઓની પંડિતજીની હાજરીમાં કોઈએ પરવા સુદ્ધા ન કરી મિરજાપુરમાં એક કટ્ટર મોલવી સાથે શાસ્ત્રાર્થ માટે પંડિતજી તૈયાર થતા નગરમાં હલ્લો મચી ગયો. આર્યબંધુઓએ પંડિતજીને ચેતવણી આપી, પરંતુ છતાંય તેઓ વીરની જેમ સાંજના ટાણે એકલા જ ફરવા નીકળતા. મિરજાપુરથી કાશી, દાનાપુર, બાંકીપુર થઈ પટના પહોંચ્યા. પંડિતજીની કતલ થઈ ગઈ છે- એવી અફવાઓ યવન લોકો જાણીજોઈને વહેતી મૂકતા.

## કર્તવ્યપાલન

પટના આર્યસમાજના પ્રમુખશ્રીએ પંડિતજીને કહ્યું કે 'મહારાજ એવું ન બને કે યવન લોકો તમને આક્રમણનો શિકાર બનાવી દે એ લોકો જનૂની છે, માટે તમે જરા સંભાળીને કામ લેશો. આ સાંભળી લેખરામજી હસતા હસતા કહેવા લાગ્યા 'પ્રધાનજી ! મોત તો એક દિવસ આવવાનું જ છે. પરંતુ સત્ય ધર્મ માટે શહીદ થવા જેવું બીજું કોઈ જ મોત નથી. ઇતિહાસ વાંચો તો

ખબર પડશે કે સંસારમાં ધર્મની વેદી ઉપર બલિદાન કેવું પ્રભાવશાળી પરિણામ લાવે છે. માટે આ યવનો વિશે વધારે વ્યાકુળ થવાની જરૂર નથી. એ લોકો મને ગાળો દે છે, પથ્થર ફેંકે છે, મારા લખેલાં પુસ્તકોને બાળી મૂકે છે, મારી ઉપર આરોપો મૂકે છે, જુદી જુદી રીતે મને હેરાન કરે છે. પરંતુ હું આની પર કંઈ જ ધ્યાન દેતો નથી. આપણે તો એ જ જોવાનું છે કે આપણાં કર્તવ્યપાલનમાં કોઈ પણ પ્રકારની ત્રુટિ નહિ આવવી જોઈએ ?' પટનામાં તેમણે 'સત્યાર્થ પ્રકાશ' નું ફારસી ભાષામાં અનુવાદ તૈયાર કરી અફઘાનિસ્તાન, ઈરાન, અરબ, મિશ્ર અને તુર્કસ્તાન વગેરે મધ્ય એશિયાના દેશોમાં વૈદિક ધર્મનો પ્રચાર કરવા જવાની ઈચ્છા પ્રગટ કરી હતી. અહીંના મોલવી ખુદાબક્સ ખાં બહાદુરનાં વિશાળ પુસ્તકાલયમાંથી પંડિતજી જેની લાંબા સમયથી શોધ કરી રહ્યા હતા એ ૪૦ પાનાનું કુરાન પણ હાથ લાગ્યું. કલકત્તા, જાલંધર અને લાહોર તરફ થઈ પંડિતજી સિંધ હૈદરાબાદ પહોંચ્યા. અહીં ઈસ્લામનું જોર હતું અને એવા સમાચાર પણ મળ્યા કે અહીંનો એક મોટો જાગીરદાર તેના બે પુત્રો સાથે ઈસ્લામનો અંગીકાર કરવા તૈયાર થયો છે. બીજા કેટલાક યુવાનોને ખ્રિસ્તી મતનું આકર્ષણ લાગેલું. આવા માઠા વાવડ સાંભળી પં.લેખરામ ચુપ રહી શકે ખરા, તુંરત જ એક સિંધી ભાષાના જાણકાર સ્વામી પૂર્ણાનંદજીને સાથે લઈ હૈદરાબાદ પહોંચી ગયા, અને ઈસ્લામ તથા ખ્રિસ્તી મતના ખંડનમાં એવા તો ભાષણો દીધાં કે નગરમાં જાણે આંદોલન મચી ગયું. અહીં ખ્રિસ્તી મતના વિરોધમાં એક નાનું પુસ્તક પણ પ્રકાશિત કર્યું, જેમા આદમ અને હવ્વાથી મનુષ્ય જાતિનો આરંભ થયો છે એ વાતનું પ્રબળ યુક્તિ અને તર્કની મદદથી ખંડન કરવામાં આવ્યું હતું. પંડિતજીના પરિશ્રમથી હિંદુ યુવાનો ખ્રિસ્તી બનતા બચી ગયા. અહીંના એક મોલવી સાથે શાસ્ત્રાર્થ પણ થયો, પરંતુ મોલવી ચુપ થઈ ગયા અને પેલો જાગીરદાર અને તેના બે નબીરાઓ પણ ઈસ્લામમાં ખેંચાતા રહી ગયા.

## સાધુ વાસવાણીનું હૃદય પરિવર્તન

જે દિવસોમાં પં.લેખરામજી હૈદરાબાદમાં હિંદુ સંતાનોને વિધર્મી બનતા બચાવી રહ્યા હતા, એ દિવસોમાં દેશના જાણીતા લેખક, સ્વતંત્રતા સેનાની અને શિક્ષણશાસ્ત્રી એવા ટી.એલ. વાસવાણી ત્યાં વિદ્યાર્થી હતા.

તેમણે પંડિતજી સાથે વાતચીત કરી અને તેમનાં વ્યાખ્યાનો સાંભળ્યા. પંડિતજીના સત્સંગથી તેમનાં હૃદયમાં આપણા ધર્મગ્રંથો માટે માન પેદા થયું. આગળ ચાલી તેઓ 'સાધુ વાસવાણી' થી પ્રખ્યાત થયા. મહર્ષિ દયાનંદના સદા કૃતજ્ઞભાવે ગુણગાન કરનારા આ સાધુ વાસવાણીની પાછળ પં.લેખરામજીનું તપ જવાબદાર હતું. હૈદરાબાદથી આવી પંડિતજી મોટા ભાગે પંજાબમાં પ્રચાર કરતા રહ્યા. સન ૧૮૯૧માં આ વર્ષની આખરમાં લાહોર આર્યસમાજના વાર્ષિકોત્સવમાં પ્રચાર કરી, કેટલાક સ્થાને નવા આર્યસમાજો ઊભા કરી, પંડિતજી જૂન ૧૮૯૨ સુધી રાજસ્થાનમાં મહર્ષિજીના જીવનની ઘટનાઓ એકત્રિત કરતા રહ્યા.

## હિજરત તો કરી નથી

રાજસ્થાનના બુંદી રાજ્યમાં બ્ર.નિત્યાનંદજી અને સ્વામી વિશ્વેશ્વરાનંદજીની બેલડીએ આર્યસમાજના પ્રચારની ધૂમ મચાવી હતી. એવામાં આર્યોએ પાછાં પં.લેખરામજીને મદદ માટે અહીં મોકલી દીધા. કેટલાક હિતેચ્છુઓએ ડરાવ્યા કે જોજો, અહીં રાજાનું રાજ છે; ક્યાંય મુશ્કેલીમાં મૂકાય ન જતા. પરંતુ ધર્મયુદ્ધના આ નરસિંહને ભલા કોઈ ડરાવી શક્યું છે કદી ? સીધા બુંદી પહોંચ્યા. પરંતુ ત્યાં પહોંચી ખબર પડી કે શાસ્ત્રાર્થમાં વિજયી થયેલા બ્ર.નિત્યાનંદજી અને સ્વામી વિશ્વેશ્વરાનંદજીને તો રાજ્યે હદપાર કર્યા છે. આથી પંડિતજી જહાજપુર ગયા અને પ્રચાર શરૂ કર્યો.રાત્રીના એક વ્યાખ્યાનમાં જનતાની સાથે ફોજના સિપાઈઓ અને અફસરો પણ બેઠા હતા. અવૈદિક મતોનું ખંડન કરી રહેલા પંડિતજીએ ઈસ્લામની પણ આલોચના કરી. સભામાં બેઠેલો એક મુસલમાન સિપાઈ ઊભો થઈ ગયો. તેણે વ્યંગની ભાષામાં કહ્યું કે 'એવા તિસમારખાં હોય તો બુંદીથી કેમ ભાગી આવ્યા ?' હાજરજવાબી લેખરામજીને વિચાર કરવાની જરૂર નહોતી; તુરંત જ કહ્યું કે 'સામેના પક્ષના જ શાસ્ત્રાર્થમાંથી ભાગી ગયેલા, એટલે અમે પાછા ફર્યા. કંઈ હજરતની જેમ હિજરત કરીને નથી ભાગી આવ્યા.' આ સાંભળી પેલા સિપાઈની આંખ લાલ થઈ ગઈ અને તેણે તલવારની મૂઠ પર હાથ ધર્યો. આ જોઈ વીર લેખરામજીએ ગર્જના કરતા કહ્યું કે 'મને તલવારની ધમકી બતાવે છે પઠાણનો બચ્ચો હોય તો તલવાર કાઢીને મજા જોઈ લે.' આખી સભા સ્તબ્ધ થઈ ગઈ.'

એ દિવસોમાં વ્યાખ્યાનો આપવા અને લોકોની શંકાઓનું નિવારણ કરવા ઉપરાંત જે થોડો ઘણો વખત પંડિતજીને મળતો એમાં તેઓ પુસ્તકો લખતાં અને વૈદિક ધર્મના વિરોધીઓને જવાબો દેતા રહેતા. એમને એ વાતની પણ ચિંતા રહ્યા કરતી કે પૌરાણિક મનોવૃત્તિના પોપ લોકો આર્યસમાજમાં ઘૂસી ક્યાંય તેને ભરખી ન જાય. તેઓ અનેક પ્રસંગે એવું દૃઢતાપૂર્વક જણાવતા કે જ્યાં લગી લોકો વેદના સિદ્ધાંતોને માન્ય નહિ કરે, ત્યાં લગી આર્યાવર્તનો ઉધ્ધાર થવો દોહ્યલો છે. નવીન (અદ્વૈતવાદી) વેદાન્તીઓના પ્રચારથી લોકોમાં જે એવો ભ્રમ ફેલાઈ ગયેલો હતો કે ઉપનિષદો તો વેદો કરતાં પણ શ્રેષ્ઠ છે, એની પણ પંડિતજી ટીકા કરતા અને કહેતા કે આ ભોળા લોકોને ખબર નથી કે ઉપનિષદો તો વેદોમાંથી જ ઋષિઓએ રચેલ છે. પંડિતજી ઉપનિષદોની ટીકા લખવાની ઈચ્છા પણ ધરાવતા હતા. તેમણે રામવિલાસજી શારદાને કહ્યું હતું 'કે મેં ૨૬ જેટલી મનુસ્મૃતિઓ એકઠી કરી છે, જેમાંની એક કાશ્મીરથી હાથ લાગી છે એ શ્રેષ્ઠ છે.' તેમની ખૂબ જ ઈચ્છા હતી કે આર્ય લોકોના સ્વાધ્યાય માટે મનુસ્મૃતિનું એક શુદ્ધ ટીકાસહિત સંસ્કરણ પ્રકાશિત થવું જોઈએ, જેમાં કોઈ જાતની પોપલીલા ન હોય. વાલ્મીકિ રામાયણ માટે પણ તેમણે સામગ્રી તૈયાર કરી હતી. પ્રાચીન ઈતિહાસનો વિસ્તારથી પ્રકાશ કરે એવા ગ્રંથોની રચના કરવાની પણ ખૂબ જ ઈચ્છા ધરાવતા હતા.

## રોચક શાસ્ત્રાર્થ

ગુજરાનવાલા જિલ્લાના જલાલપુર નગરમાં એક પ્રીતમદેવજી નામના પૌરાણિક પંડિતે આર્યસમાજને શાસ્ત્રાર્થ માટે કહેણ મોકલ્યું. પં. લેખરામજીને બોલાવવામાં આવ્યા. મોટી સંખ્યામાં લોકો ભેગા થયા. સૌપ્રથમ પં. પ્રીતમજીએ યજુર્વેદનો 'ન તસ્ય પ્રતિમા અસ્તિ યસ્ય નામ મહદ્યશઃ હિરણ્યગર્ભ ઈત્યેષ..' મંત્ર બોલી મૂર્તિપૂજાને સિધ્ધ કરવાનો પ્રયાસ કર્યો અને જણાવ્યું કે 'હિરણ્યગર્ભ'નો અર્થ સોનાનું ઈંડું થાય છે. પ્રીતમજી બીજો એક મંત્ર પણ બોલ્યા અને અથર્વવેદના એક મંત્રને ટાંકી કહ્યું કે આ મંત્રથી વરાહ અવતાર સિધ્ધ થાય છે. એ માટે તેમણે દલીલ કરી કે જેમ જમીન ખોદવાથી પાણી આપમેળે બહાર નીકળે છે, તેમ ભગવાન પણ દૈત્યોને મારવા અવતાર ધારણ કરે છે. જો તમે આવું ન માનો, તો પછી

મૂર્તિપૂજા સિદ્ધ થઇ શકે નહિ. ફરી પાછા મંત્રો બોલી કહ્યું કે પથ્થરનું પથ્થરપણું એક જુદી વસ્તુ છે. પરંતુ ઈશ્વર સર્વવ્યાપક હોવાથી પથ્થરમાં પણ છે.બીજા મંત્રો કહી સંભળાવી પ્રીતમજીએ ઈશ્વરને ત્રણ આંખો છે એવું પણ જણાવ્યું. એટલામાં શાસ્ત્રાર્થની પહેલેથી જ નક્કી કરેલી શરત પ્રમાણે પં.પ્રીતમજીનો બોલવાનો અડધ કલાકનો સમય પૂરો થયો. હવે પં.લેખરામજીનો બોલવાનો વ' આવ્યો. લેખરામજીએ સૌપ્રથમ ઈશ્વર અને મૂર્તિ શબ્દોની વ્યાખ્યાઓ આપી. પછી ન તસ્ય પ્રતિમા અસ્તિ યસ્ય નામ મહદ્યશઃ મંત્રનો અર્થ સંભળાવ્યો. અને કહ્યું કે ન તસ્ય એક શબ્દ નથી, પરંતુ તેમાં ન અલગ છે અને તસ્ય અલગ છે. જેમ તસ્ય માટે હિંદી ઉર્દૂમાં ઉસકા શબ્દનો પ્રયોગ થાય છે, તેમ તસ્યથી વિપરીત યસ્ય છે, જેનો અર્થ થાય છે જિસકા મહદ્યશઃની વ્યાખ્યા માટે એ જ અધ્યાયના બીજા ત્રણ મંત્રો ઉદ્ધૃત કરી પંડિતજીએ સાફ શબ્દોમાં જણાવ્યું કે તસ્ય=તે ઈશ્વરની મૂર્તિ નથી, યસ્ય=જેના નામનો મહદ્યશઃ છે. પછી પ્રીતમજીએ જે મંત્રો પ્રસ્તુત કરેલા તેનો ખરો અર્થ પ્રગટ કરી પં.લેખરામજીએ મૂર્તિપૂજાના ખંડનમાં લગભગ દસ યુક્તિઓ દીધી. તેમણે સિદ્ધ કરી દીધું કે મૂર્તિપૂજા તદ્દન વેદવિરુદ્ધ છે. અને ઈશ્વર કદી અવતાર લેતા નથી. છેવટે પ્રીતમજી સભાસ્થળ છોડીને ચાલી નીકળ્યા અને આર્યો સહર્ષ ભજન ગાતા ગાતા આર્યસમાજે પહોંચ્યા.

## ગુજરાતના આંગણે પં.લેખરામજી

લાહોર, મુજફ્ફરનગર, સીબી(બ્લૂચિસ્તાન), અમૃતસર અને જાલંધર વગેરે તરફ પ્રચારયાત્રા કરી પં.લેખરામજી ફરી પાછા રાજસ્થાનમાં મહર્ષિજીનાં જીવચરિત્રની શોધમાં ભ્રમણ કરે છે. કેટલાક વિશ્વાસપાત્ર લોકો દ્વારા એમને જાણવા મળ્યું કે મહર્ષિજીનું જન્મસ્થાન મોરબી રાજ્ય છે. આથી સન ૧૮૯૩ના જાન્યુઆરી મહિનામાં અમદાવાદ પહોંચ્યા. અમદાવાદમાં એક સ્કૂલમાં તેમણે 'સનાતન ધર્મ' પર પ્રવચન દીધું.અહીં તેમની મુલાકાત સ્વામિનારાયણ સંપ્રદાયના લોકો સાથે થઈ. આ મુલાકાત વિશે પંડિતજીએ લખ્યું છે- ''અહીં મારી સ્વામિનારાયણ સંપ્રદાયવાળાઓ સાથે મૂર્તિપૂજા વિષય પર ચર્ચા થઈ. પરંતુ 'આવું મૂર્તિપૂજા કરવાનું અમારા ગ્રન્થમાં લખ્યું છે.' એ સિવાય તેઓ બીજું કોઈ જ પ્રમાણ આપી શક્યા નહીં

આ સંપ્રદાય વિક્રમ સંવત ૧૮૫૦ની આજુબાજુમાં એક સહજાનંદ નામની વ્યક્તિએ ઊભો કરેલો છે. એ અયોધ્યા પાસેના કોઈ ગામમાં રહેતો હતો અને પછી સાધુ બનીને આ પ્રદેશમાં આવી ગયો. તેણે તથા તેના ચેલાઓએ એવું પ્રસિદ્ધ કરાવ્યું કે તે ચતુર્ભુજનો અવતાર છે. આ ભોળા લોકોના પ્રદેશમાં તેનો થોડો પ્રચાર થઈ ગયો. ચેલાઓને ઠગીને આ લોકોએ પર્યાપ્ત સાધનો ભેગાં કરી લીધાં છે. આપણાં જે ઉપદેશકો ગુજરાતી જાણે છે, તેઓએ આ પ્રદેશમાં આવી વૈદિક ધર્મનું મંડન અને જૂઠા સંપ્રદાયોનું ખંડન કરવું જોઈએ.' લેખરામજીએ આગળ લખ્યું છે- ''અહીં ગોસાંઈઓ અર્થાત્ ગૃહસ્થી સંન્યાસિઓનું ખૂબ જ જોર છે. લોકો પણ બહુ જ ભોળા અને ઝટ વિશ્વાસ કરી લે એવા છે. મૂર્તિપૂજામાં ડૂબેલા છે. પરમાત્મા કૃપા કરે, જેથી આ લોકો ઠીક રસ્તે ચઢે.'' આર્યસમાજી વિચારોના મહર્ષિજીના ગ્રન્થો પણ એમની પાસે હતા. પંડિતજીએ એમની ધર્મભાવના, સ્વભાવ અને શિષ્ટાચારની પ્રશંસા કરી છે. પરંતુ ઋષિજીનો જન્મ ક્યાં થયો હતો એ વિશે તેમણે જે કાંઈ માહિતી આપી તેનાથી લેખરામજીને ઝાઝો સંતોષ થયો નહીં ત્યાં કોઈકે કીધું કે પાસેના કેરાળા ગામમાં એક બાઈ છે એ આ વિશે કંઈક બતાવી શકે એમ છે. પંડિતજી એક જોશીજીને સાથે લઈ બળદગાડામાં બેસી એ ગામે પહોંચ્યા, પરંતુ કોઈ જ જાણકારી હાથ ન લાગી. આ ગામમાં એક ધુતારો બ્રહ્મચારી તડકામાં જ પડ્યો રહી પોતાને સિદ્ધ ગણાવી જનતાને ઠગતો હતો. પંડિતજીએ તેની સાથે વાતચીત કરી તો ખબર પડી કે આ તો સાવ મૂર્ખ છે. રાત્રીના સમયે પંડિતજી વાંકાનેર પાછા ફર્યા. ચર્ચાના માધ્યમથી જ પંડિતજીએ અહીનાં ૨-૩ જણાને આર્ય કરી દીધા. વાંકાનેરથી ટ્રેનમાં મોરબી ગયા. પરંતુ વાંકાનેરમાં રેલ્વે સ્ટેશને પણ ધર્મપ્રચાર કરવા માંડ્યા અને રાતના આઠના સુમારે મોરબી પહોંચ્યા.ત્યાં ધર્મશાળામાં રાતવાસો કરી બીજે દિવસે પં.કાશીરામજીને મળ્યા. કાશીરામજી સ્કૂલના આચાર્ય હતા.બીજા એક શ્રી પં.શંકરલાલજી શાસ્ત્રીને પણ મળ્યા. આ શાસ્ત્રીજી સંસ્કૃતના સારા વિદ્વાન હતા અને તેમણે સંસ્કૃત- ગુજરાતીમાં કેટલાંક પુસ્તકો પણ લખેલા. તેમણે થોડીક મદદ કરી. ધર્મના વિષયમાં ચર્ચા પણ થઈ. મોરબી વિશે. પં.લેખરામજીએ લખ્યું છે કે આ રાજ્યનો પ્રબંધ તો સારો છે, પરંતુ સ્વચ્છતા તરફ ઘણું જ કમ ધ્યાન આપવામાં આવે છે. બજારો

ખૂબ જ ગંદી છે. નદીમાં સ્નાન કરો તો કીડાઓ શરીર પર ચોંટી જાય છે. પંડિતજીને અંદરની હોય બહારની, ગંદકીથી ખૂબ 'નફરત હતી. અહીં પંડિતજીને ૨-૩ દિવસ ભારે તાવ આવી ગયો. આસપાસના ૧૪-૧૫ ગામડાઓમાં મહર્ષિજીનું જન્મસ્થાન નક્કી કરવા ફર્યા. ટંકારામાં પણ ખૂબ જ તપાસ કરી. 'મોરબી ગજટ' માં પણ વિજ્ઞપ્તિ પ્રકાશિત કરી, પરંતુ એનાથી કાંઈ વધારે જાણકારી ન મળી. લગભગ દોઢેક મહિનો કાઠિયાવાડની આ ભૂમિમાં ભ્રમણ કરી પંડિતજીને જે કંઈ માહિતી મળી એના આધારે તેમણે નિર્ણયો લીધા કે મહર્ષિજીનું જન્મસ્થળ મોરબી છે, તેમના પિતાજીનું નામ અંબાશંકર હતું અને તેમનું (મહર્ષિજીનું) બચપણનું નામ મૂળશંકર હતું. જોકે પાછળથી બંગાળના ઋષિજીવનના અધ્યેતા અને ગવેષક શ્રી દેવેન્દ્રનાથજી મુખોપાધ્યાયે આ વિગતોમાં સંશોધન કરી જન્મસ્થળ તરીકે ટંકારા અને પિતાજીનું નામ કરશનજી ત્રિવાડી જાહેર કર્યું હતું. પં.લેખરામજી ઋષિજીના જન્મસ્થળ અને પિતાજીના ખરા નામની જાણકારી કેમ મેળવી નહિ શક્યા, તેની પાછળ કેટલાક કારણો જવાબદાર હતા. મહર્ષિ દયાનંદના જીવન અને કાર્યોના અધિકૃત વિદ્વાન ડૉ. ભવાનીલાલજી ભારતીયે આ વિશે લખ્યું છે, કે એક તો સૌરાષ્ટ્રના લોકો એ દિવસોમાં સ્વામીજીનાં મહત્ત્વને ઠીક રીતે પામી શક્યા નહોતા અને જાણતા નહોતા કે અમારી ભૂમિમાંથી પ્રગટેલ આ સંન્યાસી ભારતીય નવજાગરણનો અગ્રદૂત છે. ઊલટા આ લોકો સ્વામીજી વિશે કેટલીક મિથ્યા ધારણોઓ ધરાવતા હતા. આથી ટંકારાનો કોઈ પણ રહેવાસી કે તેઓની જ જાતિ-વંશનો માણસ પણ સ્વામીજીની સાથેનો એમનો નાતો કે સંબંધ પ્રગટ કરવામાં સંકોચ કરતો હતો. ટંકારાના બ્રાહ્મણો સ્વામીજીના જીવન વિશે કંઈ જ પ્રગટ કરવા ઈચ્છતા નહોતા. તેઓને એવી ભીતિ હતી કે જો સ્વામીજીના અનુયાયીઓને ખબર પડી કે ટંકારા જ એમનું જન્મસ્થળ છે, તો એ લોકો (અર્થાત્ આર્યસમાજના પ્રચારકો) અહીં આવશે, અને યજમાન વૃત્તિથી ગુજરાન કરનારા મોટા ભાગના બ્રાહ્મણોનો ધંધો ભાંગી પડશે. બીજું એક કારણ એ પણ હતું કે પં.લેખરામજી ફારસી શબ્દોથી યુક્ત એવી ઉર્દૂ ભાષા બોલતા હોવાથી અને તેમનો પહેરવેશ પણ પંજાબી મુસલમાન જેવો હોવાથી કાઠિયાવાડના ધર્મભીરુ પુરાણપંથી લોકો કદાચ તેમને મુસલમાન

જ સમજતા હતા. આવા સહજ અવિશ્વાસ થી તેઓ પં.લેખરામજીને મહર્ષિજી વિશે કંઈ પણ જણાવવામાં સંકોચ અનુભવતા હતા.

## વેદવાણી પર અટૂટ શ્રદ્ધા

મહર્ષિના જન્મસ્થળની શોધ કરી પં.લેખરામજી અજમેરમાં વ્યાખ્યાન દઈ આગ્રા આર્યસમાજના વાર્ષિક ઉત્સવમાં પહોંચી ગયા. સન ૧૮૯૩નું વર્ષ હતું. અહીં શ્રોતાઓની શંકાઓનું એવું તો સમાધાન કર્યું કે લોકોને તસલ્લી થઈ. એ સમયે પંજાબમાં માંસ ખાવું કે નહિ એ વિશે ભારે વિવાદ કેટલાક ચાલાક લોકોએ આર્યસમાજમાં ફૂટ ઊભી કરવા પેદા કરેલો હતો. આગ્રામાં પં.ઘાસીરામજીએ વાતવાતમાં લેખરામજીને પૂછ્યું કે 'માંસભક્ષણના હિમાયતી લોકો એવું કહે છે કે વેદમાં માંસ ખાવાનું વિધાન છે; શું આ વાત સાચી છે આ સાંભળતા જ લેખરામજીનું મોં મન્યુથી લાલ થઈ ગયું. તાડૂકીને બોલ્યા કે 'જે આવું કહે છે એ જૂઠા છે.' ઘાસીરામજીએ કહ્યું કે કલ્પના કરો કે જો એ લોકો એવું સાબિત કરી દે કે વેદમાં માંસભક્ષણની આજ્ઞા છે, તો શું આપ માંસ ગ્રહણ કરશો ?' પંડિતજીએ જવાબ દીધો કે 'એવું અસંભવ છે. પરંતુ જો કોઈ માંસભક્ષણને વેદોથી સિદ્ધ કરી દે તો હું માંસ ખાવામાં જરાય સંકોચ નહિ કરું. ઊલટું એ જ સમયે બજારમાંથી માંસ મંગાવીને ખાઈશ.' આવી અટૂટ શ્રધ્ધા લેખરામજીને વેદવાણી પર હતી. પરંતુ વેદમાં માંસભક્ષણના પક્ષમાં પ્રમાણ શોધવું વ્યર્થનું કામ છે. વેદ તો અનેકસ્થાને માંસ ખાવાનો સ્પષ્ટ નિષેધ કરે છે.

આગ્રાથી ફરી પાછા પંડિતજી રાજસ્થાન ગયા અને જયપુરમાં પ્રવચનો કર્યા. આર્ય પ્રતિનિધિ સભા પંજાબનો આદેશ મળતા પાછા જાલંધર પહોંચ્યા. અહીં આર્યસમાજમાં ઋષિ દયાનંદનાં જીવન પર પ્રવચન કર્યું અને એમાં જણાવ્યું કે આર્યસમાજના પ્રવર્તકના ગુરુ સ્વામી વિરજાનંદનું જન્મસ્થળ અહીં જાલંધર પાસે આવેલું કરતારપુર ગામ જ છે. 'આર્યસમાજની આવશ્યકતા' વિષય પર એક લેખમાળા પણ પંડિતજીએ પ્રકાશિત કરી. જાલંધરથી લાહોર અને જેહમલ થઈ પડિતજી પોતાના ઘરે કહૂટા પહોંચ્યા. અહીં એક મહિનો રજા ગાળી. ૩૫ વર્ષની ઉંમર થઈ ગઈ હતી.

## ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ

આખરે કુટુંબિજનોના આગ્રહનો સ્વીકાર કરી પં.લેખરામજી લગન

માટે તૈયાર થઈ ગયા. મરી પર્વત પાસેના ભન્ન ગામની લક્ષ્મીદેવી સાથ સંવત ૧૯૫૦ના વર્ષમાં પંડિતજીનો વિવાહ થયો. ઋષિ-આજ્ઞાને શિરોધાર્ય કરી પંડિતજીએ ગૃહસ્થમાં પ્રવેશ તો કર્યો, પરંતુ દેશ અને જાતિની વ્યથા અનુભવતા પંડિતજી ઘરગૃહસ્થીની જવાબદારી જોઈએ તેવી નિભાવી શક્યા નહિ. હંમેશાં સામાજિક કાર્યો અને ધાર્મિક સંમેલનોમાં જ પરોવાયેલા રહેતા. ઘણીવાર કાકાને કહેતા કે ગૃહસ્થી બનાવી તમે લોકોએ મને ખોટો ફસાવી દીધો છે નહિતર હું કેવો આઝાદ થઈને ધર્મપ્રચાર કરત. લક્ષ્મીદેવી તો સીધીસાદી ભારતીય નારી હતી. ખૂબ જ ઓછું બોલવાની ટેવ હતી. પોતાનું દુઃખ કોઈને ન બતાવતી. પંડિતજીએ તેમને ભણાવવાનું શરૂ કર્યું. પંડિતજીની ઇચ્છા એવી કે લક્ષ્મીદેવી પણ ધર્મપ્રચારમાં પ્રવૃત થાય. લગન પછી પંડિતજી થોડા દિવસ ઘરે રહ્યા, પરંતુ ધર્મયુદ્ધમાં જ્યારે મદદની જરૂર પડતી ત્યારે તુરંત જ ગૃહસ્થની ચિંતા છોડી દોડી જતા.

### સમુદ્રમાં જઈ મગરમચ્છ સામે જંગ

લાહોરમાં માંસભક્ષણને લઈ જે વિવાદ જાગેલો એ જોધપુર સુધી પહોંચેલો. મહર્ષિ દયાનંદજીને આ જોધપુરમાં જ કાલકૂટ દેવામાં આવેલું. ત્યાંના રાજાનો ભાઈ મહારાજ પ્રતાપસિંહ કુટિલ હતો અને મહર્ષિજીની પ્રત્યે તેના મનમાં બૂરી ભાવનાઓ હતી. આથી મહર્ષિજી જોધપુરમાં વાસ કરતા હતા એ દિવસોમાં અંગ્રેજોની ખુશામત કરનાર આ પ્રતાપસિંહ પૂના જઈ જુગાર રમવામાં ગરકાવ હતો. દારૂ તો એ ઢીંચતો જ હતો અને માંસ આરોગવામાં પણ ભારે હતો. આર્યસમાજના લોકો આવા હીન ચારિત્ર્ય ધરાવતા માણસને મહર્ષિજીનો ભક્ત સમજવાની ભૂલમાં રહ્યા. પં.લેખરામજી જ્યારે ઋષિજીવનની શોધમાં જોધપુર આવ્યા, તો આ પ્રતાપસિંહે તેનાં કાર્યમાં અડચણો ઊભી કરી. માંસભક્ષણ રાચતા વિના ક્ષત્રિયોમાં વીરતા કદાપિ ટકી ન શકે એવી ભ્રમણામાં પ્રતાપસિંહે આર્યસમાજના જ કેટલાક વિદ્વાનો અને સમ્પાદકોને પ્રલોભન દઈ પોતાના પક્ષમાં કરી લીધા અને માંસભક્ષણને યોગ્ય ગણાવતો પ્રચાર શરૂ કરી દીધો. પ્રતાપસિંહે પં.ભીમસેન અને પં.ગંગાદાસને જોધપુર આમંત્રિત કર્યા. પં.ભીમસેનને મહર્ષિજીની જોડે સહવાસ કરવાનો લાભ મળેલો, પરંતુ પ્રલોભનો સામે હારી જવામાં તેઓ પ્રસિદ્ધ હતા. આથી પં.લેખરામજીને

જોધપુર માંસપ્રચારકોની ખબર લેવા મોકલવામાં આવ્યા. આર્ય પથિક પં.લેખરામજીએ નિર્ભયતાથી વૈદિક સિધ્ધાંતોની વકીલાત કરી અને રાજાના આંતક સામે મુકાબલો કર્યો. સમુદ્રમાં જઈ જાણે કે તેઓ મગરમચ્છ સામે જંગે ચડ્યા. જ્યાં જ્યાં પંડિતજી જતા ત્યાં ત્યાં રાજાનો ગુપ્તચર સાથે ફરતો. અહીં પંડિતજીએ મહર્ષિ વિશેની અત્યંત મહત્ત્વપૂર્ણ નાની-મોટી વિગતો મેળવી. પં.ભીમસેને રાજાને જઈ કહ્યું કે વેદમાં તો માંસ ભક્ષણનું સ્પષ્ટ ખંડન કરવામાં આવેલું છે; પરંતુ હિંસક પશુઓને મારી તેનું માંસ ખાવામાં કંઈ વાંધો નથી એવું પણ કહી બેઠા. આ ઘટના પં.લેખરામજીને કાને પડી. પં.ભીમસેને બરાબરનો લીધો અને કહ્યું કે 'ઈશ્વર જાણે છે, જો તે રાજા પાસે જઈ એમ ન કહ્યું કે વેદમાં માંસ ખાવાનો બધી રીતે નિષેધ ફરમાવવામાં આવ્યો છે, તો હું તને કોઈ પણ ધાર્મિક રાંસ્થામાં પગ પણ મૂકવા નહિ દઉં.' બીજે જ દિવસે રાજા પાસે પહોંચી પં.ભીમસેને સાફ શબ્દોમાં કહી દીધું કે 'માંસભક્ષણ પાપ છે. અને વેદમાં રંજાડ કરતાં પશુઓને દંડ કરવાની પણ આજ્ઞા છે, પરંતુ માંસ તો તેનું પણ અભક્ષ્ય જ છે. અને મેં જે એમ કહ્યું હતું કે તેનું માંસ ખાવામાં કંઈ વાંધો નથી, એનો પણ આશય એવો નહિ લેવો જોઈએ કે હાનિકારક પશુઓનું માંસ ખાવું જોઈએ કે એમાં કોઈ દોષ નથી. મારો અભિપ્રાય તો એવો હતો કે એવા પશુઓને મારવામાં સંસારનું કોઈ નુકશાન નથી અને ઉપકારી પશુઓનું માંસ ખાવાની સરખામણીમાં કમ દોષ થાય છે, પરંતુ દોષ તો જરૂર થાય જ છે. માટે માંસ ભલે હાનિકારક પશુનું કેમ નથી, છે તો એ બધી રીતે અભક્ષ્ય જ.' માંસપ્રચારકોનો ભેદ ખોલી પંડિતજીએ પંજાબ ભણી પ્રસ્થાન કર્યું.

## ડુંગળીની તરફદારી

સપ્ટેમ્બર ૧૮૯૩માં શ્રીગોવિંદપુર આર્યસમાજના વાર્ષિકોત્સવમાં વ્યાખ્યાનો આપી મહર્ષિજી વિશેના સમાચારો ભેગા કરતા કરતા આર્ય પથિક જાલંધર ગયા. ત્યાંથી લાલા મુન્શીરામ (સ્વામી શ્રદ્ધાનંદજી) ને સાથે લઈ પેશાવર આર્યસમાજના ઉત્સવમાં પહોંચી ગયા. મુન્શીરામજીએ લખ્યું છે કે 'પં.લેખરામજી ડુંગરીના ભારે તરફદાર હતા અને આર્ય ગૃહસ્થીઓને ડુંગરીથી વંચિત રાખવાને તેઓ તેઓની શારીરિક ઉન્નતિ સાથે દુશ્મનાવટ સમજતા. મારી સાથે ચર્ચા દરમિયાન મેં મનુસ્મૃતિનું પ્રમાણ દીધું તો કહેવા

લાગ્યા કે પ્રથમ તો અહીં 'પલાણ્ડુ' નો અર્થ ડુંગરી થતા નથી અને જો તેના અર્થ ડુંગરી જ કરવો હોય તો સમજવું કે એ શ્લોક જ પ્રક્ષિપ્ત છે.' તેમણે પોતાની નોટબુકમાં લખેલું છે કે 'ડુંગરીના ગુણ, તેને ખાવાથી શરીર વધે છે. લોહીનો પ્રવાહ સુધરે છે. સળેખમ- શરદીમાં ગુણકારી છે. સફેદ ડુંગરી ઘરમાં રાખવાથી ત્યાં સાપ આવતો નથી.' આવું તેમણે 'રિસાલા અંજુમન જિરાઅત, બિજનોર' માંથી ટાંકેલું.

## હાજરજવાબી

પંડિતજી હાજરજવાબી એવા હતા કે ઘણા પ્રસંગે લાંબી માથાકૂટ કે વાદવિવાદ કરવાની જરૂર જ ન પડતી. એક વખતે લેખરામજી ટ્રેનમાં જતા હતા. સાથે મુસાફરી કરી રહેલા એક ઉદાસી સંપ્રદાયના સાધુએ મહર્ષિ દયાનંદને 'સાધુ-નિંદક' કહ્યા. તેમનું કહેવું હતું કે દયાનંદે ગુરુ નાનકજીને દંભી કહી નિંદા કરી છે. ઉદાસીની આવી વાત સાંભળી પંડિતજીએ એમને પ્રેમપૂર્વક સમજાવતા કહ્યું કે 'જુઓ,સ્વામીજીએ નાનકજીના આશયની તો પ્રશંસા જ કરી છે. હા, નાનકજીએ વેદોની જે ક્યાંક-ક્યાંક નિંદા કરી છે એ સ્વામીજીથી સહન નથી થઈ; અને સંસ્કૃત ન જાણતા હોવા છતાં નાનકજીએ તેમાં પોતાની ટાંગ અડાડી છે, એથી જ દંભ પણ કર્યો હશે એવું સત્યાર્થ પ્રકાશમાં લખ્યું છે, પરંતુ ઉદાસી સાધુ ગુસ્સે થયા. પછી પંડિતજીએ કહ્યું કે' અચ્છા, જો બાબા નાનક ખુદ કહે કે મારામાં દંભ છે તો ?' આ સાંભળી સાધુજી આશ્ચર્યમાં પડી બોલ્યા કે 'મતલબ ?' હવે પંડિતજીએ ગુરુ નાનકજીના સ્વયંના શબ્દો કહી સંભળાવ્યા જેમાં પોતાની કેટલીક ત્રુટિઓ અને દોષોથી બચવાની પ્રાર્થના હતી, જેમાં દંભની ગણતરી પણ થયેલી હતી. આનો જવાબ આપતા સાધુજીએ કહ્યું કે 'એ તો કસર નફસી (ભૂલોનો એકરાર) છે; એનો અર્થ એ નથી કે તેઓ દંભી હતા. હાજરજવાબી પંડિતજીએ તુરંત બીજા દસ ઘૃણિત પાપોનાં નામ લઈ પૂછ્યું કે 'આ બધા દોષો સ્વયંમાં હોવાનું નાનકદેવજીએ કેમ નહિ કહ્યું ? શું તમે નાનકદેવજીને મક્કાર સમજો છો ? અમે તો તેમને પ્રભુના સાચા ભક્ત માનીએ છીએ. મેં જે દુર્ગુણ દુરાચારો ગણાવ્યા એ તેમનામાં નહોતા. જે કંઈ થોડા ઘણા હતા એનાથી બચવાની એમણે પ્રભુને યાચના કરી. તમે ભલે તમારા ગુરુજીને મક્કાર માનતા, અમે તો તેમને સાચા ઈશ્વરભક્ત સમજીએ છીએ.' ઉદાસી

સાધુ આ સાંભળી ફસાઇ ગયા, પરંતુ સ્વયંની ભૂલ સ્વીકારવાની તેમનામાં ક્ષમતા જ ક્યાં હતી?

પેશાવર જતાં પહેલાં જ લેખરામજીએ માંસભક્ષણનાં ખંડનમાં એક ઉત્તમ ગ્રન્થ લખી પ્રકાશિત કરેલો. એક નાની પુસ્તિકા એ વખતે લખેલી, જેમાં શ્રીરામચંદ્રજીના જીવન પરથી માંસાહારનો પ્રતિવાદ કરવામાં આવ્યો હતો. પંડિતજીના આ ગ્રન્થોમાં એવી તો જોરદાર દલીલો હતી કે મોટા મોટા માંસ સમર્થકોની બુધ્ધિ ઠેકાણે આવી ગઈ. પેશાવરથી રાવળપિંડી અને લાહોરમાં વ્યાખ્યાનો કરતા રહ્યા અને ત્યાંથી જાલંધર ગયા. પત્ની પણ આ વખતે સાથે જ હતી. જાલંધરમાં જ હવે રહેવા લાગ્યા. અહીં તેમણે મહર્ષિજીની જીવનગાથાની તૈયારીઓ કરી અને **'સબૂદ-એ તનાસુખ'** નામનો એક મોટો ગ્રંથ લખ્યો, જેમાં પુનર્જન્મની સત્યતા પર કરવામાં આવતા તમામ આક્ષેપોનો જવાબ અપૂર્વ ઢંગથી પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. વાંચનારા દંગ થઈ જતા. આર્ય પથિક એક ક્ષણ પણ વ્યર્થ ન ખોતા એનું જ આ ફળ હતું. બાકી એમની જેમ હંમેશાં યાત્રાઓ કરનાર વ્યક્તિ પાસે આવા ગ્રંથની આશા પણ ન રાખી શકાય.

## ધર્મસેવાની ઉત્કટ ભાવના

જાલંધરમાં પંડિતજીએ બજારોમાં પ્રચાર શરૂ કરી દીધો. બીજી બાજું જીવનચરિત્રનું કામ તો ચાલતું જ હતું. સન ૧૮૯૩માં ડિસેમ્બરમાં લાહોર કોંગ્રેસનું મથક બની ગયેલું હતું. દાદાભાઈ નવરોજી અધ્યક્ષ ચૂંટાયા હતા. ખૂબ જ દૂર દૂરથી આર્યભાઈઓ પણ અહીં આવેલા હતા. આ માટે વ્યાખ્યાનો કરવા પં.લેખરામજીને લાહોરનું તેડું આવ્યું. લાહોરથી પાછા ફર્યા એટલામાં અમ્બાલા જિલ્લાના શાહાબાદથી સમાચાર આવ્યા કે અહીંના એક પાસેના ગામમાં કેટલાક હિંદુઓ ઈસ્લામનો અંગીકાર કરવાના છે. પંડિતજીને એ વખતે પગમાં એક ફોડલો થયો હોવાથી તંગ હતા. લાલા મુન્શીરામજીએ કીધું કે 'પંડિતજી, આ લોકો પણ ભારે નિર્દય છે. સમજતા નથી કે માણસનું સ્વાસ્થ્ય હંમેશાં એક જેવું નથી રહેતું. તમે છોડો વિચારવાનું; હું જવાબ દઈ દઉં છું.' પંડિતજી પોતાનાં કાર્યાલયમાં ચાલ્યા ગયા. પરંતુ તેમનાથી રહેવાયું નહીં. અડધા કલાકે પાછા મુન્શીરામજી પાસે આવી બેઠા. કહ્યું શું સાહેબ કોને મોકલવાનો વિચાર છે મુન્શીરામે જણાવ્યું કે

પંડિતજી આ લોકો પણ ભારે બેખબર છે. ભલે સ્વયં ફોડતા, બીજું શું થાય?' આ સાંભળી આર્યપથિક લેખરામજી થોડું અટકતા અટકતા બોલ્યા, એ બાપડાં શું કરશે કંઈક તો ઈંતજામ કરવો જોઈએ. જવાબમાં મુન્શીરામે કહ્યું કે 'કહો તો પંડિત લાલમણિને મોકલી દઉં પંડિત લેખરામજીએ સ્મિત ફરકાવતા કહ્યું: 'ઈશ્વર જાણે છે, તમે મને કાયલ (સમજાવી) કરી દીધો; રાતે ટ્રેનમાં જ હું જાઉં છું. ધર્મસેવાની કેવી ઉત્કટ ભાવના હતી શાહાબાદ પાસેના ગામમાં પહોંચી પેલા ભોળા ભાંડુઓને બચાવી, ઈસ્માઈલાબાદમાં ત્રણ વ્યાખ્યાનો કરી, ત્યાં આર્ય સમાજની સ્થાપના માટે અનુકૂળ પ્રસંગો ઊભા કરી, પાછા શાહાબાદ, થાણેશ્વર અને કરનાલમાં વ્યાખ્યાનો દઈ જાલંધર પાછા ફર્યા. ફેબ્રુઆરી ૧૮૯૪માં માંટગુમરી આર્યસમાજના ઉત્સવમાં વ્યાખ્યાનો દઈ ઝંગ અને કમાલિયા બાજુ પ્રચાર કરતા લાહોર પહોંચ્યા. શ્રીગોવિંદપુર અને તેની આજુબાજુના ગામોમાં પ્રચાર કરી કુરુક્ષેત્ર ગયા. સાથે લાલામુન્શીરામજી હતા.

## મૂળ સિંચવાથી ઝાડ લીલું

જેમ ચંદ્રગ્રહણ વખતે કાશીમાં ગંગાસ્નાન કરવાને પૌરાણિકો પુણ્ય માને છે તેમ સૂર્યગ્રહણ વખતે કુરુક્ષેત્રનાં તળાવમાં ડૂબકી મારવામાં પૌરાણિકો સ્વર્ગપ્રાપ્તિનું ફળ માને છે. છઠ્ઠી એપ્રિલ, ૧૮૯૪ના રોજ સૂર્યગ્રહણ થવાનું હતું. આથી એપ્રિલની શરૂઆતમાં જ મંડપ ઊભો કરી આર્યસમાજે પોતાનું પ્રચારતંત્ર સાબદું કર્યું. અહીં પં. લેખરામજીએ ધર્મની અસલિયત અને તેનું આંદોલન' વિષય પર એક પ્રભાવશાળી પ્રવચન કર્યું. એક બીજા પ્રવચનમાં તેમણે કહ્યું કે 'ભાઈઓ, આર્યસમાજ ઋષિઓની નિંદા કરતો નથી, ઊલટું તેમના સિદ્ધાંતોનો પ્રચાર કરે છે.' અહીંથી પંડિતજી કરનાલ આર્યસમાજના વાર્ષિકોત્સવમાં પહોંચી ગયા. અહીં પ્રવચનો ઉપરાંત શંકા- સમાધાનનું કપરું કાર્ય પણ પંડિતજી જ સંભાળતા પરંતુ પગમાં ફોડલો એવો પાકેલો કે હાલવું ચાલવું મુશ્કેલ બની ગયું. આથી પંડિતજીએ ત્યાંના સભ્યોને કહ્યું કે 'મને કોઈ આર્ય ડોક્ટર પાસે લઈ જાઓ તો હું આ ફોડલો બતાઉં.' એક અધિકારીએ કોઈ મુસલમાન ડોક્ટરનું નામ લીધું તો પંડિતજી બોલ્યા કે શું અહીં કોઈ આર્ય ડૉક્ટર નથી આ સાંભળી કોઈ બોલ્યું કે 'સારવાર માં વળી આર્ય-અનાર્યનું શું?' આ સાંભળતા જ

પં.લેખરામજીની આંખ લાલ થઇ ગઇ. બોલ્યા કે 'અહીં આર્યસમાજ શું ખાક છે એક ડૉક્ટર પણ આર્ય બનાવી શક્યા નથી. લાલા મુન્શીરામે હસતા હસતા કહ્યું કે જે સમાજમાં કોઈ ડૉક્ટર સભ્ય ન હોય તો શું એને આર્યસમાજ જ ન કહેવાય ?' આ સાંભળી પંડિતજીએ ગંભીર મુદ્રામાં કહ્યું કે 'જે આર્યસમાજે ડૉક્ટરો, શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓને આર્ય નથી બનાવ્યા, તેણે શું ખાખ પ્રચાર કર્યો કહેવાય. મૂળને સિંચવાથી જ ઝાડ લીલું થાય છે.' મુન્શીરામે લખ્યું છે કે પંડિતજીનો આ જવાબ સાંભળતા જ મારું અંતઃકરણ સુદ્ધાં તેમનાં ચરણોમાં નમી પડ્યું.

## ભોજનમાં બેફિકરાઈ ન પાલવે

પંડિતજી સંધ્યા કરવામાં ખૂબ જ પાક્કા હતા. દરરોજ વ્યાયામ પણ કરતા હતા. જેવાતેવા ઢંગથી તૈયાર કરેલું ભોજન તેમને બિલકુલ પસંદ નહોતું ભોજનમાં ખૂબ જ કાળજી લેતા. એક વખત કોઈએ કહ્યું- કે 'મહારાજ, તમારે ભોજન વિશે કંઈ જ કહેવું જોઈએ નહિ. એ તમારી શાન જોતા ઠીક નથી લાગતું.' પંડિતજીએ તુરંત કડકાઈથી કહ્યું કે 'અમે લોકો રાત-દિવસ બહાર જ ફરતા રહીએ છીએ. સાથે સાથે દિમાગનું કામ પણ ખૂબ જ કરતા હોઈએ છીએ. જો ભોજનમાં બેફિકરાઈ કરીએ તો કામ કેવી રીતે કરીએ જો કોઈ પ્રચારક આ બાબતમાં લાપરવાઈ કરે તો એ વહેલો મરી જશે અથવા તો એવો થાકી રહેશે કે કામ કરવું જ છોડી દેશે.' લેખરામજી બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી જતા અને રાતે દશ વાગે સૂઈ જતા. વચ્ચે જરાય સમય વ્યર્થ ન ખોતા. સતત ચાર-પાંચ કલાક ઉપદેશ કરવો એમના માટે મામૂલી વાત હતી.

## ધર્મપ્રચારનાં સાધનો

કરનાલથી જાલંધર પાછા ફરી સ્થાનિક પ્રચાર અને મહર્ષિનાં જીવનચરિત્રનું કામ નિરતંર કરતા રહ્યા. જુલાઈમાં મુલતાન ખાતે પ્રવચન દઈ કવેટા આર્યસમાજના ઉત્સવમાં ભાગ લેવા પહોંચ્યા. ત્યાં તેર પ્રવચનો કર્યા. ત્યાંથી અનેક નગરોમાં પ્રવચનો દેતા સીવી પહોંચ્યા. અહીં પાંચસો છસો લોકોની હાજરીમાં બે મુસલમાનોને શુદ્ધ કરી વૈદિક ધર્મમાં દીક્ષિત કર્યા. આ દિવસોમાં 'વિદ્યાવર્તક' નામનું એક માસિક શરૂ કરી વૈદિક ધર્મના પ્રચારને તીવ્ર કરવાનો વિચાર કરતા હતા. તેમણે પોતાની નોંધમાં લખ્યું છે-

સમગ્ર ભારતમાં આર્યધર્મ પ્રચલિત કરવા માટે આ મુજબનાં સાધનોની જરૂર છે. જો ભગવાનની કૃપાથી આવા સાધનો પ્રાપ્ત થાય તો સર્વે લોકોને સદ્ધર્મમાં પ્રવૃત્ત કરી શકાય. (૧) વિધવાવિવાહ અથવા બીજો કોઈ માર્ગ કે જેથી ભવિષ્યમાં સ્ત્રીઓ મુસલમાન કે ખ્રિસ્તી ન થાય, શુદ્ધિ ફંડ કે જેનાથી વિધર્મીઓને વૈદિક ધર્મમાં સમાવી શકાય. (૩) વેદપ્રચાર-નિધિની સ્થાપના કરવી, જેથી ઉપદેશકો તૈયાર થઈ શકે. (૪) બાળવિવાહ પર પ્રતિબંધ (૫) સાહિત્ય દ્વારા પ્રચાર, તમામ ભાષાઓમાં પુસ્તકો અને આધુનિક વિજ્ઞાનના જે મંતવ્યો વેદથી વિરૂદ્ધ છે તેના પર વિચાર. (૬) સાધુઓ થોડા હોય અને વર્તમાનમાં જે સાધુઓ છે તે બધા પણ પ્રથમ ઉપદેશકો બને, પછી ધર્મનો પ્રચાર કરે. (૭) દાનની વ્યવસ્થાને ઠીક રૂપ આપવું. આ સાધનો પર દૃષ્ટિ કરતા જ પંડિતજીના હૃદયની સરળતા પ્રગટ થાય છે.

## પ્રચારયાત્રા

ડિસેમ્બરના અંત સુધી પંડિતજી શ્રીગોવિંદપુર, ગુરુદાસ, કોહાટ, બન્નુ, લાહોર, લાલા મૂસા અને પેશાવર તરફ પ્રચાર કરતા જ રહ્યા. બન્નુમાં તેમણે આખરી પ્રવચન 'આર્યજીવન' પર દીધું. આચરણ પર પંડિતજી હંમેશાં ખૂબ જ ભાર દેતા હતા આ પ્રવચનમાં તેમણે મર્યાદા પુરુષોતમ શ્રીરામ, વીર હકીકતરાય વગેરેના જીવન પ્રસંગો ટાકી હૃદયને સ્પર્શી જતી વાણીમાં આર્યજીવનનું ચિત્ર ખેંચ્યું. સાંભળીને જનતા ગદ્ગદ્ થઈ ગઈ. વચ્ચે એક ભજનિકને સાથે લઈ જઈ પોતાના ગામ પણ બે દિવસ પ્રચાર કરી આવ્યા. લાહોરના ઉત્સવમાં છેલ્લું વ્યાખ્યાન પંડિતજીનું હતું. એક કલાકનો સમય ફાળવવામાં આવેલો. પરંતુ આર્ય પથિકે આર્યસમાજના નિયમોની એવી તો માર્મિક વ્યાખ્યા કરી કે સાંભળનારાઓ ઉઠવાનું નામ જ લેતા નહોતા. અઢી કલાક જનતા મુગ્ધભાવે સાંભળતી જ રહી. જાલંધરમાં પણ એક જોરદાર પ્રવચને અનેકના દિલ જીતી લીધા. પંડિતજીના પ્રવચનથી રાધાસ્વામી સંપ્રદાયનો એક સાધુ એવો પ્રભાવિત થયો કે સંપ્રદાયને ત્યજી વૈદિક ધર્મ જોડાઈ ગયો.

## લાહોરમાં

મહર્ષિ દયાનંદજીનું જીવનચરિત્ર તૈયાર કરવા માટે પં. લેખરામજીએ કોઈ એક જ જગ્યાએ બેસવાની હવે જરૂર હતી. પરંતુ ધર્મપ્રચારનો જુસ્સો

અને ઉત્સાહ એમના હૃદયમાં એવો તો પ્રબળ કે ન પૂછો વાત. બીજી બાજુ જનતા પણ પંડિતજીને ચેનથી બેસવા દે એમ નહોતી. આર્ય પ્રતિનિધિ સભાએ પંડિતજીને કેટલીય વખતે નવા નવા નિયમો બનાવીને દીધા કે જેથી એમનો ધાર્મિક જુસ્સો થોડો નરમ પડે અને શાંત ચિત્તે આ જીવનચરિત્રનું કાર્ય આગળ વધારે. પરંતુ જેવી ખબર પડી કે કોઈ વ્યક્તિ મુસલમાન થવા જઈ રહી છે અથવા કોઈ સ્થાને શાસ્ત્રાર્થની નોબત આવી છે, એટલે પંડિતજી તુરંત જ ચાલી નીકળતા. સભાના અધિકારીઓને પણ કહી દેતા કે શાસ્ત્રાર્થમાં જાઉં છું, માટે આ દિવસોનું વેતન કાપી લેજો. જીવનચરિત્ર માટે તેમણે અસંખ્ય નોંધો એકઠી કરી હતી, અને તેમના વગર આ એકત્રિત કરેલી સામગ્રીનો જીવનચરિત્ર લખવામાં બીજા કોઈથી એ વખતે ઉપયોગ થઈ શકે એ સંભવ નહોતું. સભાના નિર્ણય મુજબ પંડિતજીને લાહોર લાલા જીવનદાસજીના મકાનમાં રહી જીવનચરિત્રને લખવાનું શરૂ કરવાનું કહેવામાં આવ્યું ગુજરાત અને લાલામૂસામાં ધર્મપ્રચાર કરતા કરતા પોતાના વતન જઈ પત્નીને સાથે લઈ લાહોર પહોંચી ગયા. કામ તો શરૂ કર્યું પરંતુ એક સ્થાને બેસી રહે એ બીજા ફેબ્રુઆરી ૧૮૯૫માં માંટગુમરી અને ગુજરાનવાલામાં પ્રવચનો શરૂ કરી દીધાં અને પહોંચ્યા ભીવાની આર્યસમાજનાં ઉત્સવમાં. જનતાની શંકાઓનું સમાધાન કરવાનું મુશ્કેલીભર્યું કામ પંડિતજી જ સંભાળતા. અહીંથી કરનાલ જઈ હિંદુઓનાં મૃતપ્રાય શરીરમાં પ્રાણ ફૂક્યો. સ્વામી શ્રદ્ધાનંદજીએ લખ્યું છે કે પતિતોના ઉધ્ધાર અને આર્યજાતિના ભવિષ્ય પર આવા સ્ફૂર્તિ ભરેલાં વ્યાખ્યાનો મેં અગાઉ કદી સાંભળ્યા નહોતાં.

## દિલ્હીમાં

સન ૧૮૯૫માં માર્ચના છેલ્લાં દિવસોમાં દિલ્હીમાં આર્યસમાજનો ઉત્સવ હતો. ત્યાંના પ્રમુખ લાલા ગિરધરજીને ત્યાં જ ઉત્સવનું આયોજન થયેલું. તેમનું ઘર ખૂબ જ વિશાળ હતું. મહાત્મા મુન્શીરામ સાથે પંડિતજી પણ દીલ્હી પધાર્યા. બીજા નગરોમાંથી પણ આર્યો ઉત્સવમાં પધાર્યા હતા. વહેલી સવારમાં જ યજ્ઞ હવન કરી ૫૦-૬૦ ભાઈઓ શહેરમાં કીર્તન કરવા નીકળ્યા. પરંતુ દિલ્હીના લોકેએ એવું માની લીધું કે આ તો કોઈ જલસા (નાચરંગ)નું આયોજન લાગે છે. દયાનંદના સૈનિકો પરિસ્થિતિ સમજી

ગયા. તુરંત થોડા મૂઢા લઇ આવ્યા. દિવસોમાં આજકાલની જેમ બેસવા માટે ખુરશીઓને બદલે મૂઢાઓનો ઉપયોગ વધુ થતો. દિલ્હીમાં જુદાજુદા સ્થાને આવા મૂઢાઓ ઉપર ઊંચા ઊભા રહી ધર્મવીર પં.લેખરામજી, મહાત્મા મુન્શીરામજી અને ચૌધરી રામભજદત્તજીએ ભાષણો આપવાનું શરૂ કર્યું. ક્યાંક પાંચ મિનિટ તો ક્યાંક પંદર મિનિટ. ભાષણોમાં વેદની વાતો અને આર્યસમાજનો ઉદ્દેશ્ય શું છે એ જનતાને સંભળાવતા. આમ કરતા લગભગ સોળ જેટલાં સ્થાને વ્યાખ્યાનો દીધા. ચાંદની ચોકમાં પં.લેખરામજીનું ભાષણ શરૂ થયું. ત્યારે લગભગ બે હજાર જેટલા લોકોની ભીડ ચોતરફ સાંભળવા માટે ઉત્સુક હતી. ભીડમાં મુસલમાનો પણ ઘણા આવતા. પંડિતજીની આસ્તિક ભાવનાથી ભરેલી વાણી સાંભળી **'સુબાન અલ્લા'** અને **'વારક અલ્લા'** ના નારા બોલી આ મુસલમાનો પોતાની દાઢી લીધેલાં માથાં હલાવતાં હતાં. આવા બહાદુર ધર્મયોદ્ધાઓને સાંભળી દિલ્હીવાસીઓના હૃદયમાં આર્યસમાજ માટે અપૂર્વ આદરભાવ પેદા થયો. ૩૦મી માર્ચે આર્ય પથિકે **'જ્ઞાનના આવિર્ભાવ'** વિષય પર બે કલાકનું એક ધારાપ્રવાહ પ્રવચન કર્યું. પોતાની ઓજસ્વી વાણીમાં પંડિતજીએ અનેક દેશી-વિદેશી વિદ્વાનોના ગ્રંથોના પ્રમાણોની ઝડી વરસાવી. ઈસ્લામ અને ખ્રિસ્તી મતોની આલોચના કરતા તેમણે સ્પષ્ટરૂપે સિદ્ધ કર્યું કે સદ્વિચારોનો પ્રકાશ આર્યાવર્તમાંથી સમગ્ર સંસારમાં ફેલાયો છે. પંડિતજીનું આ પ્રવચન દિલ્હીવાસીઓનાં હૃદયપટ પર અંકિત થઈ ગયું. એક બીજા પ્રવચનમાં પડંતિજીએ પુરાણોની વિજ્ઞાનવિરોધી અને અશ્લીલ વાતોનું જોરદાર ખંડન કરી અંધવિશ્વાસોની શિલાને ખંડ ખંડ કરી નાખી.

## ખાલસા શીખોની ધર્મરક્ષા

દિલ્હીથી લાહોર પહોંચી જીવનચરિત્રનું કામ ફરીથી શરૂ કરે એટલામાં તો સિયાલકોટથી સમાચાર આવ્યા કે અહીં શીખ રસાલામાંના કેટલાક સવારોની સ્થિતિ ડામાડોળ છે. તેઓ ઇસ્લામનો અંગીકાર કરવાની તૈયારીઓ કરે છે. પંડિતજી તુરંત સિયાલકોટ જઈ પહોંચ્યા. ખૂબ જ પ્રેમથી શીખબંધુઓને સમજાવ્યા અને ધર્મનું મહત્ત્વ સમજાવ્યું. ત્રણ દિવસ અહીં ઈસ્લામના ખંડનમાં પ્રવચનો દીધાં અને પરિણામે સેંકડો ખાલસાઓ મુસલમાન બનતા બચી ગયા.

## અદ્‌ભુત દૃશ્ય

એપ્રિલમાં લેખરામજી મહાત્મા મુન્શીરામજી અને પં. કૃપારામજી સાથે માલેરકોટલાના ઉત્સવમાં આવી પહોંચ્યા. અહીં નવાબનું રાજ્ય હતું. પંડિતજીના ભાષણોની અહીં ધૂમ મચી. મૌલાના અબ્દુલ લતીફ સાથે 'પુનર્જન્મ' વિષય પર શાસ્ત્રાર્થ પણ થયો. પંડિતજીના વ્યાખ્યાનો પણ મૌલાનાએ ધ્યાનપૂર્વક સાંભળ્યા. મુન્શીરામજીનું એક વ્યાખ્યાન સાંભળી મૌલાનાએ તેમના હાથમાં પાંચ રૂપિયા દઈ કહ્યું કે 'તમે કોઈ પણ ભલા કામમાં આ રૂપિયા વાપરજો.' એક દિવસ મુન્શીરામજી થાકીપાકીને એકાંતમાં આરામ કરતા હતા. એવામાં બે ભાઈઓ દોડી આવ્યા અને જણાવ્યું કે 'જલદી કરો, ચાલો, અનર્થ થવા બેઠું છે. આ નવાબનું રાજ્ય છે અને પંડિત લેખરામજીએ મુસલમાનો સાથે શાસ્ત્રાર્થ છેડી દીધો છે.' મુન્શીરામ તાબડતોબ શાસ્ત્રાર્થ સ્થળે ભાગી આવ્યા. પરંતુ અહીં એકદમ અદ્‌ભુત દૃશ્ય જોવા મળ્યું. ચાર-પાંચ મુસલમાન ભાઈઓથી ઘેરાયેલા પંડિતજી પ્રેમપૂર્વક ચર્ચા કરી રહ્યા છે. એમાંના એક મુસલમાનનો હાથ પોતાના હાથમાં પકડી બીજો હાથ તેના સાથળ પર રાખી તેને કંઈક સમજાવી રહ્યા છે. એ મુસલમાન યુવાન બોલ્યો કે 'આ પ્રમાણ તો પંડિતજી તમે કુરાનમાંથી પ્રસ્તુત કરી જ દીધું. હવે તો હું અમારા મૌલવી સાહેબને ફરીથી પૂછીને આવીશ. પં. લેખરામજીના હૃદયમાં કેવી લગન હતી એ પેલો યુવાન શું જાણે. પંડિતજીએ કહ્યું કે 'ભાઈ, હું તો પથિક છું. કોણ જાણે હવે ફરી મળશું કે નહિં. મારો આશય તો સાંભળી લો. પછી અડધો કલાક સુધી પરમેશ્વરની વેદવાણીની શ્રેષ્ઠતા સમજાવી ધર્મનો ઉપદેશ દઈ ખૂબ જ પ્રેમથી આ ભાઈઓને વિદાય કર્યા. મુન્શીરામજીનું દોડી આવવાનું કારણ જાણી પંડિતજીએ સ્થાનિક આર્યસમાજીઓને કહ્યું 'કે તમે ભારે બોદા છો. શું હું તમારા જેવાના ભરોસે ધર્મપ્રચાર કરી રહ્યો છું. ઈશ્વર જાણે છે કે તમારા જેવા અવિશ્વાસી નાસ્તિકોથી તો નમાજી મુસલમાનો હજાર ગણા સારા છે.' પંડિતજીના આ શબ્દોમાં એમનો પ્રબળ ઈશ્વર-વિશ્વાસ અને ધર્મપ્રચારની તડપના દર્શન થાય છે.

## કર્તવ્યપરાયણતા

માલેરકોટલાથી પાછા ફરી રોપડ આર્યસમાજના કાર્યક્રમમાં ૨૭મી એપ્રિલે પહોંચી ગયા. ત્યાં બે વ્યાખ્યાનો કર્યા ભેરામાં એક બાલકરામ

નામનો ઉદાસી સાધુ આર્યસમાજ વિરૂદ્ધ વિષવમન કરતો હતો. આથી પંડિતજી ત્યાં પહોંચ્યા. શાસ્ત્રાર્થ માટે ઉદાસી સાધુ તૈયાર ન થયો. અહીં પંડિતજીએ ત્રણ ભાષણો કર્યા. ૧૫મી મેના રોજ પોતાની પત્ની સાથે લાહોરથી નીકળી પોતાના ઘરે કહૂટા પહોંચ્યા. ૧૮ તારીખે પંડિતજીને ત્યાં પુત્રરત્નનો જન્મ થયો. બાળકનું નામ વૈદિક નામકરણ વિધિપૂર્વક 'સુખદેવ' રાખ્યું. ૩૫ વર્ષની ઉંમરે લગ્ન કરી જેને આંગણે પુત્ર અવતરે તેની ખુશાલીમાં એક સામાન્ય ગૃહસ્થ બધું જ ભૂલી જાય. પરંતુ ધર્મવીર લેખરામજી ચોથા દિવસે ભેરામાં ભાષણો કરવા પહોંચી ગયા. અહીં 'આજના નવયુવકો અને એમની હિંમત' એ વિષય પર એક પ્રવચન કરતા પંડિતજીએ કહ્યું કે 'જે યુવકો વ્યાયામ કરતા નથી તેઓ ખાધેલું પચાવી શકતા નથી. અને જે પર્યાપ્ત માત્રામાં ભોજન નથી લેતા એમનામાં બળ પણ ક્યાંથી આવે ? સરકારે હૉસ્પિટલના દરદીઓ માટે જેટલી માત્રાનો ખોરાક નક્કી કર્યો છે, એટલું પણ આપણા નવયુવકો ખાતા નથી.' પુત્રલાભના હરખમાં પંડિતજીએ અહીં પોતાનાં ખર્ચે આખી ઉપદેશક મંડળીને સહભોજન કરાવ્યું. ભેરાથી આવી જીવનચરિત્રનું કામ હાથમાં લીધું એટલામાં તો ક્વેટાથી આમંત્રણ આવ્યું. માંટગુમરી અને સોબીમાં પ્રવચનો કરી પંડિતજી ક્વેટા પહોંચ્યા. બે પ્રવચનો કર્યા એ જુલાઈની આખરમાં અહીં વાર્ષિકોત્સવનું આયોજન નક્કી થયું. ત્યાં મેરઠથી પત્ર મળ્યો કે અહીં એક હિંદુભાઈ મુસલમાન થઈ ગયો છે અને બીજો એક પણ તૈયાર થયો છે. ક્વેટાથી સભાની આજ્ઞા વગર મેરઠ જવું અઘરું હતું. પરંતુ ત્યાં સમાચાર મળ્યા કે પં.લેખરામજીના સગાભાઈનું ઘરે મૃત્યુ થઈ ગયું છે. પંડિતજીનો ધર્મપ્રચારમાં અસીમ પ્રેમ એવો કે ઘરવાળાઓએ પણ થોડા દિવસો બાદ આ માઠા સમાચાર તેમને પહોંચાડ્યા. પંડિતજી મૂઝવણમાં મૂકાયા. એક તરફ સમાજનું કામ, બીજી તરફ ઘર પર આવી પડેલી દુઃખની ઘડી. પરંતુ ધર્મવીરે ઘરે પત્ર લખી દીધો કે જો મને આજ્ઞા આપો તો હું જુલાઈના અંત સુધી ક્વેટામાં જ રહેવા ઈચ્છું છું. ક્વેટામાં પ્રવચનો દઈ બીજી જુલાઈ, ૧૮૯૫ના રોજ પંડિતજી બોલાન, દોજાન, કોલપુર અને પનીરબંધ જેવા નગરોમાં ધર્મપ્રચાર કરવા નીકળી પડ્યા. ભાઈનું મૃત્યુ થયાને ૪૦ દિવસો થઈ ગયા હતા, પરંતુ પંડિતજી હજુ ઘરે નથી જઈ શક્યા. એટલામાં દીનાનગરથી

આર્યોનો સંદેશો મળ્યો કે અહીં એક ચિરાગદીન નામના મૌલવીએ આર્યોને શાસ્ત્રાર્થની ચેલેન્જ કરી છે અને આર્યોએ તેનો સ્વીકાર કર્યો છે. પંડિતજીને સૂચના મળતા જ બીજી ઓગસ્ટે દીનાનગર પહોંચી ગયા. પંડિતજીનું નામ સાંભળીને પેલા મૌલવી તો સામે જ ન આવ્યા. પંડિતજીના ભાષણોનો અહીં એવો તો પ્રભાવ પડ્યો કે જે હિંદુઓ આર્યસમાજના ઘોર વિરોધીઓ હતા, તેઓ હવે પંડિતજીને દીનાનગરથી જવા જ દેતા નહોતા. જનતાના આગ્રહને કારણે પંડિતજી છ દિવસ અહીં રહ્યા. આઠમી ઓગસ્ટે અમૃતસર પહોંચી 'ધર્મની મજબૂત ચટ્ટાન' અને 'સત્યનો સ્રોત' વિષય પર પ્રવચનો દીધાં. અહીંથી સમાચાર મળ્યા કે મુરાદાબાદમાં એક બ્રાહ્મણ ખ્રિસ્તી થઈ ગયો છે. તુરંત મુરાદાબાદ પહોંચી પંડિતજીએ ત્યાંનો જે સારસ્વત બ્રાહ્મણ ખ્રિસ્તી થઈ ગયેલો તેને સમજાવી ફરીથી વૈદિકધર્મી બનાવ્યો. લગભગ ૫૦૦ વ્યક્તિઓની હાજરીમાં આ શુદ્ધિનો કાર્યક્રમ આર્યસમાજના ભવનમાં જ યોજાયો. મુરાદાબાદથી અંબાલા ગયા. ત્યાં ખ્રસ્તીઓએ થોડો શોર મચાવેલો. પરંતુ પંડિતજીના ભાષણોથી જનતા જાગૃત થઈ ગઈ અને ખ્રિસ્તીઓની જ્ઞાનવિરુદ્ધ વાતોથી વાકેફ થઈ ગઈ. અહીંથી શિમલા આર્યસમાજના ઉત્સવમાં પધાર્યા. ત્રણ પ્રવચનોથી પ્રભાવિત થયેલા અનેક લોકો આર્યસમાજમાં જોડાવા લાગ્યા. શિમલાથી પાછા ફરતા પંડિતજીને વરસાદમાં ભીંજાવું પડ્યું. અંબાલા પહોંચી એક ભાષણ કર્યું ત્યાં મહાત્મા મુન્શીરામનો તાર મળ્યો. જાલંધર પહોંચી ગયા. નિરંતર યાત્રાને કારણે કપડાં મેલા થઈ ગયા હતાં. તાવ અને શરદી પણ થઈ ગયેલા. મુન્શીરામે આરામ કરવાની ભલામણ કરી. પરંતુ બીજે દિવસે સવારે ધર્મશાળા પર્વતના ઉત્સવમાં જવા નીકળી પડ્યા. મુન્શીરામજીએ લખ્યું છે કે' આ દૃશ્યને સ્મરણ કરું છું તો મારી આંખોમાં આંસુ આવી જાય છે.' આવા કર્તવ્યપરાયણ હતા ધર્મવીર પંડિત લેખરામજી ! ધર્મશાળામાં એક બ્રહ્માનંદ ભારતી નામના સનાતની સાધુએ આર્યસમાજની નિંદા કરવાનું અભિયાન ચાલું કરેલું. પંડિતજીએ તેમને શાસ્ત્રાર્થનું આહ્વાન કર્યું, પરંતુ સાધુ નહિ આવ્યા. અહીં વિજ્ઞપ્તિ પ્રકાશિત કરી પંડિતજીએ નવીન વેદાંતના ખંડનમાં અને વેદોક્ત નિયોગના મંડનમાં ધારદાર ભાષણો દીધા. સનાતની સાધુનો પ્રભાવ બિલકુલ ઓસરી ગયો. ત્યાંથી પાછા ફરતા પઠાણકોટ ખાતે

પંડિતજીએ 'ઇસાઇ મત ખંડન' પર એક ભાષણ દીધું. અહીં ખ્રિસ્તી પ્રચારકો ભોળા લોકોને ભરમાવતા હતા.

## દરગાહથી ત્રીશ પગલાં છેટે

અહીંથી લાહોર પાછા ફર્યા. થોડો સમય જીવનચરિત્ર પર કામ કરી વળી પાછા ગુજરાત વગેરેના આર્યસમાજોમાં પ્રચાર કરવા માંડ્યા. મોંટગુમરી, એબટાબાદ, રાવળપિંડી અને અમૃતસરના આર્યસમાજોમાં પ્રવચનો દીધાં, ત્યાંથી પાછા ફરી લાહોરમાં ત્રણ ભાષણો કર્યા. પાછા મુલતાન, ડેરાગાઝીખાન અને મુજફ્ફરગઢ પહોંચ્યા. ત્યાં લાહોર આર્યસમાજનો ઉત્સવ આવ્યો. અહીં પંડિતજીનો પુનર્જન્મ વિષય પર લખેલો એક અદ્‌ભુત ગ્રંથ પણ છપાઈને તૈયાર થઈ ગયો. ડિસેમ્બરમાં લુધિયાણા, માછીવાડા, રોપડ, શરકપુર અને જાલંધરમાં પ્રચારયાત્રાઓ કરતા રહ્યા. સન ૧૮૯૬ના આરંભમાં પતિયાલા રાજ્યમાં પહોંચી પાંચ પ્રવચનો કર્યા. ત્યાંથી લાહોર જઈ ઋષિજીવનની શોધમાં મુલતાન ગયા. ત્યાં પણ સાત પ્રવચનો કર્યા. ફેબ્રુઆરીમાં મિંયા મીર, અમૃતસર ડેરા ઇસ્માઈલખાં અને ડેરા ગાઝીખાંમાં ધર્મપ્રચાર કર્યો. ડેરા ગાઝીખામાં એક પાદરી સાથે શાસ્ત્રાર્થ પણ કર્યો અને ૭૦૦ શ્રોતાઓ સમક્ષ આર્યસમાજના નિયમો પર એક જોરદાર ભાષણ પણ કર્યું. ભાષણ સાંભળી નવા તેર સજ્જનો આર્યસમાજના સભ્યો બન્યા. પાછા લાહોર જઈ જીવનચરિત્રની સાથે સાથે સ્થાનિક પ્રચાર પણ કરવા માંડ્યા. ૧૫મી તારીખે કરનાલમાં પ્રવચનો દઈ દિલ્હી ગયા અને 'વૈદિક ધર્મની શ્રેષ્ઠતા' વિષય પર ભાષણ કર્યું. પંડિતજીને દિલ્હીમાંથી થોડુંક ઇસ્લામને લગતું સાહિત્ય ખરીદવું હતું. મીરજા ગુલામ અહમદે આર્યધર્મ પર કેટલાક આક્ષેપો કરેલા હતા. પંડિતજી તેનો વળતો જવાબ આપવા ઈચ્છતા હતા. પંદરેક રૂપિયાનાં પુસ્તકો લીધાં. પુસ્તકોની દુકાનવાળાએ પૂછ્યું કે 'તમારું નામ' પંડિતજીની સાથે ગયેલ વ્યક્તિએ કહ્યું આ પં. લેખરામજી છે ? આ સાંભળતા જ દુકાનદારે પંડિતજીને ખૂબ જ માનથી સત્કાર્યા અને ખૂબજ આગ્રહ કરવા છતાં પણ પુસ્તકોના રૂપિયા લીધા જ નહીં જ્યારે માત્ર ત્રીશ જ રૂપિયાનું નામનું માસિક વેતન લેતા હતા એ વખતે પંદર રૂપિયાનાં પુસ્તકો ધર્મરક્ષા માટે પંડિતજી ખરીદવા તૈયાર થતા એ એમની સમર્પણવૃત્તિ અને બ્રાહ્મણવૃત્તિ બતાવે છે.

દિલ્હીથી સીધા અજમેર આર્યસમાજના ઉત્સવમાં પહોંચ્યા. ઉત્સવમાં

પંડિતજીએ બે પ્રવચનો કર્યા. પરંતુ અહીં નગર-કીર્તન દરમિયાન એક યાદગાર ઘટના ઘટી. પંડિતજી ભજનમંડળી સાથે ડોલતા ડોલતા જઈ રહ્યા હતા અને વચ્ચે વચ્ચે ભાષણો પણ કરતા જાય. રસ્તે કેટલાક મુસલમાનો મળ્યા. વાતચીત થઈ. પરંતુ પંડિતજીનો જવાબ સાંભળી પેલા તો ગુસ્સે થઈ ગયા. ખ્વાજા ચિશ્તીની દરગાહ પાસે જ હતી, એટલે આર્યસમાજીઓ ડરના માર્યા ભાગી ગયા. એકલા લેખરામજી જ રહ્યા. પરંતુ શું તેમણે પોતાનું ધર્મપ્રચારનું કામ બંધ કરી દીધું? નહીં, અગાઉ ક્યાંક સાંભળેલું કે બીજા ધર્મના ધાર્મિક સ્થળેથી ત્રીશ પગલાં દૂર રહી કોઈ પણ ધર્મપ્રચારક પોતાના ધર્મનો પ્રચાર કરી શકે છે. પંડિતજી દરગાહના દ્વારે પહોંચ્યા મુસલમાનો આંખો ફાડીને જોઈ રહ્યા હતા. દરગાહના દ્વારેથી ઊંચા સ્વરમાં પંડિતજી પગલા ભરવા માંડ્યા ત્રીશમે પગલે પહોંચી બાજુના એક નાનકડા પુલ પર ઊભા રહી ધર્મપ્રચાર શરૂ કરી દીધો. કબરપૂજા અને મર્દુમપરસ્તી (વ્યક્તિપૂજા)નું જોરદાર ખંડન કરવા લાગ્યા. મુલ્લાઓએ લોકોને ઉશ્કેરવા માટે પ્રયત્નો કર્યા, પરંતુ ત્યાં પંડિતજીની ચારે તરફ ભેગા થઈ ગયેલા એક હજાર જેટલા મુસલમાનો પંડિતજીની એકેશ્વરવાદી વાતોને પોતાનું માથું હલાવીને સહાનુભૂતિ પ્રગટ કરવા માંડ્યા. એટલામાં પેલા ભાગી ગયેલા આર્યોને પણ હોશ આવી ગયો. છાનામાનાં બે-ચાર જણા જોવા ગયા કે પંડિતજી ઉપર શું વીતી છે? રહેંશી કાઢ્યા કે પછી ભાગીને બચી ગયા? પરંતુ જઈને જુએ તો અહીં તો તદ્દન જુદું જ દૃશ્ય નજરે પડ્યું. મુસલમાની જનતા ધર્મવીરની વાણી મંત્રમુગ્ધ થઈ સાંભળી રહી છે!

### પંડિતજી ચાલતી ગાડીમાંથી કૂદી પડ્યા.

એક વખતે પંડિતજી લાહોરથી ડાકગાડીમાં બેઠા. દોરાહા ગામની ટિકિટ લીધી હતી. દોરાહા નજીક આવતા જ પંડિતજી પોતાનો સામાન તૈયાર કરવા માંડ્યા. સાથે યાત્રા કરી રહેલા લોકોએ કહ્યું કે આ ગાડી તો દોરાહા ઊભી નથી રહેતી. પરંતુ પંડિતજીનો કાર્યક્રમ તો નિશ્ચિત જ હતો. આથી એકદમ ચપળતાથી ચાલતી ગાડીમાંથી કૂદી પડ્યા. સાવધાની ખૂબ જ રાખી પરંતુ છતાંય ચોટ તો લાગી જ. ગામમાં જઈ ધર્મભ્રષ્ટ થવા જઈ રહેલા બંધુઓની રક્ષા કરી. રોપડ જઈ પંડિતજીએ હાથમાં આવેલી ઈજાની સારવાર કરાવી. આવા સાહસવીર હતા પંડિતજી!

અજમેરથી પાછા ફરી એકાદ અઠવાડિયું જીવનચરિત્રનું કામ આગળ વધારી અમ્બાલા જિલ્લાના મુસ્તફાબાદ નગરમાં ધર્મપ્રચાર કરવા પધાર્યા ગયા. ત્યાંથી પાછા દીનાનગર આર્યસમાજના ઉત્સવમાં ગયા. અહીં આર્યસમાજના એક બીજા ધુરંધર તાર્કિક યુવાન વિદ્વાન પં. ગણપતિ શર્માના મેળાપ થયો. શંકા-સમાધાનનું કાર્ય બંને વિદ્વાનોએ સંભાળ્યું. પાંડિત્યના આ સિતારાઓને જોઈ જનતા મુગ્ધ થઈ ગઈ.

થોડા દિવસોમાં પંડિતજીના પિતાજીનું અવસાન થઈ ગયું. આથી પંડિતજી રજા લઈ ત્રણેક દિવસ પોતાના ઘરે કહુટા ગયા. ત્યાંથી પત્ની અને પુત્રને સાથે લઈ જાલંધર આવી ગયા. જીવનચરિત્રના કાર્યમાં લાલા મુન્શીરામજી (સ્વામી શ્રદ્ધાનંદજી) મદદરૂપ બની શકે એમ હતા. એક ત્યાગી સાચા બ્રાહ્મણની માફક પંડિતજી થોડા રૂપિયાનાં વેતનમાં ઉત્તમ પ્રકારે પોતાનું ઘર ચલાવતા. તેમણે કદી વેતન વધારવાની માંગ કરી નથી. જ્યારે પુત્ર સુખદેવને ગોદમાં લઈ ખવડાવતા ત્યારે એમના હૃદયના સ્નેહભાવ જોવા જેવા વ્યક્ત થતા. આર્યજીવન પદ્ધતિના રંગે રંગાયેલા પંડિતજી પોતાના પરિવારમાં પણ ખૂબ જ રૂચિ ધરાવતા હતા. પરંતુ પરિવારના પ્રેમમાં ફસાઈ પોતાના સિદ્ધાંતોના પાલનમાં જરા જેટલી શિથિલતા આવવા દેતા નહીં.

## મૌલવી ચૂપ

મે ૧૮૯૬ની આખરમાં રોપડ આર્યસમાજના ઉત્સવમાં પધાર્યા. કાયર બની બેઠેલા હિન્દુઓને વીર આર્ય બનવાની પ્રેરણા કરતા ભાષણો કર્યા. રોપડથી હોડીમાં બેઠા. યાત્રા કરી રહેલાઓ પરસ્પર વાતે ચડ્યા. હોડીમાં એક મોલવી ભોળા હિન્દુઓને માદળિયા અને તાવીજનું માહાત્મ્ય સમજાવી બહેકાવી રહ્યા હતા. પંડિતજીએ મૌલવીની વાતો સાંભળી તુરંત જ પૂછ્યું કે મૌલવીજી, શું આદરી છે આ? મૌલવીજી કંઈક બોલે એ પહેલાં એક યાત્રીએ તેમને જણાવ્યું કે આ પંડિત લેખરામ છે. પંડિતજીનું નામ સાંભળતા જ મૌલવીનું તો મોઢું જ સીવાય ગયું, જાણે કે મોઢાંમાં જીભ જ નથી.

૭ જૂને જાલંધર આર્યસમાજમાં આર્યોના તહેવારો પર એક ભાષણ કર્યું. એક બીજું ભાષણ રાત્રિના સમયે 'ઈશ્વરીય જ્ઞાન' પર દીધું. અહીં એક ગુલાબદાસી સાધુ સાથે શાસ્ત્રાર્થ પણ થયો. પંડિતજીના તર્કથી ગભરાઈ સાધુ

ત્યાંથી રવાના થઈ ગયો. આ દિવસોમાં પંડિતજીએ કર્તારપુરમાં આર્ય ધર્મની રક્ષા માટે બે વાર જઈ એવી ધાર્મિક હલચલ મચાવી કે ત્યાં એક મજબૂત આર્યસમાજ રોપાયો.

## જીવનસખી બની સહધર્મચારિણી

લગનના દિવસથી જ પં.લેખરામજીએ પોતાની પત્નીને ભણાવવાનું શરૂ કરી દીધેલું. પંડિતજીનું જીવન ક્રિયાત્મક જીવન હતું. જેનો પ્રચાર કરતા એને પ્રથમ સ્વયંમાં ચરિતાર્થ કરતા. સ્ત્રીશિક્ષણનાં ક્ષેત્રમાં તેઓનું આગવું પ્રદાન છે. દેશમાં સ્ત્રીશિક્ષણની હિમાયત કરતું ઉત્તર ભારતમાં જો કોઈ સર્વપ્રથમ પુસ્તક હોય તો એ પં.લેખરામજીનું 'કુમારી ભૂષણ' હતું. આ પુસ્તકમાં યુક્તિ અને પ્રમાણથી સ્ત્રીશિક્ષણનું મહત્ત્વ સિદ્ધ કરવામાં આવેલું. પંડિતજીએ જ સર્વપ્રથમ સ્ત્રીઓને જનોઈનો અધિકાર આપતું એક પ્રમાણ ઋષિગ્રંથોમાંથી રજૂ કરેલું. સ્ત્રીઓને જનોઈનો અધિકાર મળવો જોઈએ એ માટે તેમણે આંદોલન ચલાવેલું. પોતાનાં ભાષણોમાં તેઓ કુમારિલ ભટ્ટ અને રાજકન્યાના વાર્તાલાપનું અત્યંત માર્મિક શબ્દોમાં વર્ણન કરતા. એક વખત એક ધનવાન માણસ પંડિતજીની હાજરીમાં એક મહિલા વિશે કઠોર શબ્દો કહ્યા. પંડિતજીથી આ સહન ન થયું. એમણે તુરંત ધમકાવતા કહ્યું કે 'તમે આર્ય નહિ, પણ અનાર્ય લાગો છે. વેદની પવિત્ર આજ્ઞાઓનું તમને ભાન નથી. આર્યો સ્ત્રીઓ માટે આવા અશોભનીય શબ્દોનો ઉપયોગ કદી ન કરે.' પંડિતજી સ્ત્રીઓને હંમેશાં માઈ, માતા, દેવી જેવા શબ્દોથી સંબોધન કરતા.

જાલંધરમાં રહેતા ત્યારે લક્ષ્મીદેવીને સ્ત્રી સમાજના અધિવેશનમાં અને બીજા બધા ધાર્મિક કાર્યક્રમોમાં જરૂર મોકલતા. તેમની હાર્દિક ઇચ્છા હતી કે લક્ષ્મીદેવી પણ સ્ત્રી જાતિના ઉત્થાનમાં લાગી જાય. ભાવિ જીવનની જે કોઈ યોજના પોતાના મનમાં બનાવતા એમાં લક્ષ્મીદેવી વિશે પણ વિચાર કરતા. મહાત્મા મુન્શીરામ પંડિતજીના ગાઢ મિત્ર હોવાથી એમને પણ પૂછતા કે લક્ષ્મીદેવીને તૈયાર કરવા માટે શું શું કરવું. મુન્શીરામજીએ જણાવ્યું કે તમે જે કોઈ આર્યસમાજના ઉત્સવોમાં જાઓ ત્યાં ત્યાં લક્ષ્મીદેવીને પણ જોડે લઈ જાઓ. પંડિતજીને આ સલાહ ગમી. અંબાલા અને મથુરા આર્યસમાજના ઉત્સવોમાં લક્ષ્મીદેવીને પણ સાથે લઈ ગયા. પરંતુ ત્યાંથી

પાછા ફર્યા એટલામાં પુત્ર સુખદેવની તબિયત લથડી.

## સુખદેવનું મૃત્યુ અને ધર્મવીરનું ધૈર્ય

એ દિવસોમાં પંડિતજી કુટુંબ સાથે જાલંધરમાં જ બે રૂપિયાનું માસિક ભાડું આપી એક સાધારણ મકાનમાં રહેતા હતા. બિમાર પુત્રને જાલંધર મૂકી પંડિતજી શિમલા આર્યસમાજના ઉત્સવમાં પહોંચ્યા. ત્યાંથી ૨૬મી ઓગસ્ટે પાછા ફર્યા ત્યારે પુત્રની તબિયત વધારે ગંભીર જણાતી હતી. પરંતુ સમાચાર મળ્યા કે મુસ્તફાબાદ ગામમાં પાંચ હિન્દુઓ મુસલમાન બનવાના છે. મહાત્મા મુન્શીરામજીએ જણાવ્યું કે તમારો પુત્ર બિમારીને ખાટલે છે, અણે બીજા કોઈ વિદ્વાનને તાર કરીને મુસ્તફાબાદ માટે બોલાવીએ છીએ. પરંતુ ધર્મવીર પં. લેખરામજીએ કહ્યું કે **'નહીં ત્યાં તો મારે જ જવું પડે એમ છે. મને મારા એક પુત્ર કરતાં જાતિના પાંચ પુત્રો વધારે વહાલા છે. તમે ત્યાં તાર કરી દો; હું સાતની ટ્રેનમાં જાઉં છું.'** ફક્ત બે જ કલાક ઘરે રહી માતા અને પત્નીને ધીરજ દઈ પંડિતજીએ ધર્મપ્રચારની રાહ પકડી લીધી. પાછળથી મુન્શીરામજીએ અને લક્ષ્મીદેવીએ ખૂબ જ સારવાર કરાવી, પરંતુ બાળક બે જ દિવસમાં પ્રભુને પ્યારો થઈ ગયો. પંડિતજી એ વખતે જાલંધર પાછા આવી ગયા હતા. મુન્શીરામે લખ્યું છે કે 'એ ઘડીએ મેં પં. લેખરામજીની સહનશક્તિનો ચમત્કાર જોયો. કોઈ પણ જાતના શોકને પોતાની નજીક ફરકવા દેતા નહોતા. પરંતુ બાળકની દુ:ખી માતાનાં હૃદય પર ખૂબ જ ભારે વજ્રપાત દેખાતો હતો. જે જાલંધરની ભૂમિમાં પુત્ર રૂપી રત્ન મળ્યું હતું એ જ ભૂમિ પર એની રાખ પડી હતી. આથી કોમળ હૃદયની આ ભારત રમણી હવે અહીં રહે પણ કેવી રીતે? પત્નીને પંડિતજી ઘરે મૂકી આવ્યા અને ફક્ત બે જ દિવસ બાદ પૂર્વવત્ ધર્મપ્રચારમાં લાગી ગયા. આવા મહાત્યાગી, સર્વસ્વ ન્યોછાવર કરવાની ભાવના ધરાવતા મહાપ્રચારક પં. લેખરામજી પર આર્યો જેટલું ગૌરવ કરે એટલું થોડું છે.

## જાન હથેળીમાં

સુખદેવને ગંભીર માંદગીમાં છોડી પંડિતજી શિમલા ગયેલ ત્યારની આ ઘટના છે. સિયાલકોટ જિલ્લાના પસરૂર ખાતે એક આર્ય પ્રચારકે ઈસ્લામ જગતમાં ખડભડાટ મચાવેલો. આથી ત્યાંના મુસલમાનોએ ત્રણ મોટા પ્રચારકોને ત્યાં બોલાવ્યા, અને આર્ય પ્રચારક સાથે શાસ્ત્રાર્થ કરવાનો

મનસૂબો કરવા માંડ્યા. આથી તાર દઇ પં.લેખરામજીને પણ બોલાવવા પડ્યા. ૧૯મી જુલાઈ ૧૮૯૬ના રોજ પંડિતજી ત્યાં પહોંચી ગયા, અને ભવ્ય નગરકીર્તનનું આયોજન થયું. બીજે દિવસે લેખરામજીએ લગભગ એક હજારની મેદની સમક્ષ 'વૈદિક ધર્મની શ્રેષ્ઠતા' વિષય પર એક જોરદાર ભાષણ કર્યું. શ્રોતાઓમાં બસ્સો જટેલા મુસલમાનો પણ હતા. ભાષણ પૂરું થયું એટલે પંડિતજીએ ત્યાંના પાંચ મોટા મૌલાનાઓને પ્રશ્ન કરવાનો અવસર દીધો. પરંતુ ફકત એક જ મૌલાનાએ ઊભા થઈ પંડિતજીની વાતને જ બીજી વાર કહી. બીજા કોઈની હિંમત ન થઈ. અહીં પંડિતજીએ એક બીજું ભાષણ 'સચ્ચાઈની મજબૂત ચટ્ટાન' વિષય પર દીધું. ત્રીજે દિવસે પં.લેખરામજી ભાષણ માટે ઊભા થવાની તૈયારી કરતા જ હતા એટલામાં એક જાણીતા મ્યુનિસિપલ કમિશનર આવ્યા અને મહાશય મથુરાદાસજીની પડખે બેસી કંઈક કાનમાં કહેવા લાગ્યા. આ જોઈ આર્ય પથિક પં.લેખરામજીએ કહ્યું કે 'શું ગુપસુપ કરો છો? શું વાત છે? મથુરાદાસીજીએ જણાવ્યું કે 'આ મહાશય થાણેદાર સાહેબનો સંદેશો લઈને આવ્યા છે કે જો બળવો થશે તો પોલીસ જવાબદાર નહિ રહે.' આ સાંભળતા જ લેખરામજીની આંખો લાલ થઈ ગઈ અને કડાકો કરતા સ્વરમાં બોલ્યા કે 'શું અમે અહીં યુદ્ધ કરવા આવ્યા છીએ? અમે તો ધર્મનો ઉપદેશ કરવા આવ્યા છીએ, અને અમારી ઇચ્છા હશે ત્યાં સુધી એ કામ સ્વતંત્રતાપૂર્વક કરીશું, જેમની ઈચ્છા હોય એ સાંભળે અને ન હોય તો ન સાંભળે. અને એમ કરતા બળવો થતો જ હોય તો ભલે થતો. અમે જોઈએ છીએ કે કોણ કરે છે બળવો. અમે થાણેદાર સાહેબ કે બીજા કોઈનાં રક્ષણની પરવા કરતા નથી જયારે ભાષણ કરવા પંડિતજી ઊભા થયા તો જુવે છે કે ટાઉન પોલીસના કેટલાક ચોકીદારો હાથમાં ડંડા લઈને ઊભા છે. એમની તરફ નજર કરી પંડિતજીએ ઊંચા અવાજમાં કહ્યું કે 'અરે ઓ કાળી પાગડીવાળાઓ તમારે જો ભાષણ સાંભળવું હોય તો ખુશીથી સાંભળો; બાકી તમારા રક્ષણની અમારે કોઈ જરૂર નથી. તમે જઈ શકો છો. હું જોઉં છું કે કોણ મને કાપી કાઢે છે.'

અહીંથી પંડિતજી શિમલા આર્યસમાજના ઉત્સવમાં પહોંચી ગયા. અહીંયા મીરજા ગુલામ અહમદના ચેલા ખ્વાજા કમાલુદ્દીને ભોળી જનતાને ફસાવવા પોતાનું તંત્ર કામે લગાડી દીધેલું. પંડિતજી કમાલુદીનના ભાષણો સાંભળવા જતા અને પછી તેના ખંડનમાં ત્રણ જબરજસ્ત ભાષણો

દીધાં. એક ભાષણમાં પંડિતજીએ નમાજની અપેક્ષા આર્યોની સંધ્યાની શ્રેષ્ઠતા બતાવી અને વૈદિક ધર્મની સુંદરતા પ્રગટ કરી. મુસલમાનો તંગ થઈ ગયા. એ વખતે પંડિતજી 'હુજ્જતુલ ઇસલામ' નામનું નવું પુસ્તક લખી રહ્યા છે એ મુસલમાનોને ખબર હતી. આ નવા પુસ્તકમાં પંડિતજી ઈસ્લામની વિરૂદ્ધમાં ખૂબ જ સમીક્ષા લખવાના હતા. અગાઉ મીરજા અહમદ પંડિતજીની અકાટ્ય યુક્તિઓથી તંગ આવી તેમને મોતની ધમકી દઈ ચૂક્યો હતો. અને લખેલું હતું કે 'ઇલા-એ-દુશ્મન્ ના અન વ બેરા બતર્સ અજ તેગે બરાં મુહસ' અર્થાત્ તું ઇસ્લામની વિરૂધ્ધમાં લખવાનું છોડી દે, મહમ્મદી તલવારથી ડર. છતાંય ધર્મવીરે અહીં છેલ્લાં ભાષણમાં એ સિધ્ધ કર્યું કે ઈસ્લામના પયગમ્બરોએ ખુદાઈનો દાવો કરી કાફરપણું ફેલાવ્યું છે. સભાસ્થળ ખચોખચ ભરેલું હતું, જેમાં અડધા લોકો મુસલમાન હતા. પંડિતજીના તર્ક અને પ્રમાણો સાંભળી એક બી.એ. પાસ થયેલો મુસલમાન યુવાન ઉત્તેજિત થઈ ગયો. ભભકતી મુદ્રામાં એ બોલ્યો કે પંડિત, કાફરોને કાપનારી મહમ્મદી શમશેરને નહિ ભૂલીશ. તું આવી કઠોર વાણીનું પરિણામ જરૂર ભોગવીશ.' પંડિતજી ક્ષણવાર થોભી ગયા, અને જે બાજુ પેલો મુસલમાન યુવાન બેઠો હતો એ તરફ નજર કરી ધર્મવીરે સિંહગર્જના કરી કે '**મને બુજદિલ મહમ્મદી તલવારની ધમકી દે છે. હું અધર્મી નિર્બળ મનુષ્યોથી ડરતા જ શીખ્યો નથી. તમને ખબર નથી કે હું જાન હથેળી પર લઈને ફરું છું. મારી પાસે તર્કનો જવાબ તર્ક છે અને બુદ્ધિનો જવાબ બુદ્ધિ છે. પરંતુ યાદ રાખજો કે હું મહમ્મદી તલવારથી બિલકુલ નથી ડરતો.**' આખા હોલમાં સન્નાટો છવાય ગયો. કોઈ ચૂં કે ચાં કરતું નહોતું. અહીંથી પંડિતજી જાલંધર આવેલા અને પુત્રનો અંત્યેષ્ટિ સંસ્કાર કરવો પડેલો. સપ્ટેમ્બરની શરૂઆતમાં વજીરાબાદ આર્યસમાજનો કાર્યક્રમ નક્કી જ હતો. પરંતુ પંડિતજીના પુત્રના અવસાનના સમાચાર સાંભળી નગરવાસીઓને એવું હતું કે હવે પંડિતજી નહિ પધારે. પરંતુ કર્તવ્યપાલનમાં દૃઢ એવા પંડિતજી બે દિવસ જ ઘરે રહી જ્યારે વજીરાબાદ પહોંચ્યા તો લોકોને ભારે આશ્ચર્ય થયું.

## વજીરાબાદમાં ધર્મટંકાર

મહાત્મા મુન્શીરામ પણ વજીરાબાદના ઉત્સવમાં પધારેલા. કાર્યક્રમમાં એવું જણાવેલું કે સવારમાં પંડિતજીનું પ્રવચન થશે. પરંતુ રાજા સર

અતાઉલ્લા અને તેમના કુટુંબીજનો આવ્યા હોવાથી વ્યવસ્થાપકોએ પંડિતજીને બદલે મુન્શીરામજીને ભાષણ કરવા ઊભા કર્યા. મુસલમાનો પણ મોટી સંખ્યામાં બેઠા હતા. મુન્શીરામે 'ઈશ્વરપ્રાપ્તિ' વિષય પર ખૂબ જ સુંદર શાંતિમય પ્રવચન દીધું. સાંભળીને મુસલમાનોને નવાઈ લાગી કે આ લેખરામજી આવું તે વળી લોકપ્રિય પ્રવચન ક્યારથી કરવા માંડ્યા ! મુન્શીરામજીએ પોતાના પ્રવચનમાં મહમ્મદી બુત અને પીર પરસ્તી વિશે થોડી આલોચના પણ કરેલી. આથી મુસલમાનો એવું જ સમજ્યા કે આ પંડિત લેખરામ જ બોલી રહ્યા છે. સાંજનું પ્રવચન કાર્યક્રમ મુજબ મુન્શીરામજીનું હતું. આથી મીરજા ગુલામ અહમદના અનુયાયી હકીમ નૂરઉદ્દીન પણ સાંભળવા આવેલા હતા. મુસલમાનો મોટી સંખ્યામાં હાજર હતા. પરંતુ પંડિત લેખરામજી ઊભા થયા. પ્રવચનમાં પંડિતજીએ ઈશ્વરના સ્વરૂપનું એવું તો તર્કબધ્ધ વર્ણન કર્યું કે મુસલમાનો પણ માથું હલાવી રહ્યા હતા. જ્યારે જૂઠા પયગમ્બરોની પોલ ખોલવાનું શરૂ કર્યું ત્યારે સાધારણ મુસલમાની જનતા તો તાલીઓના ગડગડાટથી સભામંડપને ગુંજાવતી હતી. પરંતુ મૌલવી નૂરઉદ્દીન નું મોં લાલ થઈ ગયું. બાદમાં તેમણે મુસલમાનોને ભડકાવતા કહેલું કે 'અરે બેવકૂફો, તમે બધા બકરાની જેમ દાઢી હલાવતા સાંભળી રહ્યા હતા. એટલું પણ સમજી ન શક્યા કે એ પંડિત તમારા ઈમાન પર કુહાડો ચલાવી રહ્યો હતો.'

## પંડિતજીની હઠ અને નમ્રતા

મુકેરિયનથી એક ભાઈ ત્યાંના આર્યસમાજના અધિકારીનો એક પત્ર લઈ વજીરાબાદ પહોંચ્યો. હોશિયારપુર જીલ્લાના આ નગરમાં એક વિચિત્ર પ્રકારનો વિવાદ ઊભો થયેલો. ત્યાંની સનાતન સભાના એક પંડિતે મહાભારતનો એક શ્લોક આર્યો સમક્ષ રાખી કહ્યું કે આ વેદમંત્ર છે. આર્યસમાજના અધિકારીઓએ કહ્યું કે આ વેદમંત્ર નથી, હોય તો વેદમાંથી બતાવી આપો. જો સનાતન સભાના પંડિતો આ શ્લોક વેદમાંથી બતાવી આપે તો આર્યસમાજના પ્રમુખ ૫૦૦ રૂપિયાનો દંડ ભરશે અને નહીંતર સનાતન સભાએ ૫૦ રૂપિયાનો દંડ ભરવાનો થશે. આવું કબૂલનામું તૈયાર કરી બંને પક્ષોએ પોતાની સહીઓ પણ કરેલી. મુન્શીરામજીએ કહ્યું કે આ તો શાસ્ત્રાર્થ થોડો કહેવાય; આ તો જુગાર છે. પરંતુ આર્ય પથિક લેખરામજીએ

કહ્યું કે 'જુગારને ભૂલી જઇએ; પરંતુ આ છે તો આપણું કર્તવ્ય જ. આપણા પક્ષનું જતન થવું જ જોઈએ' મુન્શીરામને સાથે લઈ પંડિતજી ગુરદાસપુરથી એક્કાગાડીમાં બેસી મુકેરિયન પહોંચી ગયા. પ્રથમ દિવસે મુન્શીરામે અને બીજે દિવસે પંડિતજીએ ભાષણ કર્યું. ત્રીજે દિવસે લગભગ બે હજાર શ્રોતાઓની હાજરીમાં સનાતન સભાના પ્રતિષ્ઠિત પંડિતો પેલા શ્લોકને વેદમંત્ર સાબિત કરી શકયા નહિ.

મુન્શીરામજી મંત્રોનું ઉચ્ચારણ ખૂબ જ શુદ્ધ કરતા હતા. આથી અને લેખરામજી કડકાઈને લીધે આ શાસ્ત્રાર્થને ક્યાંક બીજો વળાંક ન આપી દે એ ભીતિથી મુકેરિયનના આર્યોએ પંડિતજીને જગરાંવના ઉત્સવમાં મોકલવા તાંગો તૈયાર કર્યો. જેથી સનાતન સભા સાથે મુન્શીરામજી શાંતિથી શાસ્ત્રાર્થ કરી શકે. પંડિતજી આ બધું કળી ગયા. બોલ્યા કે 'હું તમારી શરારત સમજી ગયો છું. હું જવાનો નથી, તાંગાવાળો પણ જતો રહ્યો. શાસ્ત્રાર્થની વેળા આવી એટલે મુન્શીરામજીએ કહ્યું કે 'લેખરામ હોય ત્યાં હું શાસ્ત્રાર્થના આસને ભલા કેવી રીતે બેસી શકું?' મંદ મંદ સ્મિત કરતા પંડિતજી બોલ્યા કે 'લાલાજી, છોડો હવે આ વાત; આ તો આપનું જ કામ છે. જો હું બેસી જઈશ તો પછી શાસ્ત્રાર્થનો રિપોર્ટ કોણ લખશે? આવું કહી મુન્શીરામજીને પકડી આસન પર બેસાડી દીધા. મુન્શીરામજીએ લખ્યું છે કે 'આ ઘટના પંડિત લેખરામની હઠ અને તેમના ધર્મપ્રેમનો પરિચય આપે છે... આચરણમાં દેખાતો આ પરસ્પર વિરોધ બધાની સમજમાં કદાચ નહીં આવે, પરંતુ બુદ્ધિમાનો તેનું રહસ્ય સમજી જશે.' શાસ્ત્રાર્થસમરના આ અજેય યોદ્ધામાં પ્રેમ, નમ્રતા અને ધર્મનિષ્ઠાનો અદ્‌ભુત સંયોગ હતો.

મુકેરિયનથી પંડિતજી મુન્શીરામજી સાથે જગરાણના વાર્ષિક ઉત્સવમાં પહોંચ્યા. અહીં પંડિતજીના સંપર્કમાં આવેલા રહતિયાઓ પાછળથી શુધ્ધ થઈ આર્યસમાજમાં જોડાયા હતા. અહીંના પોરાણિકોમાં આર્યસમાજનો સામનો કરવાની તાકાત નહોતી. આથી એ લોકોએ મુસલમાનોને વાદવિવાદ માટે તૈયાર કર્યા. અહીંનો મામલતદાર મુસલમાન હતો. આથી વિજયની આશા એ લોકોમાં ખૂબ જ તીવ્ર હતી. પરંતુ પંડિતજીની સામે આવવાની કોઈએ હિંમત ન કરી. અહીંથી લેખરામજી ઝંગ આર્યસમાજના કાર્યક્રમમાં શામિલ થયા. અહીં તેમણે

મૂર્તિપૂજા પર એક અત્યંત ખોજપૂર્ણ અને પ્રભાવશાળી પ્રવચન કર્યું. અહીં પૌરાણિકોની શંકાઓનું સમાધાન પણ કરતા રહ્યા. આર્ય ધર્મની જ્યોતિને પ્રકાશિત કરવા પંડિતજી શાસ્ત્રાર્થ માટે હંમેશાં તૈયાર રહેતા અને વિપક્ષના આહ્‌વાન પર તત્કાળ શાસ્ત્રવચનો ધરી એની બોલતી બંધ કરી દેતા. તેમને પદ કે પ્રતિષ્ઠાની કોઈ જ એષણા નહોતી.

## નિર્દોષ

પંડિતજીના સાહિત્યને કારણે મુસલમાનોએ દિલ્હી અને મુંબઈની કોર્ટમાં તેમની ઉપર અનેક કેસ ચલાવેલા. પરંતુ પંડિતજી હંમેશાં નિર્દોષ જ છૂટી જતા. પંડિતજીએ એક **'કૃશ્ચન મત દર્પણ'** નામનું પુસ્તક લખેલું, જેમાં ખ્રિસ્તી મતની આલોચના કરવામાં આવેલી. આ પુસ્તક પર ખ્રિસ્તિઓએ નહિ પરંતુ મુસલમાનોએ એક ફરિયાદ ચલાવી. મુસલમાનોની દુર્ભાવના સ્પષ્ટ હતી. પરંતુ ૧૦ સપ્ટેમ્બર ૧૮૯૬ના એક નિર્ણયમાં નામદાર ન્યાયાધીશે પંડિતજીને તથા પુસ્તકના પ્રકાશ રામચંદ્રજીને નિર્દોષ જાહેર કરતા ચુકાદામાં લખ્યું: હું સ્પષ્ટ રૂપે સમજું છું કે અભિયોગ ચલાવનારાઓએ જનહિતના કોઈ વિચારથી આ અભિયોગ ચલાવ્યો નથી. પરંતુ સ્વયનાં વ્યક્તિગત સ્વાર્થથી આવું કર્યું છે. હું ચુકાદો આપં છું કે લેખરામ અને રામચંદ્રના બારામાં કોઈ ગુનો સાબિત થઈ શક્યો નથી અને આ કેસને ફોજદારી કલમ ૪૦૩ મુજબ ખારિજ કરું છું.' (કેપ્ટન એચ. ડેવિસ, જિલ્લા મેજિસ્ટ્રેટ, દિલ્હી) આ જ દિવસે પંડિતજીને દિલ્હીના પાંચ મૌલવીઓએ લગાવેલા એક બીજાના આરોપમાં પણ નિર્દોષ જાહેર કરવામાં આવ્યા. શાસ્ત્રાર્થની જેમ પંડિતજીની સમક્ષ વિરોધીઓ કદી કોર્ટમાં પણ ફાવ્યા નહીં. આથી પેશાવર, મુંબંઈ, અમૃતસર અને પટના જેવા અનેક શહેરોમાંથી સમાચાર આવવા માંડ્યા કે મુસલમાનો હવે પંડિતજીનું કાસળ કાઢવાના મનસૂબા કરી રહ્યા છે. આર્યબંધુઓએ અનેક સ્થાનો પરથી લાહોર આર્યસમાજ પર પત્રો લખ્યા કે પં.લેખરામજી સાવધાન રહે, પરંતુ આ ધર્મવીરની સુરક્ષા કોણ કરી શકે એમ હતું. ડર જેવો શબ્દ જ તેઓ જાણતા નહોતા. યજ્ઞમાં ઉચ્ચારાતા **'અભયં નઃ કરત્યન્તરિક્ષમભયં** ના વેદમંત્રોમાં વર્ણિત અભય અવસ્થાને સ્વયંના જીવનમાં ચરિતાર્થ કરનારા પં.લેખરામજી પામર મનુષ્યોની ધમકીથી ડરી જાય એ અસંભવ હતું. સ્વામી શ્રદ્ધાનંદજીએ

સાચું જ કહ્યું છે કે 'પંડિતજીના જીવનમાં અનેક ઘટનાઓ એવી જોવા મળે છે કે જેનું વર્ણન જ કાયર હૃદયોમાં વીરતાનો સંચાર કરી દે છે.'

## લાહોરમાં

નવેમ્બરની આખરમાં લાહોર આર્યસમાજનો ઉત્સવ હતો. આર્યસમાજના એક બીજા તેજસ્વી યુવા વિદ્વાન પં. ગુરુદત્ત વિદ્યાર્થી પણ આ ઉત્સવમાં પધાર્યા હતા. લેખરામજી પં. ગુરુદત્તને ખૂબ જ સ્નેહ આપતા હતા. ગુરુદત્તજીએ 'ઈશ્વરની સત્તા' પર અને લેખરામજીએ 'સદ્ધર્મ' વિષય પર પ્રવચનો કર્યા. શ્રોતાઓ આ વિદ્વાનોના ઓજપૂર્ણ વિચારોત્તેજક પ્રવચનો સાંભળી મન્ત્રમુગ્ધ થઈ ગયા. પંડિતજીએ પોતાનાં પ્રવચન દરમિયાન સેમિટિક મજહબોની પણ સમીક્ષા કરેલી.

## જાલંધર ઉત્સવમાં

પંડિતજી ૨૭મી ડિસેમ્બરે જાલંધર આર્યસમાજના ઉત્સવમાં પધાર્યા. અહીં પ્રવચનમાં પંડિતજીએ વૈદિક જ્ઞાનના પ્રચારમાં નડતરરૂપ કારણોની ચર્ચા કરી. તેમણે કહ્યું કે વેદ નહિ સમજવાનું પહેલું કારણ અજ્ઞાન છે. અજ્ઞાનને લીધે માનવજાતિ વેદોથી દૂર છે. અજ્ઞાનને લીધે વેદો વિશે અનેક ભ્રાંતિઓ ફેલાયેલી છે. બીજું કારણ છે સંસ્કૃતમાં લખાયેલા નાટક વગેરેનું અનાર્ષ સાહિત્ય, જેને લીધે પણ વેદોની બાબતમાં અનેક ગેરસમજ ફેલાયેલી છે. ત્રીજું કારણ છે પુરાણો. પૌરાણિક બહુદેવતાવાદને લીધે વેદોક્ત ઈશ્વરનું સત્ય સ્વરૂપ લોકો ભૂલી ગયા છે અને બીજી અનેક ગેરરીતિઓ પણ ફેલાઈ છે. ચોથું કારણ છે નવા નવા મત પંથ સંપ્રદાયોનું પ્રચલન ભાષણના અંતમાં ધર્મવીરે પોતાની ઓજપૂર્ણ વાણીમાં હાકલ કરી કે આપણે સત્યના બળથી આવા તમામ પ્રકારના અવરોધો દૂર કરવા કટિબદ્ધ થવું પડશે. ૧૮૯૭ના આરંભમાં પંડિતજી જાલંધર છોડી લાહોર જતા રહ્યા. મહર્ષિ દયાનંદના જીવનચરિતનું કાર્ય આગળ વધતું જતું હતું. જાન્યુઆરીમાં પંડિતજી ભાગોવાલા આર્યસમાજના ઉત્સવમાં ગયા. ત્યાં એક ચૌધરીના પુત્રનો નામકરણ સંસ્કાર કર્યો અને બે પ્રવચનો પણ કર્યા. તેમનાં પ્રવચનોથી પ્રેરાઈ અહીં અનેક લોકો આર્યસમાજમાં જોડાયા.

## તાલીઓના ગડગડાટ વચ્ચે સભા વિસર્જન

અહીં એક ગ્રેજ્યુએટ થયેલા મુસલમાન સાથે પંડિતજીનો શાસ્ત્રાર્થ

થયો. રાત પડી ગઈ હતી. લગભગ અઢી હજારની મેદની હતી આસપાસના ગામડાઓમાંથી માણસો પં.લેખરામજીને સાંભળવા આવેલા હતા. આમાં એક તરફ પંડિતજી હતા અને સામે એક તુર્કી ટોપી પહેરેલ ભણેલો મુસલમાન હતો.પંડિતજી પેલાના પ્રશ્નોના જવાબ દેતા હતા. પંડિતજીએ પહેલાં જ પ્રશ્નકર્તાને પ્રતિજ્ઞારૂપે જણાવી દીધું કે તેઓ જે કંઈ કહેશે એ કુરાન અથવા હદીસમાંથી જ કહેશે અને એ પણ જે કંઈ જણાવશે એ મૂળ વેદમાંથી જ જણાવશે. પેલા મુસલમાને આ શરત કબૂલ કરી. લાલા મુન્શીરામજી જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે આ મુજબ તમાશો ચાલતો હતો :

**મુસલમાન** - જુઓ હવાલા રગવેદ, મન્દલ...સોકત...

**પંડિતજી** - શુદ્ધ ઉચ્ચારણ પણ કરી શકતા નથી અને વેદનો હવાલો આપવાની વાત કરો છો; બસ તમે નિગ્રહસ્થાનમાં આવી ગયા. માટે વાદા છોડો કાં હાર માનો.

**મુસલમાન** - અજી, અમે વેદ જાણીએ કે ન જાણીએ, પરંતુ એતરાજ તો ઠીક છે.

**પંડિતજી** - પહેલાં કહો કે હું ખોટું બોલ્યો હતો કે હું વેદ જાણું છું. પછી મુબાહસા (ચર્ચા) આગળ વધશે.

મુસલમાન ગ્રેજ્યુએટે ખૂબ જ આમતેમ વાતો કરી. પરંતુ છેવટે કહેવું પડ્યું કે સારૂં, મેં ખોટું કહેલું કે હું મૂળ વેદમાંથી જ હવાલો દઈશ. પરંતુ હવે મારા સવાલનો જવાબ દો.

**પંડિતજી** - હા, હવે સીધે રસ્તે આવ્યા. સાંભળો જવાબ આપું છું.

આ સાંભળી ત્યાં ઊભેલા કેટલાક ભણેલા મુસલમાનો અને બે-ત્રણ મૌલવીઓ બોલી ઉઠ્યા- સુભહાન્ અલ્લા ! શું ગજબની વાત છે ! 'શેરના પંજામાં ફસાયો છે.' હવે પંડિતજીએ વૈદિક નિયોગનું ખૂબ જ સુંદર રીતે પ્રતિપાદન કર્યું અને મુસલમાનોના મુતાહ (અસ્થાયી વિવાહ) નો સંદર્ભ પણ પેશ કર્યો.

**મુસલમાન** - ફક્ત કુરાનની આયત કહી દેવાથી જ કામ નહીં ચાલે. કોઈ મુસ્તનિદ તફસીર (પ્રામાણિક ભાષ્ય) નો હવાલો પણ આપવો પડશે.

**પંડિતજી** - અચ્છા, તમે કયા ભાષ્યને પ્રામાણિક માનો છો ?

મુસલમાન ગ્રેજ્યુએટે જ તફસીર (ભાષ્ય) નું નામ લીધું એ જ ભાષ્ય પંડિતજીના હાથમાં હતું. તેમણે તેમાંથી વાંચી સંભળાવી દીધું. એવું લાગ્યું કે પેલા મુસલમાને કદી કોઈ ભાષ્ય વાંચેલું જ નહોતું. આથી તેણે પંડિતજી પાસે એ ભાષ્ય પોતે જ વાંચવા માંગ્યું. અહીં પં.લેખરામજીનું હાજરજવાબીપણું કામ લાગ્યું મુસલમાન ગ્રેજ્યુએટ વાદવિવાદ દરમિયાન એક વાર એવું બોલી ગયેલો કે 'ખુદાને વચ્ચે શા માટે ઘસડો છો ? શું જરૂરી છે કે ખુદાને માનીને જ વાદવિવાદ કરવામાં આવે ? આનો સહારો લઈ સામે જ ઊભેલા એક વૃદ્ધ મૌલવી સાહેબને સંબોધન કરી પંડિતજીએ કહ્યું કે 'મૌલવી સાહેબ, તમે તશરીફ લઈ હાજરીન વાંચી સંભળાવો કે કુરાન શરીફની તફસીરમાં શું લખ્યું છે. આ દહરિયે (નાસ્તિક)ના હાથમાં હું કુરાન શરીફ નહિં દઉં મૌલવી સાહેબને કોઈ આકર્ષણ શક્તિ વેદી તરફ ખેંચી ગઈ અને તેમણે તફસીરની પંક્તિઓ જેમની તેમ વાંચી સંભળાવી અને પોતાની તરફથી એમ પણ કહ્યું કે 'કોણ કહે છે કે કલામ મજીદમાં મુતાકા (અસ્થાયી નિયોગ જેવી વ્યવસ્થા)ની આજ્ઞા નથી ! આ સાંભળતા જ આખો સભામંડપ તાલીઓના ગડગડાટથી ગુંજી ઉઠયો અને સભા વિસર્જિત થઈ.

## જીવનનું છેલ્લું ભાષણ

હવે પંડિતજી બહારની યાત્રાઓ ઓછી કરી લાહોરમાં ઋષિ દયાનંદનું જીવન લખવા મથી પડયા હતા. ચોથી માર્ચે તેમણે પોતાનાં જીવનનું છેલ્લું ભાષણ મુલતાનમાં દીધું. અહીંના મુસલમાન વિદ્વાનોને શાસ્ત્રાર્થનું આહ્વાન કર્યું, પરંતુ તેઓએ જણાવ્યું કે પં.લેખરામ બડા આલિમ છે, અમે તેની સામે શું વાદવિવાદ કરવાના ? અહીં ના શીખોને કોઈએ ભડકાવ્યા કે પંડિત લેખરામે ગુરુ નાનકને મુસલમાન કહ્યા છે. આથી શીખોની ઉત્તેજિત ભીડ હાથમાં લાઠીઓ લઈ જમા થઈ ગઈ. સાંજના સાત વાગે પંડિતજી ભાષણ કરવા ઊભા થયા. પોતાનાં ભાષણમાં તેમણે આર્યાવર્તની અધોગતિનું માર્મિક ચિત્ર ખેંચ્યું અને પરસ્પરના દ્વેષથી દેશને કેવી મહાન હાનિ પહોંચી છે તેનો ચિતાર આપ્યો. તેમણે બતાવ્યું કે મહમૂદ અને અલાઉદ્દીનની જીત પાછળ આપણા કેટલાક પામર જીવોનો સ્વાર્થ જ જવાબંદાર હતો. અનેક દ્રષ્ટાંતો ટાંકી વિષ્ણુ બાબા, મુન્શી ઇન્દ્રમણિ અને મહર્ષિ દયાનંદે દાખવેલી હિંમતનો ઉલ્લેખ કરી જણાવ્યું કે આવા લોકોએ

વિરોધીઓના આક્રમણોથી આર્યજાતિને બચાવવા કેટલી કોશિશો કરી છે. પછી મીરજા ગુલામ અહમદે લખેલું **'સતવચન'** નામનું પુસ્તક ઉઠાવી તેમાં જ્યાં ગુરુ નાનકદેવને મુસલમાન કહેવામાં આવ્યા હતા એ પંક્તિઓ વાંચી સંભળાવી ચોમેર દષ્ટિપાત કરતા કહ્યું કે 'જો કોઈ ખાલસા બહાદુર મોજૂદ હોય તો આપે આ પુસ્તકનો જવાબ' પછી 'લાલા કાશીરામ' વગેરેના જવાબમાં 'અન્ગી ફોબિયા' નામનું પુસ્તક બતાવી પૂછ્યું કે 'જે કલ્યાઈ સાહેબોએ ગુરુ નાનકની વિરૂદ્ધમાં આવું પુસ્તક છપાવ્યું છે, શું હવે એ લોકો ગુરુ નાનકના પવિત્ર આચરણ પર લગાવવામાં આવેલા કલંકને દૂર કરી શકે છે' પછી જોરદાર તર્ક પ્રમાણે પ્રસ્તુત કરી પંડિતજીએ સિધ્ધ કર્યું કે ગુરુ નાનક મુસલમાન નહોતા. ભાષણના અંતે કોઈ બોલ્યું કે 'પંડિતજીએ ગુરુ નાનક મુસલમાન નહોતા એ તો કહ્યું, પણ એ હિંદુ હતા એવું તો નહિં કહ્યું કુટિલતાથી કહેવામાં આવેલ આ વાતનો તુરંત જ જવાબ આપતા હાજરજવાબી પંડિતજી બોલ્યા કે 'જુઓ, બાબા નાનકદેવ સ્વંય શું કહે છે-

**હિન્દૂ અન્હા અન્ધા તુર્કો કાણા ।**
**દોહાં વિચ્ચો જ્ઞાની સ્યાણા ॥**

અર્થાત્ નાનકજી જ્ઞાની અર્થાત્ આર્ય હતા, ગુલામ હિન્દુ નહોતા.'

## બલિદાન

મીરજા ગુલામ અહમદ પાસે આર્ય પથિક પં. લેખરામજીની જબરજસ્ત યુક્તિઓનો કોઈ જ જવાબ ન રહ્યો એટલે એ ધમકીઓ પર ઉતરી આવ્યો. મુબાહિસા(વાદવિવાદ)નું મેદાન છોડી હવે એ મુબાહિલા (શ્રાપની વર્ષા) ઉપર ઉતરી આવ્યો. તેણે એવી ભવિષ્યવાણી કરેલી કે જો હું સાચો અને લેખરામ જુઠ્ઠો હોય તો એક જ વર્ષમાં એ કાફર ઉપર ખુદાનો માર પડશે. આના જવાબમાં પં. લેખરામજીએ એવા આશીર્વાદ દીધા કે ઈશ્વર કરે કે મીરજા જુઠ ત્યજી સત્યને માર્ગે આવે. મીરજાએ જે ભવિષ્યવાણી કરેલી એની પૂર્તિ માટે તેણે કોઈ જ કસર બાકી ન રાખી.

પંડિતજીના બલિદાનની ઘટનાનું સંક્ષિપ્ત અને હૃદયસ્પર્શી વર્ણન આર્યસમાજના મનીષી વિદ્વાન અને આર્ય પ્રતિનિધિ સભા પંજાબના ઈતિહાસના યશસ્વી લેખક પં. ચમૂપતિએ આ મુજબ કર્યું છે-

માર્ચ ૧૮૯૭ના આરંભમાં એક કદરૂપો મુસલમાન પંડિતજીની પાસે

શુદ્ધિ માટે આવ્યો. તેમણે એને વિશ્વાસપૂર્વક પોતાની પાસે રાખી લીધો. કંઈ જ ખાસ પૂછપરછ ન કરી દિવસ દરમિયાન એ એમની સાથે રહેતો અને રાતનો બીજે ક્યાંક જતો રહેતો. પંડિતજી એ પણ જાણતા નહોતા કે રાતનો એ ક્યાં રહે છે. છઠ્ઠી માર્ચે એ ધાબળો ઓઢીને આવ્યો અને ધ્રૂજવા લાગ્યો. પૂછયું તો કહ્યું કે તાવ અને પેટમાં દર્દ થાય છે. પંડિતજી એને ડૉકટરે પાસે લઈ ગયા. ડૉકટરે ધાબળો ઉતારી લેપ કરવાનું કહ્યું, પરંતુ એણે પીવાની દવા માંગી. તેમણે એવી પીવાની દવા દીધી. એક કાપડિયાની દુકાને સાથે લઈ જઈ માતાજીને બતાવવા કપડું લઈ દીધું. કાપડિયાએ સાવધાન કર્યા કે આ ભયંકર આકૃતિનો માણસ મૃત્યુની મૂર્તિ જેવો દેખાય છે. પરંતુ પંડિતજી તો આજ સ્વંય મૃત્યુને જ પ્રેમ કરવા નીકળ્યા હતા. યમના દૂતને જ ક્યારનું ઘર પર આમંત્રણ દઈ રાખ્યું હતું. એને જ તેઓ જાણે કે સદ્ધર્મનો પિપાસુ માની બેઠા હતા.

ઘરે પહોંચી પંડિતજી ઋષિ દયાનંદનું જીવન લખવા બેઠા. પેલો પણ બાજુમાં એક ખુરશી હતી તેની ઉપર બેસી ગયો. જેવી પંડિતજીએ થાકીને પેન નીચે મૂકી અને છાતી બહાર કાઢી આળસ મરડી, ત્યાં તો પેલા મહાવરાવાળા હત્યારે ત્યાં જ છરી કાઢી તેમના પેટમાં ઘૂસાડી દીધી અને આમતેમ ઘૂમાવી એક આંતરડું તો કાપી જ નાખ્યું અને આઠ મોટા અને અનેક નાના ઘા કરી દીધા. પંડિતજીએ એક હાથથી પોતાનાં આંતરડાં સંભાળ્યા અને બીજા હાથથી ઘાતકને પકડ્યો. આ ખેંચતાણ અને ઝપાઝપી કરતા સીડીઓ સુધી પહોંચી ગયા. લક્ષ્મીદેવીએ પહોંચી તેમને રસોડામાં ધકેલી દીધા અને વૃધ્ધ માતાએ ઘાતકને જઈ પકડ્યો. પરંતુ એટલામાં હત્યારાના હાથમાં વેલણ આવી ગયું. જેની બે ચોટોથી તેણે માતાજીને બેહોશ કરી નીચે પાડી દીધી, અને એ ત્યાંથી પલભરમાં પલાયન થઈ ગયો.

આવી ઘાયલ હાલતમાં પંડિતજીને હૉસ્પિટલમાં લઈ જવાયા ત્યાં પણ એમનો પ્રભુ પર વિશ્વાસ અને અતૂટ ધીરજ ખૂટયા કે તૂટ્યા નહોતા. ગાયત્રી અને 'વિશ્વાનિ દેવ' ના મંત્રોનો પાઠ જ કરતા રહ્યા. મરતે દમ ન તો માતાની ચિંતા હતી કે ન તો વહાલી લક્ષ્મીની, ચિંતા હતી તો ફક્ત એ વાતની જ હતી કે **'આર્યસમાજમાં તહરીર(લેખન)નું કામ બંધ નહિ થવું જોઈએ.'** આવું કહી રાતના બે વાગે શરીર છોડી દીધું.

વીરની શ્મશાનયાત્રામાં હજારો મનુષ્યોનો મહેરામણ ઊમટ્યો

હતા લાહોરનાં સ્ત્રીપુરુષો આ નીડર યુવકના બલિદાનથી અત્યંત ક્ષુબ્ધ હતાં. જમીન પર બધે ફૂલને ફૂલ દેખાતા હતાં. ગુલાબનાં પાણીનાં શીશાઓના શીશાઓ વહેવડાવી દેવાયા. આર્યજાતિમાં એક નવી સ્ફૂર્તિ હતી, નવો આવેશ હતો. એવું લાગતું હતું કે એક ધર્મવીરનાં બલિદાને સંપૂર્ણ જાતિને નવું જીવન પ્રદાન કરી દીધું છે. પવિત્રતાનો સંમદર લહેરાતો હતો. ઉત્સાહ માતો નહોતો. સાહસનું જાણે કે પૂર આવ્યું હતું. જ્યાં જુઓ ત્યાં કર્મઠતાપૂર્ણ વૈરાગ્ય જોવા મળતો હતો.

શ્મશાનભૂમિનું અદ્‌ભુત દશ્ય હતું. શહીદની ચિતાગ્નિએ જાણે સર્વે આર્યોના પરસ્પર ભેદોને ભસ્મીભૂત કરી દીધા હતા. સૌના મનમાં જે ભાવ હતો એને લાલા મુન્શીરામજીએ પોતાનાં ભાવુકતાસભર ભાષણમાં આ શબ્દોથી પ્રગટ કર્યો હતો- આઓ, આપણે સૌ આ વીરની ચિતા પાસે ઊભા રહી એ પ્રતિજ્ઞા કરીએ કે અંદરોઅંદરની ફૂટ દૂર કરી આપણે સૌ સાથે મળીને પ્રેમપૂર્વક કાર્ય કરીશું. શ્મશાનભૂમિનાં ભાષણમાં પંડિતજીનું આ વાક્ય સૌને સંભળાવવામાં આવ્યું કે **'મારી પાછળ તહરીરનું કામ બંધ નહિ થવું જોઈએ'.**

### ઈશારો

*પંડિતવર લેખરામ ગજબની તારી લેખની*
*ચાલી કે તોડે તુરત પાખંડ કેરી ટેકરી.*
*અહમદિયા મીરજા કરે જો આસમાની વાયદા,*
*તો તું ઉડાવે કાદિયાનમાં જઈ એના વાયદા.*
*ભમ્યો નગર નગર તું ઋષિગાથાની ખોજમાં,*
*આપદા વિપદાની મધ્યે રહ્યો સદા તું મોજમાં.*
*વેદપ્રેમી વેદરાહી વિપ્રકુળનો તું સિતારો,*
*ઝળહળી ડૂબી ગયો તું દઈ શહાદતનો ઈશારો.*

-ભાવેશ મેરજા

**मरके प्यारा पथिक वह अमर हो गया ।**
**मौत रो-रोके हाथों को मलती रही ॥**